અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ ઓક્ટોબર ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો અમાસ | અંક : ૯૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ભારતે બાંગ્લાદેશને દોઢ દિવસમાં જ હરાવ્યું: કાનપુરમાં ૭ વિકેટથી જીત મેળવી

### ટીમ ઈન્ડિયા માટે યશસ્વી જયસ્વાલે બંને દાવમાં અડધી સદી ફટકારી હતી બોલિંગમાં જસપ્રીત બુમરાહે સૌથી વધુ ૬ વિકેટ લીધી હતી



। (એજન્સી) નવીદિલ્હી, તા.૧ ।

ભારતે કાનપુર ટેસ્ટમાં જીત મેળવી છે. મેચના પાંચમા દિવસે ભારતે સાત વિકેટથી જીત મેળવી હતી. કાનપુર ટેસ્ટમાં ભારતને જીતવા માટે ૯૫ રનનો સ્કોર મળ્યો હતો પરંતુ રોહિત શર્મા (૮) રનના રૂપમાં ભારતીય ટીમને પહેલો ઝટકો મેહદી હસન મિરાજે આપ્યો હતો. આ પછી આવેલા શુભમન ગિલ (૬)એ આવતાની સાથે જ સિક્સર ફટકારી હતી, પરંતુ એલબીડબ્લ્યૂ આઉટ થયો હતો. કાનપુરમાં રમાયેલી શ્રેણીની બીજી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાએ બાંગ્લાદેશને ૭ વિકેટે હરાવીને ૨-૦થી ક્લીન સ્વીપ કર્યું હતું. કાનપુરમાં રમાયેલી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાએ રોમાંચક જીત મેળવી હતી. લગભગ ત્રણ વખત વરસાદને કારણે મેચમાં વિક્ષેપ પડ્યો હતો. જેના કારણે ચાહકોને એવું લાગવા લાગ્યું હતું કે આ મેચનું પરિણામ ડ્રો સિવાય બીજું કંઈ નહીં હોય પરંતુ ભારતે ટી-૨૦ સ્ટાઈલમાં બેટિંગ કરી મેચ જીતી લીધી હતીટીમ ઈન્ડિયા માટે યશસ્વી જયસ્વાલે બંને દાવમાં અડધી સદી ફટકારી હતી. બોલિંગમાં જસપ્રીત બુમરાહે સૌથી વધુ ૬ વિકેટ લીધી હતી. બુમરાહે બંને ઈનિંગ્સમાં ૩-૩ વિકેટ લીધી હતી. ૨૭ સપ્ટેમ્બરથી શરૂ થયેલી મેચમાં ટીમ ઈન્ડિયાએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. મેચના પહેલા જ દિવસે વરસાદ વરસ્યો હતો. જેના કારણે મેચ એક કલાક મોડી શરૂ થઈ. આ ઉપરાંત લંચ બ્રેક દરમિયાન પણ વરસાદ જોવા મળ્યો હતો. પ્રથમ દિવસે માત્ર ૩૫ ઓવર જ રમાઈ શકી, જેમાં બાંગ્લાદેશે ત્રણ વિકેટે ૧૦૭ રન કર્યા હતા. ત્યારબાદ બીજો દિવસ વરસાદમાં સંપૂર્ણપણે ધોવાઈ ગયો હતો. આ પછી ચાહકોને આશા હતી કે તેઓ ત્રીજા દિવસે રમત જોવા મળશે, પરંતુ એવું થયું નહીં અને ત્રીજો દિવસ પણ વરસાદના કારણે એકપણ બોલ



ફેંકાયા વિના ધોવાઈ ગયો હતો. મેચના ચોથા દિવસે ભારતીય ટીમે બાંગ્લાદેશને ૨૩૩ રનમાં ઓલઆઉટ કરી દીધું. પછી તે જ દિવસે તેની પ્રથમ ઈનિંગમાં ૨૮૫ રન કરી દાવ ડિક્લેર કરી લીધો હતો. ટીમ ઈન્ડિયાએ પ્રથમ દાવમાં ૫૨ રનની લીડ મેળવી હતી. ભારત માટે આ ઈનિંગમાં યશસ્વી જયસ્વાલે ૧૨ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી સૌથી વધુ વ્યક્તિગત ૭૨ રન બનાવ્યા હતા. આ સિવાય કેએલ રાહુલે ૭ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૬૮ રન બનાવ્યા હતા. ત્યાર બાદ પાંચમા દિવસે તેની બીજી ઈનિંગમાં બાંગ્લાદેશ પ્રથમ સેશનમાં માત્ર ૧૪૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી અને ભારતને માત્ર ૯૫ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ટીમ ઈન્ડિયાએ બીજા સેશનમાં જ નાના લક્ષ્યાંકને ૩ વિકેટના નુકસાને વિજય હાંસલ કર્યો હતો. આ દરમિયાન જયસ્વાલે ૪૫ બોલમાં ૮ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૫૧ રનની સૌથી મોટી ઈનિંગ જોવા મળી હતી.

આ પદની કમાન પૂર્વ રક્ષા મંત્રી અને તેમની જ પાર્ટીના નેતા શિગેરુ સંભાળશે

## જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદાએ તેમની કેબિનેટ સહિત રાજીનામું આપ્યું

### જાપાનમાં સત્તા પરિવર્તન બાદ પણ ભારત અને જાપાન વચ્ચેના સંબંધો મજબૂત રહેશે



। (એજન્સી) જાપાન, તા.૧ ।

ભારતના મિત્ર અને જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદાએ PM પદ પરથી રાજીનામું આપી દીધું છે. કિશિદાની સાથે તેમની આખી કેબિનેટે પણ રાજીનામું આપી દીધું હતું. આ પછી તરત જ શિગેરુ કિશિદા વડાપ્રધાન તરીકે શપથ લઈ શકે છે. જાપાનના મુખ્ય કેબિનેટ સચિવ યોશિમાસા હયાશીએ કિશિદા અને તેમની કેબિનેટના રાજીનામાની પુષ્ટિ કરી છે. કિશિદાનો કાર્યકાળ ત્રણ વર્ષ સુધી ચાલ્યો હતો, પરંતુ ભ્રષ્ટાચારનો આરોપ લાગતા તેમને પદ છોડવું પડ્યું હતું. ભ્રષ્ટાચારના અનેક ગંભીર આરોપોને કારણે કિશિદા અને તેમના કેબિનેટ મંત્રીઓને રાજીનામું આપવાની ફરજ પડી છે. હવે જાપાનમાં નવા વડાપ્રધાનની નિમણૂક અને પછી નવી સરકારની રચનાથી ભારત સહિત સમગ્ર એશિયા પર નવી અસર પડશે. તેથી, શિગેરુ ઈશીબા કોણ છે તે વિશે જાણવું મહત્વપૂર્ણ છે. તમને જણાવી દઈએ કે જાપાનના મુખ્ય કેબિનેટ સચિવ યોશિમાસા હયાશીએ આજે આ જાહેરાત કરી અને કહ્યું કે કિશિદા અને તેમના મંત્રીઓએ મંગળવારે કેબિનેટની બેઠકમાં તેમના રાજીનામા સુપરત કર્યા. આ પછી શિગેરુ કિશિદા માટે વડાપ્રધાન બનવાનો રસ્તો સાફ થઈ ગયો છે. શિગેરુ કિશિદા શુક્રવારે સત્તાધારી લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના નેતા તરીકે ચૂંટાયા હતા. જેથી તે કિશિદાનું સ્થાન લઈ શકે. કિશિદાએ તેમના ત્રણ વર્ષના કાર્યકાળના અંતે ઓગસ્ટમાં રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. સંસદમાં આજે મતદાન થયા પછી, ઈશિબાનું વડા પ્રધાન બનવું નિશ્ચિત છે, કારણ કે તેમની પાર્ટીના શાસક ગઠબંધન પાસે સંસદમાં બહુમતી છે.

સાંજે ૫ વાગ્યા સુધી ૬૫.૪૮ ટકા મતદાન

## જમ્મુ-કાશ્મીરમાં ત્રીજા અને છેલ્લા તબક્કાની ચૂંટણીનું મતદાન પૂર્ણ

### કેન્દ્રશાસિત પ્રદેશના ૩૯.૧૮ લાખથી વધુ મતદારો ૪૧૫ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે

। જમ્મુ-કાશ્મીર, તા.૧ ।

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને છેલ્લા તબક્કાનું મતદાન આજે પૂર્ણ થયું છે. સાંજે ૫ વાગ્યા સુધી ૬૫.૪૮ ટકા મતદાન થયું હતું. કેન્દ્રશાસિત પ્રદેશના ૩૯.૧૮ લાખથી વધુ મતદારો ૪૧૫ ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. આ ઉમેદવારોમાં બે પૂર્વ ઉપમુખ્યમંત્રી તારા ચંદ અને મુઝફ્ફર બેગનો પણ સમાવેશ થાય છે. જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ના ત્રીજા તબક્કાનું મતદાન મંગળવારે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું. આ તબક્કામાં સાત જિલ્લાની ૪૦ બેઠકો માટે મતદાન કરવામાં આવ્યું હતું. આ સાથે ત્રીજા તબક્કામાં ૪૧૫ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું હતું. ત્રીજા રાઉન્ડમાં સૌથી વધુ ૧૧ બેઠકો જમ્મુ જિલ્લામાં હતી. ત્યાર બાદ બારામુલ્લામાં ૭, કુપવાડા અને કઠુઆમાં ૬-૬, ઉધમપુરમાં ૪ અને બાંદીપોરા અને સાંબામાં ૩-૩ વિધાનસભા બેઠકો હતી જ્યાં મંગળવારે મતદાન થયું હતું.

## આઇફોન માટે બે માણસોએ ડિલિવરી બોયની કરી હત્યા

। (એજન્સી) લખનૌ, તા.૧ ।

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આઈફોન માટે બે માણસોએ ડિલિવરી બોયની હત્યા કરી. લખનૌના ચિન્હાટ વિસ્તારના રહેવાસી ગજાનને ફ્લિપકાર્ટ પરથી લગભગ ૧.૫ લાખ રૂપિયાનો આઈફોન ઓર્ડર કર્યો હતો. આ ચૂકવવા માટે તેણે કેશ ઓન ડિલિવરીનો વિકલ્પ પસંદ કર્યો હતો. આ ઘટના ૨૩ સપ્ટેમ્બરે બની હતી. ૨૩ સપ્ટેમ્બરના રોજ ડિલિવરી બોય આઈફોન ડિલિવરી કરવા ગજાનનના ઘરે પહોંચ્યો હતો. આ પછી ગજાનન અને તેના સાથીઓએ ડિલિવરી બોય ભરત સાહુનું ગળું દબાવી હત્યા કરી હતી.

થાઈલેન્ડના બેંગકોંગમાં મોટી દુર્ઘટના

## બેંગકોંગમાં ૪૪ લોકોને લઈ જતી સ્કૂલ બસમાં આગ લાગતાં ૨૦ થી વધુ લોકોના મોત

### મૃતકોના પરિવારોને વળતર આપવાની થાઈલેન્ડના વડાપ્રધાને જાહેરાત કરી

। (એજન્સી) થાઈલેન્ડ, તા.૧ ।

થાઈલેન્ડના બેંગકોંગમાં ૪૪ લોકોને લઈ જતી સ્કૂલ બસમાં આગ લાગતાં મોટી દુર્ઘટના ઘટી છે. જેના લીધે ૨૫ બાળકોના મોત નીપજ્યા હોવાની આશંકા છે. મૃત્યુ આંકડો વધવાની શક્યતા છે. મંગળવારે બસ કેન્દ્રીય ઉથાઈ થાની પ્રાંતમાંથી અયુથયા જઈ રહી હતી, ત્યારે બપોરે ૨ વાગ્યાની આસપાસ પથુમ થાનીમાંથી પસાર થતી વખતે બસના આગળના હિસ્સામાં આગ લાગી હતી. આગ એટલી ભયજનક હતી કે, બચાવ કામગીરી કરી રહેલા લોકોને બસમાં પ્રવેશવા મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ દુર્ઘટના સમયે ત્રણ શિક્ષકો અને ૧૬ બાળકો બહાર નીકળવામાં સફળ રહ્યા હોવાનું મીડિયા રિપોર્ટ્સ પરથી જાણવા મળ્યું છે. જો કે, તેમને નાની-મોટી ઈજાઓ થઈ છે. ડ્રાઈવર પણ બચી ગયો હતો. પરંતુ તે ઘટનાથી ડરી જતાં ભાગી ગયો હતો. પરિવહન મંત્રી સૂર્યા જુંગરૂંગરૂંગકિટે જણાવ્યું કે, મંગળવારે બસ કેન્દ્રીય ઉથાઈ થાનીમાંથી વિદ્યાર્થીઓને અયુથયાની ટૂર પર લઈ જઈ રહી હતી. ત્યારે તેમાં અચાનક ટાયર ફાટતાં આગ લાગી હોવાનું પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે. હજી વાસ્તવિક કારણ જાણવા મળ્યું નથી. થાઈલેન્ડના વડાપ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ લખી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર આપવાં અને તમામ ખર્ચની વ્યવસ્થા કરવામાં આવી છે અને મૃતકોના પરિવારોને વળતર પણ આપશે.

## છત્તીસગઢમાં બલરામપુર જિલ્લામાં ૩૦ ગામમાં ૧૦ કરોડની છેતરપિંડી

### આ છેતરપિંડી ANTOFAGASTA PLC એપ દ્વારા કરવામાં આવી છે, જેને ઇન્સ્ટોલ કરીને લોકોએ હજારોથી લાખો રૂપિયાનું રોકાણ કર્યું હતું

। (એજન્સી) છત્તીસગઢ, તા.૧ ।

છત્તીસગઢના બલરામપુર જિલ્લામાંથી છેતરપિંડીનો મોટો મામલો સામે આવ્યો છે. ૩૦ ગામના લોકો વધુ વળતરની લાલચમાં કરોડો રૂપિયાની છેતરપિંડીનો ભોગ બન્યા હતા. આ છેતરપિંડીમાં લોકોએ ૧૦ કરોડ રૂપિયા ગુમાવ્યા. આ છેતરપિંડી ANTOFAGASTA PLC એપ દ્વારા કરવામાં આવી છે, જેને ઈન્સ્ટોલ કરીને લોકોએ હજારોથી લાખો રૂપિયાનું રોકાણ કર્યું હતું. લાખો રૂપિયા ફસાયા બાદ એપમાંથી પૈસા ઉપાડવાનું બંધ કરાયું હતું. એપ રીસ્ટાર્ટ કરવાના નામે ૮૪૦૦ રૂપિયા વધુ માંગવામાં આવ્યા હતા. આ પછી ૫૦થી વધુ લોકોએ ચલગલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બલરામપુર એસપીએ કહ્યું કે આ મામલે તપાસ બાદ કાર્યવાહી કરવામાં આવશે. આ એપમાં રોકાણની શરૂઆત એક યુવકે કરી હતી જે ચેન્નાઈમાં મજૂર તરીકે કામ કરવા ગયો હતો. ૬૦૦ રૂપિયાના પ્રારંભિક રોકાણ પછી, જ્યારે તેના ખાતામાં દરરોજ ૧૨ રૂપિયા આવવા લાગ્યા, ત્યારે તેણે તેના મિત્રો અને સંબંધીઓને તેની જાણ કરી. પ્રાપ્ત માહિતી અનુસાર, ANTOFAGASTA PLC એપ ગૂગલ પ્લે સ્ટોરમાં નથી. લોકો APK લિંક દ્વારા આ એપમાં જોડાયા અને મોટી સંખ્યામાં લોકોએ પૈસા જમા કરાવ્યા. ગામના લોકોએ ૨૦ હજારથી સાત લાખ રૂપિયાનું રોકાણ કર્યું છે. જેમાં આંગણવાડી કાર્યકરો, હેલ્પર, શિક્ષકો અને મોટાભાગના ખેડૂતોનો સમાવેશ થાય છે. શરૂઆતમાં થોડા દિવસ ખાતામાં પૈસા આવ્યા. બાદમાં ઉલ્લેખિત ડિવિડન્ડની રકમ એપમાં જ જમા કરવામાં આવશે. થોડા દિવસો પછી, તકનીકી ખામીને ટાંકીને એપ્લિકેશન દ્વારા તમામ પ્રકારના ઉપાડ બંધ કરવામાં આવ્યા હતા. કેટલાક લોકોએ ૮૪૦૦ રૂપિયા જમા કરાવ્યા, પરંતુ તે પછી પણ ઉપાડ ન થયો અને પછી લોકોને ખબર પડી કે તેમની સાથે છેતર પિંડી થઈ છે. આ વિસ્તારમાં એપ કે કંપનીનો કોઈ એજન્ટ નથી. લોકો એપ ના કસ્ટમર કેરમાંથી સીધા જ મેસેજ મેળવતા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે, ગામના લોકોએ વધારે રિટર્નના લાલચમાં પીએમના નિવાસ માટે મળેલી રકમનું પણ રોકાણ કર્યું.



## ન્યૂઝ બ્રિફ

### ગરબા મહોત્સવના આયોજકોને ફૂડ સ્ટોલ માટે લાયસન્સ લેવું ફરજિયાત

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદમાં નવરાત્રિ દરમિયાન યોજવામાં આવતા ગરબા મહોત્સવમાં તમામ ફૂડ સ્ટોલોને લાયસન્સ ફરજિયાત કરવામાં આવ્યા છે. ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ મુજબ તમામ ખાણી-પીણીના સ્ટોલ ધોરકોને લાયસન્સ લેવુ ફરજિયાત કરવામાં આવ્યું છે. છસ્ઝ પાસેથી તમામ ગરબા મહોત્સવના આયોજકોને ફૂડ સ્ટોલ માટે લાયસન્સ લેવું ફરજિયાત કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, નવરાત્રિ દરમિયાન ગરબા પાર્ટી પ્લોટમાં ગરબા રસિકો ફૂડ પણ આરોગતા હોય છે ત્યારે ફૂડની ક્વોલિટી જળવાઈ રહે જેને લઈ આ લોકોના આરોગ્ય હિતકારી નિર્ણય લેવામાં આવ્યો છે. નવરાત્રિ દરમિયાન છસ્ઝનું ફૂડ વિભાગ ગરબા પાર્ટી પ્લોટમાં ચેકિંગ કરશે. સાથો સાથ ફુડ જો લાયસન્સ નહીં મેળવેલું હશે તો કાર્યવાહી પણ કરવામાં આવશે. હેલ્થ એન્ડ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના ચેરમેન જશુભાઈ ઠાકોરએ જણાવ્યું કે, લોકોને ચોખ્ખું ખોરોક મળી રહે જેને લઈ આ લાયન્સસ પ્રક્રિયાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### અમદાવાદમાં ચાલતા કેનેડા મોકલવાના કૌભાંડનો પર્દાફાશ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદના મકરબા વિસ્તારમાં કેનેડાના વિઝા આપવાને બહાને કરાતા કૌભાંડનો પોલીસે પર્દાફાશ કર્યો છે. જેમાં મકરબા વિસ્તારમાં આવેલી એક ઈમીગ્રેશન ઓફિસના સંચાલકોએ સ્કીલના આધારે કેનેડાના વિઝા અપાવવાનું કહીને અનેક લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરી હોવાનું બહાર આવ્યું છે. જેમાં એક મહિલાને નાણાં લેવાની સાથે તેમના અસલી પાસપોર્ટ અને દસ્તાવેજો લઈને ધમકી આપવામાં આવી હતી. આ મામલે સરખેજ પોલીસે તપાસ હાથ ધરી છે. ઈમીગ્રેશન ઓફિસના સંચાલક કેનેડાના નાગરિક હોવાનું જાણવા મળ્યું છે. શહેરના બોપલ વિસ્તારમાં રરહેતી એક મહિલા સલૂન ચલાવે છે. તેમને સલૂનના સ્કીલ બેઝ્ડ પર કેનેડામાં જવાનું હોવાથી મકરબામાં આવેલા આર્શીવાદ પારસ-૧ કોમ્પલેક્સમાં આવેલી પેસિફિક રીલોકેશન સર્વિસની ઓફિસ પર મળવા માટે ગયા હતા. જ્યાં સંચાલક નિતિન પાટીલ, વિજયા સાવલએ તેમને કેનેડામાં સ્કીલ આધારિત વિઝા પર સેટલ કરવા માટે ૪૫ લાખ રૂપિયા માંગ્યા હતા. જોકે આટલી મોટી રકમ ન હોવાથી મહિલા પરત ઘરે ગઈ હતી. બીજીતરફ નિતિનના માણસે મહિલાને કોલ કરીને ૩૦ લાખમાં મોકલવાનું કહીને પાસપોર્ટ આવી જાય ત્યારે ૧૫ લાખ અને બાકીના ૧૫ લાખ કેનેડામાં બિઝનેસની આવક થાય ત્યારે ચુકવી આપવાનું કહ્યું હતું.

### ગરમે ઘૂમવા માટે ખેલૈયાઓમાં અનેરો થનગનાટ । ખેલૈયાઓએ નવરાત્રિમાં ગરબે રમવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે

# અમદાવાદની બજારોમાં નવરાત્રિની રોનક, અવનવી પેટર્નના ચણિયા ચોળી અને ટેટૂનો ક્રેઝ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

મા જગદંબાના સૌથી મોટા પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે. નવલી નવરાત્રિનો પ્રારંભ આગામી ૩ તારીખથી થઈ રહ્યો છે.. નવરાત્રિમાં એક તરફ વરસાદનું વિઘ્ન છે તો બીજી તરફ ખેલૈયાઓનો ઉત્સાહ કંઈક અલગ જ છે.. નોરતાની ખરીદીથી લઈને ચણિયા ચોળી અવનવી પેટર્ન અને ટેટૂ માટે પણ અલગ જ ક્રેઝ જોવા મળી રહ્યો છે.. નોરતાને લઈને કેવી ચાલી રહી છે રાજ્યભરમાં તૈયારીનવરાત્રીના આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ખેલૈયા નવે નવ દિવસ પરંપરાગત પોશાકમાં ગરબે ઘુમવા તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.. ખાસ કરીને ચોલી-કેડીયા સહિતનુ ભાડે લેવા માટે એડવાન્સ બુકીંગ પણ યુવક- યુવતિઓ કરાવી રહ્યા છે. એક તરફ બજારોમાં ખરીદીનો માહોલ છે તો બીજી તરફ નવરાત્રિમાં યુવાઓમાં ટેટૂને લઈને અલગ જ ક્રેઝ જોવા મળી રહ્યો છે. દર વર્ષની જેમ આ વખતે પણ અમદાવાદમાં





યૂનિક ટેટૂ માટે પડાપડી થઈ રહી છે.. ટેટૂના ક્રેઝને લઈને ભીડ એટલી બધી વધી ગઈ છેકે, ટેટૂ બનાવવા માટે ૨થી ૩ દિવસનું વેઈટિંગ જોવા મળી રહ્યું છે. સારી વાત એછેકે, યુવાઓમાં સોશ્યલ મેસેજ આપતા, વિકિસત ભારત, મહિલા સુરક્ષા અને અમેરિકાની ચૂંટણીને લઈને પણ અવનવા ટેટૂનો ક્રેઝ છે. અમદાવાદની બજારોમાં નવરાત્રિની ખરીદીની ભીડ પણ જોવા મળી રહી છે.. નવરાત્રિના ચણિયાચોળી માટે વિખ્યાત લો ગાર્ડન ખાતે મોટી સંખ્યામાં લોકો ખરીદી કરવી માટે ઉમટી પડ્યા છે.. લો ગાર્ડન ખાતે વિવિધ પ્રકારના ચણિયાચોળી અને ઓર્નામેન્ટ્સની ખરીદી માટે લોકોમા ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવરાત્રિમાં માતાની આરાધના માટે ગરબાની સાથે સાથે મહિલાઓની સુરક્ષા પણ અગત્યનો મુદ્દો છે.. વિવિધ પાર્ટી પ્લોટ અને ક્લબમાં ગરબે ઘૂમવા જતા ખેલૈયાઓની સુરક્ષા માટે પોલીસ પણ સજ્જ છે. સુરતમાં મહિલા પોલીસ ખેલૈયાઓનો ડ્રેસ ધારણ કરીને ક્લબ અને પાર્ટી પ્લોટમાં મહિલાઓની સુરક્ષા કરશે. મહિલા પોલીસકર્મીને આ માટે વિશેષ સૂચના પણ આપવામાં આવી છે.. નવરાત્રિમાં મહિલાઓની સુરક્ષા માટે આ એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. તો બીજી તરફ અમદાવાદ પોલીસ દ્વારા મહિલાઓની જાગૃતિ માટે એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે. આ વીડિયોમાં અમદાવાદ પોલીસે મહિલાઓને સંદેશ આપ્યો છેકે, અજાણ્યા વ્યક્તિથી દૂર રહેવું અને અજાણ્યો વ્યક્તિ ખાવાની કે અન્ય કોઈ ચીજવસ્તુઓ આપે તો ન લેવી..

### ૫૦ ટકા જેટલી જ જ્ઞાન સહાયકોની ફાળવણી કરવામાં આવી છે

# શાળાઓને જ્ઞાન સહાયકો ન મળતા બાળકોના શિક્ષણ પર ગંભીર અસર

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

રાજ્યની શાળાઓને જ્ઞાન સહાયકો ન મળવાના લીધે શિક્ષણ પર ગંભીર અસર પડી રહી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. યોજનાના અમલીકરણ બાદ હજુ પણ અનેક શાળામાં જ્ઞાન સહાયકો મળ્યા નથી અને બીજી બાજુ પંદર દિવસ બાદ પ્રથમ સત્રાંત કસોટી શરૂ થવાની છે ત્યારે વિદ્યાર્થી પ્રથમ સત્ર શિક્ષક વગર જ ભણી પરીક્ષા આપશે તેવી સ્થિતી સર્જાઈ છે. સંચાલક દ્વારા ખાલી જગ્યા પર લાયકાત અને મેરિટના ધોરણે નિમણુંકની સત્તાની માંગણી કરી રહ્યા હોવાનું પણ જાણવા મળે છે. જેટલા જ્ઞાન સહાયકોની ફાળવણી કરવામાં આવે છે તેમાંથી ૫૦ ટકા તો હાજર થતા ન હોવાથી તે જગ્યા પણ ખાલી રહે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ દ્વારા પ્રવાસી શિક્ષક યોજના બંધ કરી ગુણવત્તાયુક્ત શિક્ષકો મળી રહે એ હેતુથી ગત વર્ષથી જ્ઞાન સહાયક યોજના લાગુ કરવામાં આવી હતી. જોકે, આ યોજનાના અમલીકરણમાં સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોના બાળકોના ભાવિ સાથે રમત થઈ રહી હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. એક બાજુ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે અને આ જગ્યાઓ પર સમયસર જ્ઞાન સહાયકોની નિમણુંક કરવામાં આવતી નથી. ઉપરાંત જે જગ્યાઓ પર નિમણુંક કરવામાં આવે છે ત્યાં જ્ઞાન સહાયકો હાજર થતાં ન હોવાનું પણ સામે આવ્યું છે. આ સ્થિતીમાં શાળાઓને અન્ય કોઈ વિકલ્પ આપવામાં આવતો ન હોવાથી શિક્ષણ પર ગંભીર અસર પડી રહી છે. સુત્રોના જણાવ્યા મુજબ, હાલની સ્થિતીમાં સ્કૂલોને પૂરતા જ્ઞાન સહાયક મળ્યા નથી અને મળ્યા છે એમાથી ૫૦ ટકા જ્ઞાન સહાયકો હાજર થયા નથી. આ સંજોગોમાં હવે વિદ્યાર્થીઓ ભણ્યા વિના જ આગામી ૧૫ દિવસમાં શરૂ થનારી શાળાકીય પરીક્ષા આપશે. આમ, પ્રથમ સત્ર પુર્ણ થવા આવ્યું છતાં ઘણી જગ્યાઓ હજુ પણ જ્ઞાન સહાયકોની નિમણુંકો થઈ ન હોવાનું જાણવા મળે છે. શાળાઓ દ્વારા આ મુદ્દે અનેક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તેમને શિક્ષકો મળતા નથી. જેથી ખાલી જગ્યા રહે ત્યાં જિલ્લામાંથી લાયકાત અને મેરીટના આધારે નિમણુકની સત્તા આપવી જોઈએ તેવી માંગણી પણ કરવામાં આવી છે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સત્ર શરૂ થયાના અંદાજે દોઢ માસ પછી શિક્ષકોની ખાલી પડેલી અંદાજે ૭ હજારથી વધુ જગ્યામાં કરાર આધારિત જ્ઞાન સહાયક ભરવા માટેની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. અરજી કરવાની જાહેરાતથી હજુ સુધી ભરતીની સંપૂર્ણ કાર્યવાહી પૂર્ણ થઈ નથી. હાલમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જેટલી જગ્યા ખાલી હતી તેના ૫૦ ટકા જેટલી જ જ્ઞાન સહાયકોની ફાળવણી કરવામાં આવી છે. એટલુ જ નહીં, જે જ્ઞાન સહાયકોની ફાળવણી કરવામાં આવી છે.

### અરવલ્લીના બાયડના અમિયાપુરનો કીસ્સો

# બોર વિના જ હેન્ડપંપ લગાવી લોકોને ઉલ્લુ બનાવવાના કારસ્તાનનો ભાંડો ફૂટ્યો

। (એજન્સી) અરવલ્લી, તા.૧ ।

અરવલ્લીના બાયડના અમિયાપુરમાં બોર વિના જ હેન્ડપંપ લગાવી લોકોને ઉલ્લુ બનાવવાના કારસ્તાનનો ભાંડો ફૂટ્યો છે. જાગૃત નાગરિકે આનો વીડિયો બનાવી પોલ ખોલી હતી. આ વીડિયમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. હેન્ડપંપ ઉંચો કરીને જોતા નીચે ખાલી સ્ટેન્ડ બનાવી દેવાયાનું સામે આવ્યું હતું. ન તો ત્યાં બોરવેલ ન હતી કે ન તો બોરવેલનો કોઈ ખાડો ખોદેલો હતો.. સ્પષ્ટ રીતે દેખાતું હતું બોરના નામ પર ઉલ્લું બનાવવા માટેજ આ હેન્ડપંપ અહીં રખાયો છે.. અમિયા પુર ગામના સરંપચ અલ્પેશ પટેલને આ મામલે પૂછતા તેમણે જણાવ્યુ હતું કે અમારા વિરોધીએ આ વીડિયો વાયરલ કર્યો છે. અને તેમાં તેમાં જે બતાવાયું છે તે બિલકુલ સાચું નથી તેમણે કહ્યું કે ગામમાં બોર કરેલો જ છે.. સાથે જ તેમણે કહ્યું કે બોર બનાવ્યો છે પરંતુ તે નિષ્ફળ ગયો છે.. બોરમાં પાણી આવ્યું નથી. તેથી જ્યા જૂની ડંકી રાખી હતી ત્યાથી વિરોધીઓએ વીડિયો બનાવ્યો હોવાનું તેમણે રટણ કર્યુ હતું.

### જૂનાગઢમાં મેઘરાજાની ધબધબાટી

# ઓઝત ડેમના દરવાજા ખોલાતા અનેક ગામો સંપર્ક વિહોણા

### સરેરાશ ચાલુ સીઝનનો અત્યાર સુધીનો ૭૧.૬૧ ઇંચ વરસાદ નોંધાયો છે જેથી લોકોનું જીવન અસ્તવ્યસ્ત જોવા મળી રહ્યું છે

। (એજન્સી) જૂનાગઢ, તા.૧ ।

જૂનાગઢ શહેરમાં ભારે વરસાદ નોંધાયો છે. જેના કારણે આખું શહેર પાણી-પાણી થઈ ગયું છે. જ્યાં જુઓ ત્યાં પાણી જ જોવા મળી રહ્યું છે.

ઢીંચણસમા પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ ઉપરવાસમાં વધુ વરસાદને કારણે ઓઝત ડેમના દરવાજા ખુલતા ઘેડ વિસ્તારમાં પાણી ફરી વળ્યા છે.જૂનાગઢના વંથલી, માણાવદર તાલુકાના ગામડાઓમાં ભારે વરસાદને લીધે અનેક મુશ્કેલીઓ સર્જાય રહી છે. કેશોદ પંથકના પણ અમુક ગામડામાં આ પ્રકારની પરિસ્થિતિને કારણે ગામ સંપર્ક વિહોણા બન્યા છે.

જેને લઈને હોસ્પિટલ સહિતની જરૂરિયાતની આવશ્યક સેવાઓ લેવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદમાં ઘેડ પંથકમાં પાણી ભરાતા સ્થાનિક લોકો દ્વારા ગામોમાં રસ્તો ઊંચો કરવા માટે માંગ કરવામાં આવી રહી છે. હાલના સમયમાં રસ્તો ખૂબ નીચો હોવાથી અવરજવર માટે લોકોને પારાવાર મુશ્કેલી સર્જાય છે. જેથી ગ્રામજનો દ્વારા રસ્તો ઊંચો કરવાની માંગ કરવામાં આવી રહી છે.

છેલ્લા ૨૪ કલાકમાં પડેલા વરસાદની સ્થિતિ જોઈએ તો જૂનાગઢમાં ૩.૬૪ ઈંચ, માણાવદરમાં ૦, વંથલીમાં ૧.૪૪ ઈંચ, ભેસાણમાં ૧.૫૨ ઈંચ, વિસાવદરમાં ૪.૪૮ ઈંચ, મેંદરડામાં ૨.૮ ઈંચ, કેશોદમાં ૧૯ મીમી, માંગરોળમાં ૦, માળિયા હાટીના ૨૧ મીમી, ગિરનાર પર્વત પર સર્વાધિક ૫.૪ ઈંચ વરસાદ નોંધાયો છે.

# હવામાન વિભાગની આગાહી : વડોદરા, ભરૂચ, સુરત અને નવસારીમાં વરસાદની આગાહી

### નવરાત્રિમાં પણ અમુક જિલ્લામાં વરસાદ પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી સાત દિવસમાં રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદ વરસશે. નવરાત્રિમાં પણ અમુક જિલ્લામાં વરસાદ પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. વડોદરા, ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, ડાંગ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, આણંદ, ખેડા, મહીસાગર, પંચમહાલ, દાહોદ, બોટાદ, ભાવનગર, અમરેલી, જુનાગઢ અને ગીર સોમનાથમાં અમુક સ્થળોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. જ્યારે નવરાત્રિમાં દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરાઈ છે. ૩ ઓક્ટોબરે ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૯૦ તાલુકામાં વરસાદ:રાજ્યમાં ફરી એકવાર મેઘરાજાની ધમાકેદાર બેટિંગ શરૂ થઈ છે. નવરાત્રિ પહેલા મેઘરાજાએ છેલ્લા ૨૪ કલાકમાં અનેક જિલ્લામાં મન મૂકીને વરસ્યા છે. રાજ્યમાં વરસાદનો વધુ એક મોટો રાઉન્ડ શરૂ થયો છે, આગામી તહેવારો સુધી ચાલી શકે છે. હવામાન વિભાગ અને હવામાનશાત્રીઓના મતે નવરાત્રીમાં પણ વરસાદ મજા બગાડી શકે છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૯૦ તાલુકામાં વરસાદ ખાબક્યો છે, જેમાં સૌથી વધુ વડોદરા અને વિસાવદરમાં સાડા ચાર ઈંચ વરસાદ ખાબક્યો છે, અચાનક પડેલા વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયા અને જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. રાજ્યમાં આ સિઝનમાં જોરદાર વરસાદ ખાબક્યો છે. આંકડા પ્રમાણે, આ વખતે રાજ્યમાં સિઝનનો ૧૩૭ ટકા વરસાદ ખાબક્યો છે.

## વિશેષ

### સ્વચ્છતા સાથે સમૃદ્ધિઃ ગુજરાતમાં ગોબર-ધન યોજના હેઠળ ૭૨૦૦થી વધુ બાયોગેસ પ્લાન્ટ કાર્યરત

# ભારત સરકારની ગોબરધન યોજના હેઠળ બાયોગેસ પ્લાન્ટ માટે પશુપાલકોને મળે છે ૩૭,૦૦૦ની સબસિડી

। (માહિતી) ગાંધીનગર ।

સ્વચ્છ ઈંધણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે ગોબરધન યોજના એટલે કે ગેલ્વેનાઈઝિંગ ઓર્ગેનિક બાયો-એગ્રો રિસોર્સીસ ધન યોજના અમલમાં મૂકી છે, જે ગ્રામીણ ક્ષેત્રે સ્વચ્છતા અને ટકાઉ વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ગોબર-ધન યોજના હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકાર બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવા માટે ૩૭,૦૦૦ની સબસિડી આપે છે. બાયોગેસ પ્લાન્ટ થકી ગ્રામ્ય વિસ્તારોને વૈકલ્પિક ઊર્જા, સ્વચ્છ વાતાવરણ, આરોગ્ય, રોજગારીના સ્ત્રોત મળી રહ્યા છે. આજે રાજ્યમાં ૭૨૦૦થી પણ વધુ બાયોગેસ પ્લાન્ટ કાર્યરત છે, જેના થકી પશુપાલકોની સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. બાયોગેસ પ્લાન્ટ્સના કારણે પરંપરાગત ઈંધણ ખર્ચની બચત સાથે લોકોના આરોગ્યમાં પણ સુધારો થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, દેશભરમાં જનભાગીદારી સાથે સ્વચ્છતા અને સફાઈ કાર્યક્રમોને વેગ આપવાના ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર સુધી 'સ્વછતા હી સેવા-૨૦૨૪' અભિયાનનો દેશવ્યાપી પ્રારંભ કરાવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતના નાગરિકોમાં 'સ્વભાવ સ્વચ્છતા-સંસ્કાર સ્વચ્છતા'ની ભાવના ઉજાગર કરવાના ઉદ્દેશથી સ્વચ્છતા હી સેવા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત રાજ્યમાં સ્વચ્છતા સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. દેશભરમાં સ્વચ્છતા હી સેવા અભિયાન ચાલી રહ્યું છે, ત્યારે ગોબરધન યોજના હેઠળ સ્થાપિત બાયોગેસ પ્લાન્ટ્સ પણ સ્વચ્છ ઈંધણ ઉત્પન્ન







કરી સ્વચ્છ પર્યાવરણમાં પોતાનો ફાળો આપી રહ્યા છે.

ગોબર (ગેલ્વેનાઈઝિંગ ઓર્ગેનિક બાયો-એગ્રો રિસોર્સિસ) ધન યોજના શું છે?

ગોબર-ધન યોજના એ ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ વ્યાપક બાયોગેસ કાર્યક્રમનો એક ભાગ છે. આ યોજના ૧ નવેમ્બર, ૨૦૧૮ના રોજ જળ શક્તિ મંત્રાલય – પેયજલ અને સ્વચ્છતા વિભાગ હેઠળ ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવી હતી. ગોબરધન યોજનાનો હેતુ કચરામાંથી કંચન એટલે કે ઢોરના છાણ, કૃષિ-અવશેષ અને અન્ય કાર્બનિક કચરાનું બાયોગેસ/સીબીજી/બાયો સીએનજીમાં રૂપાંતર કરવાનો છે. આ બાયોગેસનો ઉપયોગ રસોઈ અને વીજળી ઉત્પન્ન કરવા માટે થઈ શકે છે. ગોબરધન યોજના હેઠળ કચરાનું અસરકારક રીતે વ્યવસ્થાપન તો થાય જ છે, સાથે નવીનીકરણ ઊર્જા ઉત્પાદનને સમર્થન મળે છે, સ્વચ્છતામાં વધારો થાય છે, ખેડૂતોને આવકનો નવો સ્ત્રોત મળે છે અને ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન મળે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે વ્યક્તિ પાસે બેથી વધુ પશુધન હોવા આવશ્યક છે. બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર આપે છે ૩૭,૦૦૦ની સબસિડી બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દર યુનિટ ૩૭,૦૦૦ની સબસિડી પૂરી પાડે છે. દરેક ૨-ઘન મીટર ક્ષમતાવાળા બાયોગેસ પ્લાન્ટ માટે લાભાર્થીનો ફાળો ૫૦૦૦, કેન્દ્ર અને રાજ્ય સરકારનો ફાળો ૨૫,૦૦૦ અને મનરેગાનો ફાળો (બાયોગેસ પ્લાન્ટના ખાડા અને સ્લરી એકત્રીકરણ માટે) ૧૨,૦૦૦ નક્કી કરવામાં આવ્યો છે. એટલે કે, એક બાયોગેસ પ્લાન્ટ ૪૨,૦૦૦ના ખર્ચે તૈયાર થાય છે અને લાભાર્થીએ માત્ર ૫૦૦૦નું રોકાણ કરવાનું હોય છે. બાયોગેસ પ્લાન્ટ માટે બનાસ ડેરી, સાબર ડેરી, દૂધ સાગર ડેરી, અમુલ ડેરી અને દ્વઙ્ઘઙ્ઘમ્ને અમલીકરણ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે. ૩૩ જિલ્લાઓમાં ક્લસ્ટર/જિલ્લાદીઠ ૨૦૦ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ હેઠળ ૩૩ જિલ્લાઓમાં ક્લસ્ટર/જિલ્લાદીઠ ૨૦૦ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. રાજ્યમાં કુલ ૭૬૦૦ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવાના લક્ષ્યાંક સામે આજદિન સુધીમાં કુલ ૭૨૭૬ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨-૨૩માં આ બાયોગેસ પ્લાન્ટ માટે જિલ્લા દીઠ ૫૦ લાખ (કેન્દ્ર ૬૦% અને રાજ્ય ૪૦% રેશિયો)ની ફાળવણી કરવામાં આવી હતી. હાલ ગુજરાતમાં ગોબરધન પ્રોજેક્ટ અંતર્ગત ૯૭% વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ કાર્યરત છે. તો ગોબરધન પ્રોજેકટ અંતર્ગત ક્લસ્ટર બાયોગેસ પ્લાન્ટ અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે. જૈવિક કચરામાંથી પેદા થતા બાયોગેસનો ઉપયોગ રસોઈ માટે કરી શકાય છે અને તેનાથી ઈંધણની બચત તો થાય છે, સાથે સ્વાદમાં પણ વધારો થાય છે. સાબર ડેરીના સર્વેક્ષણ અનુસાર, ૧૦૦% પરિવારોએ એવું સ્વીકાર્યું હતું કે, બાયોગેસથી રાંધવામાં આવેલા ખોરાકનો સ્વાદ વધુ સારો છે. તો ૮૭% પરિવારોએ સ્વીકાર્યું કે, લાકડા અથવા એલપીજીની સરખામણીમાં બાયોગેસથી બનેલી રસોઈનો સમય નોંધપાત્ર રીતે ઓછો હતો. બાયોગેસથી ખોરાક રાંધવાના કારણે અન્ય એક ફાયદો એ પણ થયો છે કે, ખોરાક રાંધ્યા બાદ વાસણો સાફ કરવાનું સરળ બન્યું છે. મહત્વની વાત એ છે કે, બાયોગેસ પ્લાન્ટ્સના ઉપયોગથી સ્વાસ્થ્ય પર સકારાત્મક અસર પડી છે. બાયોગેસ પ્લાન્ટની સ્થાપના પહેલાં વ્યક્તિને રસોડામાં ધુમાડો, આંખના ચેપ, શ્વસન ચેપ, મચ્છર અને માખીઓ દ્વારા થતા રોગોનો સામનો કરવો પડ્યો હતો. જોકે, બાયોગેસ પ્લાન્ટની સ્થાપના બાદ સ્વાસ્થ્યને લગતી આ સમસ્યાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ તમામ ફાયદાઓને જોતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે વધુ ૫૦ કલસ્ટર માટે ૧૦,૦૦૦ પ્લાન્ટ સ્થાપવાની યોજના બનાવી છે.

કુદરતી રીતે પેદા થયેલા બાયોગેસના વપરાશને કારણે એલપીજી સિલિન્ડર માટેનો ખર્ચ બચ્યો છે. તો લાકડા સળગાવવાના કારણે ધુમાડાથી પેદા થતું પ્રદૂષણ પણ બંધ થયું છે. આ બાયોગેસ પ્લાન્ટમાં સ્લરી દુર્ગંધ રહિત હોય છે, જેનો ઉપયોગ સેન્દ્ગીય ખાતર તરીકે કરીને ખેડૂતો જૈવિક ખેતી કરી શકે છે. આ સેન્દ્ગીય ખાતર વેચવા માટે સહકારી મંડળી બનાવીને આવકમાં વધારો કરી શકાય છે. સ્વસહાય જૂથોની ખાદ મંડળીઓ દ્વારા બહેનો આત્મનિર્ભર બની છે અને તેમને રોજગારીનો નવો સ્ત્રોત મળ્યો છે.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનકર જમૈકાના વડાપ્રધાન એન્ડ્રૂ હોલનેસને મળ્યા.

### હવે i phone ની થઈ રહી છે દાણચોરી

# દિલ્હી એરપોર્ટ પરથી કસ્ટમ વિભાગની ટીમને એક મહિલા મુસાફરની બેગમાંથી ૨૬ આઈફોન મળ્યા

## હોંગકોંગથી દિલ્હી આવી રહેલી એક મહિલા મુસાફરને પકડવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ભારતમાં દાણચોરીની સમસ્યાને અટકાવવા માટે ભારત સરકાર અનેક પ્રયાસો કરતી આવી છે. અત્યાર સુધી મોટાભાગે મોંઘી ઘડિયાળ, સોના-હીરા સહિતના જ્વેરાતની દાણચોરી થતી હતી પરંતુ હવે સોના સમકક્ષ મોંઘાભાવના જ, પણ ધડાધડ વેચાઈ રહેલા આઈફોનની ચોરીના બનાવો પણ સામે આવી રહ્યાં છે. દિલ્હી એરપોર્ટ પર એક લાખથી મોંઘાભાવના આઈફોનની દાણચોરીનો કિસ્સો સામે આવ્યો છે. દિલ્હી એરપોર્ટ પર કસ્ટમ વિભાગની ટીમને એક મહિલા મુસાફરની બેગમાંથી ૨૬ આઈફોન મળી આવતા ખળભળાટ મચી ગયો છે. આ



મહિલા હોંગકોંગથી દિલ્હી આવી રહી હતી. કસ્ટમ વિભાગે જણાવ્યું કે, મહિલાની વેનિટી બેગમાંથી 26 iPhone 16 Pro Max મળી આવ્યા છે. આ કિસ્સો દાણચોરીનો જ જણાઈ રહ્યો છે કારણકે, આ મહામૂલા આઈફોન ટીશ્યુ પેપરમાં લપેટાયેલા મળી આવ્યા હતા. આ મામલે હાલ કસ્ટમ વિભાગના ટોચના અધિકારીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. કસ્ટમ્સ વિભાગે આ કેસ મુદ્દે એક નિવેદનમાં જણાવ્યું કે, હોંગકોંગથી દિલ્હી આવી રહેલી એક મહિલા મુસાફરને પકડવામાં આવી છે. મહિલા પોતાની વેનિટી બેગમાં ટીશ્યુ પેપરમાં લપેટીને છુપાવેલા 26 iPhone 16 Pro Max લઈને જઈ રહી હતી, જેની અંદાજિત કિંમત ૪૦ લાખ રૂપિયા આસપાસ છે. જેને લઈને મહિલાની પૂછપરછ કરવામાં આવી રહી છે. કસ્ટમ અધિકારીઓ હાલમાં દાણચોરીના આ પ્રયાસની આસપાસના સંજોગો નક્કી કરવા માટે વધુ તપાસ કરી રહ્યાં છે અને શું પેસેન્જર એકલી જ આ કામ કરી રહી હતી કે દિલ્હી અથવા અન્ય એરપોર્ટ પર પણ સમાન પ્રકારે દાણચોરીનું મોટું ઓપરેશન ચાલી રહ્યું છે તે અંગે ઉંડી તપાસમાં ઉતરી છે.

## ન્યૂઝ બ્રિફ

### સોનમ વાંગચુકની દિલ્હી પોલીસ દ્વારા સિંધુ બોર્ડર પરથી અટકાયત કરાઇ




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

સોશિયલ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની દિલ્હી પોલીસ દ્વારા સિંધુ બોર્ડર પરથી અટકાયત કરવામાં આવી છે. તેઓ તેમની ૭૦૦ કિલોમીટર લાંબી 'દિલ્હી ચલો પદયાત્રા' કાઢીને દિલ્હીમાં પ્રવેશી રહ્યા હતા. તેમણે મહાત્મા ગાંધીની સમાધિ રાજઘાટની મુલાકાત લેવાની જાહેરાત કરી હતી. વાંગચુકની સાથે લદ્દાખના લગભગ ૧૫૦ લોકો પણ હતા. આ દરમિયાન પોલીસે તેમની પણ અટકાયત કરી છે. અટકાયત બાદ વાંગચુકે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને પ્રતિક્રિયા આપી હતી. વાંગચુક કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખને છઠ્ઠી અનુસૂચિનો દરજ્જો આપવાની માંગ સાથે દિલ્હી તરફ કૂચ કરી રહ્યા હતા, જેના માટે સિંઘુ સરહદ પર મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં કલમ ૧૬૩ લાગૂ હોવા છતાં આ લોકો એકસાથે દિલ્હીની સરહદોમાં પ્રવેશી રહ્યા હતા. વાંગચુક સહિત કેટલાક પ્રદર્શનકારોને દિલ્હીના નરેલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. અટકાયત કર્યા પછી, વાંગચુકે X પર પોસ્ટ કર્યું કે, 'મારી ૧૫૦ રાહદારીઓ સાથે અટકાયત કરવામાં આવી છે. દિલ્હી બોર્ડર પર ૧૦૦ પોલીસ છે, કેટલાક લોકો કહી રહ્યા છે કે, ૧૦૦૦ પોલીસ છે. ૮૦ વર્ષથી વધુ ઉંમરના ઘણા વૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓ અને ઘણા આર્મી વેટરન્સ છે.

### વકીલો યુક્તિઓ અપનાવીને કોર્ટને ગેરમાર્ગે દોરી શકશે નહીં: CJI

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ચીફ જસ્ટિસ DY ચંદ્રચુડે આજે મંગળવારે વકીલોની નવી પ્રથા પર નારાજગી વ્યક્ત કરી છે. CJIએ ઠપકો આપતાં કહ્યું કે, "અલગ-અલગ વકીલો વારંવાર એક જ કેસને બેંચ સમક્ષ લાવે છે અને તારીખ માંગે છે. વકીલો આવી યુક્તિઓ અપનાવીને કોર્ટને ગેરમાર્ગે દોરી શકશે નહીં. મારી પોતાની વિશ્વસનીયતા દાવ પર છે. મારે દરેક માટે માનક નિયમોનું પાલન કરવું પડશે." અહેવાલ અનુસાર, CJI DY ચંદ્રચુડ, જસ્ટિસ જે.બી.પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચે વકીલની માઈનિંગ લીઝને સમાપ્ત કરવા સંબંધિત કેસની સુનાવણી કરી રહ્યા હતા. આ દરમિયાન, સુપ્રિમ કોર્ટની બેન્ચે નોંધ્યું કે, ગઈકાલે પણ આ મામલો તેમની સમક્ષ ઉઠાવવામાં આવ્યો હતો. જેથી આ અંગે નારાજગી વ્યક્ત કરતાં ચીફ જસ્ટિસે કહ્યું કે, યોગ્ય આદેશ મેળવવા માટે એક જ કેસને વારંવાર ઉઠાવવાની પ્રથા હવે બંધ કરવાની જરૂર છે. CJIએ કહ્યું કે, આ એક નવી પ્રથા થઈ ગઈ છે કે જુદા જુદા વકીલો લિસ્ટિંગ માટે એકસમાન કેસ રજૂ કરે છે અને એકવાર જજ સમક્ષ આવતા તમને કોઈ તારીખ મળી જાય છે. આ એક પ્રથા છે જે ઉભરી રહી છે. CJIએ આગળ કહ્યું કે, ચીફ જસ્ટિસ તરીકે મારી પાસે જે પણ થોડી સમજદારી છે તેનો ઉપયોગ ક્યારેય તમારા પક્ષમાં નહીં થાય.

# પોતાની દીકરીના લગ્ન, બીજાને સંન્યાસી બનવા કેમ પ્રેરણા આપો છો! આ કોર્ટના જગ્ગી વાસુદેવને તીખા સવાલ

। (એજન્સી) ચેન્નાઇ, તા.૧ ।

મદ્રાસ હાઈકોર્ટે આધ્યાત્મિક ઉપદેશ આપનારા સદ્‌ગુરુ જગ્ગી વાસુદેવ પર તીખી ટિપ્પણી કરી છે. એક કેસની સુનાવણી દરમિયાન કોર્ટે પૂછ્યું કે તમે તમારી પુત્રીના લગ્ન કરી લીધા છે અને તે સાંસારિક સુખ-સુવિધાઓથી ભરપૂર જીવન જીવી રહી છે. તો પછી તમે શા માટે અન્ય મહિલાઓને માથું મુંડાવવા અને સાધુની જેમ જીવવા માટે પ્રેરિત કરો છો.જસ્ટિસ એસએમ સુબ્રમણ્યમ અને જસ્ટિસ વી.શિવગ્નનમે એક નિવૃત્ત પ્રોફેસર દ્વારા દાખલ કરેલી અરજી પર આ પ્રશ્ન ઉઠાવ્યો હતો. પ્રોફેસરે આક્ષેપ કર્યો હતો કે મારી ઉચ્ચ શિક્ષિત દીકરીઓનું બ્રેઈનવોશ કરવામાં આવ્યું છે અને તેઓ ઈશા યોગ કેન્દ્રમાં કાયમી ધોરણે રહે છે. એટલું જ નહીં, પ્રોફેસર



એસ.કામરાજે કોર્ટમાં માંગ કરી હતી કે તેમની પુત્રીઓને વ્યક્તિગત રીતે કોર્ટમાં લાવવામાં આવે. પ્રો.કામરાજ તમિલનાડુ કૃષિ યુનિવર્સિટી, કોઈમ્બતુરમાં ભણાવે છે. તેમની માંગણી પર તેમની ૪૨ અને ૩૯ વર્ષની બંને દીકરીઓ કોર્ટમાં આવી હતી. સોમવારે સુનાવણી દરમિયાન તેમની દીકરીઓએ કહ્યું કે તેઓ પોતે ઈશા ફાઉન્ડેશનમાં રહે છે. અમને કોઈપણ પ્રકારની કસ્ટડીમાં રાખવામાં આવ્યા નથી. આ કેસ છેલ્લા એક દાયકાથી કોર્ટમાં ચાલી રહ્યો છે. આ પહેલા પણ એક વખત કેસની સુનાવણી દરમિયાન પ્રોફેસરની દીકરીઓએ કહ્યું હતું કે અમે અમારી ઈચ્છા મુજબ ઈશા યોગ કેન્દ્રમાં રહીએ છીએ. તેમના માતા -પિતાનો દાવો છે કે તેમની દીકરીઓને ઈશા યોગ કેન્દ્રમાં રાખવામાં આવી ત્યારથી તેમનું જીવન નર્ક બની ગયું છે. જો કે, ન્યાયાધીશોએ પોલીસને આ મામલે વધુ તપાસ કરવાનો આદેશ આપ્યો છે. આ સિવાય તેમને ઈશા ફાઉન્ડેશન સાથે જોડાયેલા તમામ કેસોની યાદી તૈયાર કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. આ કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ શિવગ્નનમે કહ્યું, 'અમે જાણવા માંગીએ છીએ કે જે વ્યક્તિએ તેની પુત્રી સાથે લગ્ન કર્યા અને તેને સાંસારિક સુખ-સુવિધાઓની જિંદગીમાં રાખ્યા. શા માટે તે બીજાની દીકરીઓને માથું મુંડાવવા અને સાધુ જેવું જીવન જીવવા માટે પ્રેરિત કરે છે. ઈશા ફાઉન્ડેશને કોર્ટની આ તીક્ષ્ણ ટિપ્પણીઓના જવાબમાં કહ્યું કે આ મહિલાઓ સ્વેચ્છાએ ઈશા ફાઉન્ડેશનમાં છે. તેમના પર કોઈપણ પ્રકારનું દબાણ કરવામાં આવ્યું નથી. ઈશા ફાઉન્ડેશને કહ્યું, 'અમે માનીએ છીએ કે પુખ્ત વયના લોકોને તેમની વિવેકબુદ્ધિથી કોઈપણ રસ્તો પસંદ કરવાનો અધિકાર છે. અમે કોઈના પર લગ્ન કે ત્યાગ લાદતા નથી. આ તેમની અંગત પસંદગી છે. ઈશા યોગ કેન્દ્રમાં હજારો લોકો રહે છે જેઓ સંત નથી. આ સિવાય કેટલાક એવા લોકો છે જેઓ બ્રહ્મચર્યનું પાલન કરે છે અથવા તો સંત છે. ઈશા ફાઉન્ડેશને કહ્યું કે હાલમાં અમારી સામે માત્ર એક પોલીસ કેસ છે. આ સિવાય કોર્ટે ખુદ એક પર સ્ટે મુક્યો છે.

### રાહુલ ગાંધીને માનહાનિ કેસમાં નવું સમન્સ

# લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી મુશ્કેલીમાં મુકાયા

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાની એક કોર્ટે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને આજે મંગળવારે સમન્સ પાઠવ્યું છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને હિન્દુત્વના વિચારક વિનાયક દામોદર સાવરકર વિરુદ્ધ તેમની કથિત વાંધાજનક ટિપ્પણી બદલ તેમની સામે દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસમાં સમન્સ પાઠવવામાં આવ્યું છે. આ કેસમાં નાસિકના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દીપાલી પરિમલ કડુસ્કરે ૨૭ સપ્ટેમ્બરે એક પ્રક્રિયા સમન્સ જારી કર્યું હતું. નોટિસમાં કહેવામાં આવ્યું કે, "દેશભક્ત વ્યક્તિ વિરુદ્ધ કરવામાં આવેલું નિવેદન પ્રથમ દ્રષ્ટિએ બદનક્ષીભર્યું લાગે છે." રાહુલ ગાંધીએ કેસની આગામી તારીખે રૂબરૂ અથવા તેમના કાનૂની પ્રતિનિધિ મારફત હાજર થવાનું રહેશે, જેનો નિર્ણય લેવાનો બાકી છે. આ કેસમાં ફરિયાદી, જે એક NGOના ડાયરેક્ટર છે, તેમણે દાવો કર્યો કે, "તેણે હિંગોલીમાં રાહુલ ગાંધી દ્વારા સંબોધિત કરેલી પ્રેસ કોન્ફરન્સ અને નવેમ્બર ૨૦૨૨માં કોંગ્રેસના નેતા દ્વારા આપવામાં આવેલું ભાષણ પણ જોયું હતું." તેમણે આક્ષેપ કર્યો કે, રાહુલ ગાંધીએ બંને પ્રસંગોએ તેમના શબ્દો અને દ્રશ્ય પ્રસ્તુતિઓ થકી જાણીજોઈને વીર સાવરકરની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું હતું અને સમાજમાં તેમની છબીને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે, 'પ્રેસ નિવેદનો સાથે આરોપી(રાહુલ ગાંધી)નું ભાષણ ફરિયાદી(ટ્રર્ટ ડાયરેક્ટર)ના આદર્શ સ્વતંત્રવીર સાવરકરની પ્રતિષ્ઠા અને સ્વતંત્રતા પૂર્વેના તેમના ઉમદા કાર્યો તેમજ સમાજમાં તેમના યોગદાનને કલંકિત કરવાનો પ્રયાસ કરે છે

### હરિયાણાના બહાદુરગઢમાં જનસભાને સંબોધી

# અંબાણી મેરેજ ફંક્શનનો ઉલ્લેખ કરી રાહુલ ગાંધીનો પીએમ મોદી ઉપર હુમલો

। (એજન્સી) હરિયાણા, તા.૧ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે હરિયાણાના બહાદુરગઢમાં જનસભાને સંબોધી હતી. જેમાં તેણે ભારતીય જનતા પાર્ટી અને પીએમ મોદી પર આકરા પ્રહારો કર્યા છે. તેણે કહ્યું શું તમે અંબાણીના લગ્ન જોયા છે? અંબાણીએ લગ્નમાં કરોડો રૂપિયા ખર્ચ્યા હતા. આ પૈસા કોના છે? આ તમારા પૈસા છે. તમે તમારા બાળકોના લગ્ન માટે બેંકમાંથી લોન લો છો, પરંતુ નરેન્દ્ર મોદીએ એક એવું માળખું બનાવ્યું છે કે જેના હેઠળ ૨૫ પસંદગીના લોકો લગ્નમાં કરોડોનો ખર્ચ કરી શકે છે, પરંતુ ખેડૂત દેવાંમાં ડૂબીને જ લગ્ન કરી શકે છે. આ બંધારણ પર હુમલો નથી તો શું છે? વધુમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે અમે સત્તામાં આવીશું ત્યારે ૧૨૦૦ રૂપિયામાં વેચાતો LPG ગેસ સિલિન્ડર ૫૦૦ રૂપિયામાં મળશે. રાહુલે વધુમાં કહ્યું કે અમે હરિયાણાના ખેડૂતોને MSP પણ આપીશું. કોંગ્રેસ નેતાએ કહ્યું કે બધા જાણે છે કે અહીં ડ્રગ્સનો મુદ્દો છે. હું પીએમ મોદીને પૂછવા માંગુ છું કે જ્યારે હજારો કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું ત્યારે તમે શું કાર્યવાહી કરી? કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બહાદુરગઢમાં કહ્યું, શું તમે બધા જાણો છો કે અગ્નિવીર યોજના શું છે? હું તમને કહું છું. ભારતીય સૈનિકો પાસેથી પેન્શન, કેન્ટીન અને શહીદનો દરજ્જો છીનવી લેવાનો આ એક રસ્તો છે. પહેલા સરકારી કંપનીઓ હતી, પરંતુ હવે તમામનું ખાનગીકરણ કરવામાં આવ્યું છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય સંરક્ષણ બજેટ અદાણી ડિફેન્સને આપવાનો હતો. રાહુલ ગાંધીએ કહ્યું કે હરિયાણામાં તમામ નાની પાર્ટીઓ ભાજપની બી ટીમ છે. આ લડાઈ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે છે.

### મંદિર હોય કે દરગાહ... રસ્તાની વચ્ચે અવરોધ ન બની શકે: બુલડોઝર કેસમાં SCની કડક ટિપ્પણી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

કોર્ટે મંગળવારે સાર્વજનિક સ્થળે બનેલા મંદિર, મસ્જિદ અથવા અન્ય કોઈ ધાર્મિક સ્થળને હટાવવા અંગે કડક ટિપ્પણી કરી છે. બુલડોઝર કેસમાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે, "આપણે એક ધર્મનિરપેક્ષ દેશ છીએ અને અમારા નિર્દેશો દરેક માટે સમાન હશે, પછી ભલે તે કોઈપણ ધર્મ કે સમુદાયનો હોય. કોઈ સાર્વજનિક સ્થાન કે રસ્તા પર ધાર્મિક માળખું અડચણ ન બની શકે. હાલ પૂરતું સમગ્ર દેશમાં ડિમોલિશન પર વચગાળાનો પ્રતિબંધ ચાલુ રહેશે." સુનાવણી દરમિયાન જસ્ટિસ ગવઈએ કહ્યું કે, "પછી ભલે તે મંદિર હોય, દરગાહ હોય કે અન્ય કોઈ ધાર્મિક સ્થળ. જ્યાં જાહેર સલામતીની ચિંતા હોય અને તે સ્થળ પબ્લિક પ્લેસ પર હોય, તેને દૂર કરવું પડશે. જાહેર સલામતી સર્વોપરી છે." સુનાવણી દરમિયાન જસ્ટિસ કે.વી.વિશ્વનાથને કહ્યું કે, જો બે ઉલ્લંઘનકારી માળખાં હોય અને માત્ર એક સામે જ કાર્યવાહી કરવામાં આવે તો પ્રશ્ન ઊભો થાય છે.જસ્ટિસ ગવઈએ કહ્યું કે, 'અમે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે માત્ર એટલા માટે તોડફોડ ન કરી શકાય, કારણ કે કોઈ વ્યક્તિ આરોપી અથવા દોષિત છે. ઉપરાંત, તે ધ્યાનમાં રાખવું પડશે કે ડિમોલેશન ઓર્ડર પસાર થાય તે પહેલાં મર્યાદિત સમય હોવો જોઈએ. દર વર્ષે ૪થી ૫ લાખ ડિમોલેશન કાર્યવાહી કરવામાં આવે છે. છેલ્લા કેટલાક વર્ષોનો આ આંકડો છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ વિશ્વનાથને કહ્યું કે, ભલે બાંધકામ અધિકૃત ન હોય, પરંતુ કાર્યવાહી બાદ મહિલાઓ, વૃદ્ધો અને બાળકોને રસ્તા પર જોવા સારી બાબત નથી. જો તેમને સમય મળશે તો તેઓ વૈકલ્પિક વ્યવસ્થા કરી લેશે. સોલિસિટર જનરલે કહ્યું કે, આમાંથી આપણે માત્ર ૨% વિશે અખબારોમાં વાંચીએ છીએ, જેના વિશે વિવાદ છે. આ સાંભળીને જસ્ટિસ ગવઈ હસ્યા અને કહ્યું, "બુલડોઝર જસ્ટિસ!" તેમણે કહ્યું કે, "અમે નીચલી અદાલતોને ગેરકાયદે બાંધકામના મામલામાં આદેશો પસાર કરતી વખતે સાવચેત રહેવાની સૂચના આપીશું.



નવી દિલ્હીમાં મિલિટરી નર્સિંગ સર્વિસના કર્મચારીઓએ ૯૯માં રાઇઝિંગ ડેની કેક કાપી ઉજવણી કરી.

### ટ્રેનના ટોયલેટમાંથી આવતો હતો વિચિત્ર અવાજ

# ટ્રેનના ટોયલેટમાંથી કુલ પચ્ચીસ પેકેટ ગાંજો મળ્યો

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧ ।

યાત્રીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખતા પ્રયાગરાજ મંડળમાંથી પસાર થતી ટ્રેનોની તપાસ જીઆરપી અને આરપીએફના જવાનો કરી રહ્યા હતા. ટ્રેનમાં એક કોચથી બીજા કોચ ટોયલેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન એક જવાનને ટોયલેટમાંથી અજીબોગરીબ અવાજ સંભળાતો હતો. તે ત્યાં રોકાઈ ગયો. અવાજ સતત આવી રહ્યો હતો. ત્યારબાદ તેણે ટોયલેટનો દરવાજો ખોલ્યો. ત્યાં તેને એવી વસ્તુ દેખાઈ, જેને જોઈને ચોંકી ગયા. ફટાફટ અધિકારીઓને સૂચના આપી. રેલવે સુરક્ષા



ફોર્સ, ચૂનાર દ્વારા ટ્રેન નંબર ૧૮૩૦૯ યુપી મૂરી એક્સપ્રેસ ચૂનાર પર આવતાં જ જીઆરપી અને આરપીએફ ચૂનાર સ્ટાફ દ્વારા સંયુક્ત રીતે ઓપરેશન નાર્કોસ અંતર્ગત ચેક કર્યું. ટ્રેનના S-4 અને S-5 સ્લીપર કોચના ટોયલેટના સીલિંગથી અવાજ આવતા તપાસ કરી. સીલિંગને તોડવામાં આવ્યું તો અંદરથી કુલ ૨૫ પેકેટ ગાંજો નીકળ્યો. આ ગાંજો લગભગ ૫૦ કિલોગ્રામ જેટલો હતો.

# તંત્રી લેખ...

## પાકિસ્તાને છ સરકારી વિભાગોના પાટીયા પાડી દીધા


પાકિસ્તાનની આર્થિક સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે, ઉછીના રૂપિયા લેવા માટે સરકારી વિભાગો બંધ કરી દેવા પડ્યા છે. એટલુ જ નહીં, સરકારી નોકરીની દોઢ લાખ જગ્યાએ રાતોરાત બંધ કરી દેવામાં આવી છે. આમ કરવાથી પાકિસ્તાન સરકારનો ખર્ચ બચી જશે તેમ પાકિસ્તાનની શાહબાઝ સરકારનું માનવું છે. પાકિસ્તાન સરકાર તો એવો પણ સરમુખ્ત્યાર જેવો નિર્ણય લેવા જઈ રહી છે કે, જે વ્યક્તિ પાકિસ્તાનમાં વેરો ભરતી હોય તેને જ નવુ વાહન કે મિલકત ખરીદવાની મંજૂરી આપવી. જો વેરો નહીં ભરતા હોય તેમને નવા વાહન કે મિલકત ખરીદવાની મંજૂરી નહીં આપવામાં આવે. ભૂખમરાની સ્થિતિમાં ધીમે ધીમે સરકી રહેલા પાકિસ્તાનની આર્થિક સ્થિતિ બહુ જ અત્યંત ખરાબ સ્તરે પહોંચી છે. આર્થિક સંકટથી બચવા માટે પાકિસ્તાને હવે ૧.૫ લાખ સરકારી નોકરીઓ નાબૂદ કરી દીધી છે. આ સિવાય ૬ સરકારી મંત્રાલયોને કાયમી તાળુ મારવાનો નિર્ણય કર્યો છે. પાકિસ્તાન સરકારે આવું એટલા માટે કર્યુ છે કે, જેથી સરકારી ખર્ચને અટકાવી શકાય. એટલું જ નહીં, બે સરકારી મંત્રાલયોને અન્ય વિભાગો સાથે જોડી દેવામાં આવ્યા છે. પાકિસ્તાન સરકારે IMFના ટુંકા નામે ઓળખાતા ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ પાસેથી ૭ બિલિયન ડોલરની લોન ડીલ હેઠળ આ પગલાં મજબૂર થઈને લીધાં છે. પાકિસ્તાન સતત આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે અને ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ પાસેથી લોનનો હપ્તો મળ્યા બાદ પણ તેનું સંકટ સમાપ્ત થયું નથી. હવે તે લોનનો બીજો હપ્તો મેળવવા માટે આકરા પગલાં લઈ રહ્યું છે. ઈન્ટરનેશનલ મોનિટરી ફંડે ગત, ૨૬ સપ્ટેમ્બરે પાકિસ્તાન માટે મંજૂર કરાયેલ લોનનો પ્રથમ હપ્તો જાહેર કર્યો હતો. આ અંતર્ગત ૧ અબજ ડોલરના પેકેજની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે ઈન્ટરનેશનલ મોનિટરી ફંડે પાકિસ્તાન સરકારને પોતાનો ખર્ચ ઘટાડવા, ટેક્સ વધારવા અને કૃષિ અને રિયલ એસ્ટેટ જેવા ક્ષેત્રો પર ટેક્સ લગાવવાનો આદેશ આપ્યો છે. આ સિવાય સબસિડી નાબૂદ કરવી જોઈએ અને કેટલીક યોજનાઓ પણ મર્યાદિત કરવી જોઈએ. અમેરિકાથી પરત ફરેલા પાકિસ્તાનના નાણામંત્રી મોહમ્મદ ઔરંગઝેબે કહ્યું કે ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ સાથે ડીલ કરવામાં આવી છે. આ તેની સાથે છેલ્લો સોદો હશે.

## નેશનલ કોન્ફરન્સ સાથે ગઠબંધનને કારણે કોંગ્રેસી નેતાઓ પણ અસમંજસમાં

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીઓમાં કેટલાય ઉમેદવાર એવા છે, જે કાં તો અલગતાવાદી રહ્યા છે કાં એવા સંગઠનોના સક્રિય સદસ્ય રહ્યા છે. તેમાં અનેક અપક્ષ લડી રહ્યા છે. આ અપક્ષ ઉમેદવારોના એક મોટા વર્ગનું સંચાલન એન્જિનિયર રશીદના નામે ચર્ચિત શેખ અબ્દુલ રશીદ કરી રહ્યો છે, જે દેશવિરોધી ગતિવિધિઓના આરોપમાં તિહાડ જેલમાં કેદ હતો. સુપ્રીમ કોર્ટની મહેરબાનીથી તે ચૂંટણી પ્રચાર માટે જામીન પર છૂટી ગયો. અલગતાવાદી માનસિકતાના રશીદે જેલમાં કેદ રહ્યા છતાં લોકસભા ચૂંટણીમાં પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઉમર અબ્દુલ્લાને તેમની જ પરંપરાગત સીટ બારામુલામાં મોટા અંતરથી હરાવ્યા હતા. રશીદ પર આરોપ છે કે તેણે આ ચૂંટણીઓમાં પ્રતિબંધિત જમાતે ઈસ્લામી સાથે અંદરખાને ગઠબંધન કર્યુ છે. પોતાના પ્રચાર અભિયાનમાં અનેક ઉમેદવારોએ ખૂલીને કહ્યું છે કે ચૂંટણી જીતતાં તેઓ ફરીથી કલમ ૩૭૦ લાગુ કરાવશે અને જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જાને પણ બહાલ કરાવશે. આવા ઉમેદવારોની સભાઓમાં ભેગી થતી ભીડની એક અસર એ થઈ કે સામાન્ય રીતે આતંકીઓ અને અલગતાવાદીઓના મુકાબલે મધ્યમમાર્ગી અને નરમપંથી મનાતી નેશનલ કોન્ફરન્સ અને પીડીપીએ પણ આક્રમક વલણ અપનાવી લીધું. ફારુક અબ્દુલ્લા અને મેહબૂબા મુફતીનાં ચૂંટણી ભાષણોમાં ૩૭૦ને ફરીથી લાગુ કરવા અને રાજ્યને વધુ સ્વાયત્તતા અને વિશેષ દરજ્જો અપાવવાનો વાયદો કરી રહ્યા છે. નેશનલ કોન્ફરન્સે તો પોતાના ચૂંટણી વાયદામાં એ પણ સામેલ કરી લીધું કે જો કોંગ્રેસ સાથે તેના ગઠબંધનને બહુમતી મળી તો વિધાનસભામાં ફરીથી ૨૦૦૦વાળા એ પ્રસ્તાવને પસાર કરવામાં આવશે, જેમાં રાજ્યનો ૧૯૫૧ના સ્તરવાળો દરજ્જો બહાલ કરવાની વાત કહેવામાં આવી હતી. તેમાં જમ્મુ-કાશ્મીર માટે ભારતથી અલગ પોતાના ઝંડા અને બંધારણની વ્યવસ્થા હતી. નેશનલ કોન્ફરન્સ સાથે ગઠબંધનને કારણે કોંગ્રેસી નેતાઓ પણ અસમંજસમાં છે. કોંગ્રેસ જમ્મુ ક્ષેત્રમાં તેના જેવું વલણ અપનાવવાનો ખતરો ન ઉઠાવી શકે. જમ્મુ અને કાશ્મીર ઘાટીના રાજકીય સમીકરણ એકબીજાથી ઠીક વિપરિત છે. ઓગસ્ટ ૨૦૧૯માં કલમ ૩૭૦ને રદ કરાયા બાદ જમ્મુમાં જે મોટા પાયે ઉત્સવનો માહોલ બન્યો હતો તે કોંગ્રેસી નેતાઓને યાદ જ હશે. ત્યારબાદ કેન્દ્રની નીતિઓએ જમ્મુ અને કાશ્મીર, બંને જગ્યાએ જે રીતે વિકાસના નવા દ્વાર ખોલ્યા, તેને જોતાં કોંગ્રેસ કોઈપણ હાલતમાં ૩૭૦ની વાપસી કરવાની વાત કરવાનું જોખમ ન ઉઠાવી શકે. ગયા ડિસેમ્બરમાં સુપ્રીમ કોર્ટે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને ખતમ કરીને વિશેષ દરજ્જાને સમાપ્ત કરવાના નિર્ણયને પડકાર આપતી અરજીઓને રદ કરવાની સાથે નિર્દેશ પણ આપ્યો હતો કે એક નક્કી સમયમાં વિધાનસભા ચૂંટણીઓ કરાવી લેવામાં આવે. સુપ્રીમના આ નિર્દેશ બાદ જમ્મુ-કાશ્મીરમાં શાંતિપૂર્ણ રીતે થઈ રહેલી ચૂંટણીઓથી દેશનો એક વર્ગ આશ્વસ્ત દેખાઈ રહી છે કે વિધાનસભા ચૂંટણીઓ બાદ બધું જ ઠીક થઈ જશે. લોકોને એ પણ આશા છે કે નવી વિધાનસભા ચૂંટાયા બાદ આઝાદીના પહેલા દિવસથી જ મુસીબતોમાં ઘેરાયેલા જમ્મુ-કાશ્મીરમાં શાંતિ બહાલ થઈ જશે. કાશ્મીર વિવાદને કારણે અહીંની જનતાએ જેવી મુશ્કેલીઓ જોઈ છે અને ભારત વિરોધી શક્તિઓના નેરેટિવ નિર્માણની તાકાતની આગળ વારેવારે ઘૂંટણિયે પડી જનારી કેન્દ્રીય સરકારોએ વૈશ્વિક મંચો પર જે સ્તરનો વિરોધ સહન કર્યો છે, ત્યારબાદ આ પ્રકારની આશા જાગવી સ્વાભાવિક પણ છે. આ વિધાનસભા ચૂંટણીઓ પહેલાં જમ્મુ-કાશ્મીરની જનતાએ જેવા ઉત્સાહ સાથે સ્થાનિક નિગમોની ચૂંટણીઓમાં ભાગ લીધો હતો અને જેમ શાંતિભર્યા માહોલમાં તે ચૂંટણીઓ સંપન્ન થઈ, તેનાથી પણ કાશ્મીરમાં બધું ઠીક થવાની આશા જાગી હતી, પરંતુ ચૂંટણી પંચ દ્વારા વિધાનસભા ચૂંટણીઓની ઘોષણાના દિવસથી જ કાશ્મીર ઘાટીમાં જે રીતે ઉમેદવાર અને જેવા ચૂંટણી વાયદા સમગ્ર માહોલ પર હાવી છે, તેને જોતાં એ આશંકા બળવત્તર બની છે કે વિધાનસભામાં ભલે કોઈપણ પાર્ટી કે જૂથ બહુમતી મેળવે.

**ગાંધી આશ્રમની સ્થાપનાને થોડા જ મહિનાઓ વીતી ગયા હતા, જ્યારે અમે એવી કસોટીનો સામનો કર્યો જેની અમને અપેક્ષા નહોતી**

# વૈષ્ણવજન તો તેને રે કહીયે, જે પીડ પરાઈ જાણે રે, પર દુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૫મી જન્મ જયંતિ ઉજવણી દેશ વિદેશમાં થશે ત્યારે આપણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી વિશે જોઈએ તો મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ આજથી ૧૫૫ વર્ષ પહેલાં બીજી ઓક્ટોબર ૧૮૬૯ના રોજ પોરબંદરમાં એક ગુજરાતી હિન્દુ મોઢ વાણિયાપરિવારમાં થયો હતો. સુદામાપુરી તરીકે પણ ઓળખાતું પોરબંદર તે સમયે કાઠિયાવાડ દ્વીપ કલ્પમાં આવેલું એક તટીય શહેર હતુંઅને બ્રિટિશ રાજની કાઠિયાવાડ એજન્સીમાં પોરબંદર રજવાડાનો એક ભાગ હતું તેમના પિતા કરમચંદ ઉત્તમ ચંદ ગાંધી(૧૮૨૨- ૧૮૮૫)એ પોરબંદર રાજ્યના દીવાન તરીકે સેવા આપી હતી. તેમના કુટુંબનો ઉદભવ તે સમયના જૂનાગઢ રાજ્યના કુતિયાણા ગામમાંથી થયો હતો.જોકે કરમચંદ માત્ર રાજ્યના વહીવટમાં કારકુન જ રહ્યા હતા અને પ્રાથમિક શિક્ષણ મેળવ્યુંહતુ તેમ છતાં તેઓ એક સક્ષમ દીવાન સાબિત થયા હતા.તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે ચાર વખત લગ્ન કર્યા હતા. તેની પ્રથમ બે પત્નીઓ યુવાન વયે મૃત્યુ પામી, દરેકે એક પુત્રીને જન્મ આપ્યો હતો, અને ત્રીજું લગ્ન નિ:સંતાન હતું. ૧૮૫૭માં, તેમણે તેમની ત્રીજી પત્નીની પુન:લગ્ન કરવાની પરવાનગી માંગી; તે વર્ષે,તેમણે પુતળીબાઈ સાથે લગ્ન કર્યા, જેઓ પણ જૂનાગઢથી આવ્યા હતા,અને પ્રણામી વૈષ્ણવ પરિવારમાંથી આવતા હતા.કરમચંદ અને પુતળીબાઈને તે પછીના દાયકામાં ત્રણ સંતાનો થયા હતા:એક પુત્ર, લક્ષ્મીદાસ (લગભગ ૧૮૬૦-૧૯૧૪); એક પુત્રી, રળિયાતબહેન (૧૮૬૨-૧૯૬૦); અને બીજો પુત્ર કરસનદાસ(લગભગ૧૮૬૬- ૧૯૧૩) માતા-પિતાના ઘરે અને તેના પતિ થી દૂર ઘણો સમય પસાર કરવાનો હતો.ઘણાં વર્ષો પછી લખતાં, મોહનદાસે પોતાની યુવાન કન્યા માટે જે વાસનાભરી લાગણી ઓ અનુભવી હતી તેનું ખેદ સાથે વર્ણન કર્યું હતું: "શાળામાં પણ હું તેના વિશે વિચારતો હતો,અને રાત પડવાનો અને પછીની અમારી મુલાકાતનો વિચાર મને સતાવતો હતો. પાછળથી તેમણે યાદ કરતાં જણાવ્યું હતું કે તેઓ ની તેમની પત્ની પ્રત્યેની લાગણી માં ઈર્ષ્યા અને સ્વત્વબોધ અનુભવતા હતા, જેમ કે જ્યારે તે તેમની સહેલી ઓ સાથે મંદિરમાં જાય છે,ત્યારે તેમના પ્રત્યેની પોતાની ભાવનાઓ યૌન વાસના પૂર્ણ હતી. ૧૮૮૫ના ઉત્તરાર્ધમાં ગાંધીજીના પિતા કરમચંદનું અવસાન થયું. ગાંધીજી, જે તે સમયે ૧૬ વર્ષના હતા,અને તેમની ૧૭ વર્ષની પત્ની ને તેમનું પ્રથમ બાળક અવતર્યું હતું, જે માત્ર થોડા દિવસો માટે જીવિત રહ્યું હતું. આ બંને મૃત્યુ એ ગાંધીજીને વ્યથિત કર્યા હતા ગાંધી દંપતીને વધુ ચાર સંતાનો હતા, જે તમામ પુત્રો હતા. જેમાં હરિલાલનો જન્મ ૧૮૮૮માં. મણિલાલનો જન્મ ૧૮૯૨ માં. રામદાસનો જન્મ ૧૮૯૭માં અને દેવદાસનો જન્મ ૧૯૦૦માં થયો હતો. થોડી જાણકારી અહીં મેળવી ગાંધીજીની ચળવળ અને આઝાદી માટે લડતથી આપ સૌ પરિચિત છો એટલે આજે તેમનું પ્રિય ભજન નરસિંહ મહેતાવાળું વૈષ્ણવજન તો તેને રે કહીયે, જે પીડ પરાઈ જાણે રે. પર દુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે. વૈષ્ણવ ૧.સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે.વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે. વૈષ્ણવ ૨.સમદ્રષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે. જિહવા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે. વૈષ્ણવ ૩.મોહ માયા વ્યાપે નહિ જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે.રામ નામ શું તાળી રે વાગી, સકળ તિરથ તેના તનમાં રે. વૈષ્ણવ ૪. વણ લોભી ને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે. ભણે નરસૈયો તેનું દર્શન કરતા, કુળ ઈકોતેર તાર્યા રે. વૈષ્ણવ ૫. મહાત્મા ગાંધી આશ્રમની સ્થાપનાને થોડા જ મહિનાઓ વીતી ગયા હતા,જ્યારે અમે એવી કસોટીનો સામનો કર્યો જેની અમને અપેક્ષા નહોતી. એક દિવસ મને ભાઈ અમૃતલાલ ઠક્કરનોપત્ર મળ્યો. "એક ગરીબ અને પ્રમાણિક અંત્ય જ પરિવાર તમારા આશ્રમમાં આવીને રહેવા ઈચ્છે છે. શું તમે તેને તમારી જગ્યાએ રાખી શકશો ? પત્ર વાંચીને હું ચોંકી ગયો કારણ કે ઠક્કર બાપા જેવા કોઈની ભલામણ સાથે અંત્યજ પરિવાર આટલો જલ્દી આવશે એવી મને અપેક્ષાનહોતી. મેં મારા મિત્રોને તે વિનોદી બતાવી. તેઓએ તેમનું સ્વાગત કર્યું. અમે અમૃતલાલ ભાઈને પત્ર લખ્યો કે જો આ પરિવાર આશ્રમના નિયમોનું પાલન કરવા તૈયાર હોય તો અમે તેમને લેવા તૈયાર છીએ. થોડા દિવસોમાં દુધાભાઈ, તેમની પત્ની ડેનિસ્ટર અને દૂધ પીતી લક્ષ્મી આશ્રમમાં આવ્યા. દુધાભાઈ આશ્રમના નિયમો પાળવા તૈયાર હતા એટલે તેમને આશ્રમમાં લઈ જવામાં આવ્યા. પરંતુ આનાથી સહાયક મિત્રોના વર્તુળમાં ભારે હોબાળો થયો. જે કૂવામાં બંગલાના માલિકનો હિસ્સો હતો તે કૂવામાંથી પાણી ભરવામાં મુશ્કેલી પડતી હતી. જો કોઈ ચરસ વેચનારને અમારા પાણીના છાંટા પડે તો પણ તેને ચેપ લાગશે. ખાસને અમને અપ શબ્દો બોલવા લાગ્યા.તેણે દૂધ વાળાને પણ હેરાન કરવાનું શરૂ કર્યું. મેં બધાને કહ્યું હતું કે અપમાન સહન કરવું જોઈએ અને નિશ્ચય થી પાણી ભરવું જોઈએ. રહેવું જોઈએ. ચરસવાલા તેને ચૂપચાપ અપશબ્દો સાંભળતા જોઈને શરમાઈ ગયા. તેણે આપણું શરીર છોડી દીધું; પરંતુ આ કારણે આર્થિક સહાય બંધ થઈ ગઈ. બીજી મુશ્કેલી એ હતી કે એક બાજુ આશ્રમને મળતી આર્થિક સહાય બંધ કરી દેવામાં આવી,તો બીજી બાજુ અમારા બહિષ્કારની અફવાઓ મારા કાને પહોંચવા લાગી. મને મારા મિત્રો સાથે મળીને એવો વિચાર આવ્યો કે ભલે અમારો બહિષ્કાર કરવામાં આવે અને અમને ક્યાંયથી મદદ ન મળે તો પણ અમારે અમદાવાદ છોડવું ન જોઈએ.અમે અસ્પૃશ્યોની પડોશ માં સ્થાયી થઈશું અને અમને જે મળશે તેના પર અથવા મજૂર તરીકે કામ કરીને જીવીશું. આખરે એક દિવસ મગનલાલે મને નોટિસ આપી કે આગામી મહિનામાં અમારી પાસે આશ્રમ માટે પૈસા નહીં હોય. મેં ધીરજથી જવાબ આપ્યો,' પછી આપણે અસ્પૃશ્યોના પડોશમાં રહેવાનું શરૂ કરીશું મારા પર આ સંકટ પહેલી વાર નથી આવ્યું, પરંતુ દરેક વખતે સાંવરિયાએ આખરે ક્યાંકને ક્યાંક થી મદદ મોકલી છે. મગનલાલની આ સૂચનાના થોડા દિવસો પછી એક સવારે કોઈ છોકરાએ આવીને જાણ કરી કે બહાર એક મોટર પાર્ક કરેલી છે. એક શેઠ તમને બોલાવે છે. હું મોટર પાસે ગયો. શેઠે મને કહ્યું, "હું મદદ કરવા જઈ રહ્યો છું. આશ્રમ."મારે આપવાનું છે, તમે લેશો?" મેં જવાબ આપ્યો, "હા, જો તમે આપો છો, તો હું ચોક્કસ લઈશ અને આ સમયે મને પણ તેની જરૂર છે." "હું કાલે એ જ સમયે અહીં આવીશ. આશ્રમમાં મળીશું ને?" મેં સ્વીકાર્યું. બીજા દિવસે નિયત સમયે મોટરનું હોર્ન વાગ્યું અને બાળકોએ મને જાણ કરી. શેઠ અંદર ન આવ્યા,હું તેમને મળવા ગયો. મારા હાથમાં રૂ. ૧૩૦૦૦ની નોટો રાખ્યા બાદ તે ચાલ્યો ગયો હતો. મને આ મદદની બિલકુલ અપેક્ષા નહોતી. મદદ આપવાની આ રીત પણ નવી લાગી. ન તો તે આશ્રમની અંદર આવ્યો, ન તેણે કંઈ પૂછ્યું. બહાર થી પૈસા ભરીને અમે નીકળી ગયા. મારો આ પ્રકારનો આ પહેલો અનુભવ હતો. આ સહાયથી, અસ્પૃશ્ય વિસ્તારમાં આવવાનો વિચાર મોકૂફ રાખવામાં આવ્યો કારણ કે મને એક વર્ષના ખર્ચ માટે પૈસા મળ્યા હતા.પરંતુ બહારની જેમ આશ્રમની અંદર પણ હંગામો થયો હતો. જો કે સાઉથ આફ્રિકા માં અસ્પૃશ્યો મારી જગ્યાએ આવીને જમતા હતા, પરંતુ મારી પત્ની અને અન્ય સ્ત્રીઓને અસ્પૃશ્ય કુટુંબનું અહીં આવવું અને રહેવું ગમતું ન હતું. દાની ચહાન પ્રત્યે કોઈ અણગમો નહોતો, પણ ઉદાસીનતા હતી. આવી બાબતોમાં ખાસ સતર્ક રહેનાર મારી ચતુર આંખો અને તીક્ષ્ણ કાનથી આ હકીકત છૂપી રહી નથી. આર્થિક સહાયના અભાવે હું ન તો ડરતો હતો કે ન તો ચિંતિત હતો,પરંતુ આ આંતરિક ગુસ્સો મુશ્કેલ હતો. ડેનિસ્ટર એક સામાન્ય સ્ત્રી હતી. દૂધભાઈનું શિક્ષણ સાધારણ હતું; પરંતુ તે વધુ બુદ્ધિશાળી હતો. મને તેની ધીરજ ગમતી. ક્યારેક તેને ગુસ્સો આવતો; પરંતુ સામાન્ય રીતે તેની સહનશીલતાએ મારા પર સારી છાપ છોડી. હું દુધાભાઈ ને સમજાવીશ કે આપણે નાના અપમાન ગળે ઉતારીએ.તે સમજી ગયા હશે અને દાનીબહેન ને પણ સહન કરવાની પ્રેરણા આપી હશે. આ પરિવારને આશ્રમમાં રાખીને આશ્રમે ઘણા પાઠ શીખ્યા અને શરૂઆતથી જ સ્પષ્ટ થઈ ગયું કે આશ્રમમાં અસ્પૃશ્યતાને કોઈ સ્થાન નથી.આનાથી આશ્રમની ગરિમા સ્થાપિત થઈ અને આ દિશામાં તેનું કાર્ય ખૂબ જ સરળ બન્યું. અસ્પૃશ્યતા અંગેની અમારી નીતિ હોવા છતાં, અમે મોટાભાગ ની આર્થિક સહાય ઉચ્ચ જાતિના હિંદુઓ પાસેથી મેળવતા આવ્યા છીએ, આ સ્પષ્ટપણે દર્શાવે છે કે અસ્પૃશ્યતાના મૂળ સંપૂર્ણપણે હચમચી ગયા છે. આના બીજા ઘણા પુરાવા છે, પરંતુ જ્યાં અસ્પૃશ્યોની સાથે ખાવા પીવામાં ત્યાગ ન જળવાતો હોય ત્યાં પોતાને સનાતની માનતા હિન્દુ ભાઈઓ મદદ કરે તો પણ આ સાબિતી સામાન્ય ગણી શકાય નહીં.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ગાંધી જયંતિ મહાત્મા ગાંધીજીની ૧૫૫મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવશે ત્યારે આપને સત્ય અહિંસા અને સ્વચ્છતાનો સંદેશ જીવનમાં ઉતારી ધન્ય બનીએ..અસ્તુ.

**માનસ મહેશને સંવાદી ચર્ચામાં કહ્યું કે મહેશ એટલે કે શિવમાં ત્રણેય સૂત્ર છે, સત્ય પણ છે, પ્રેમ પણ છે, કરુણા પણ છે**

# શિવ રચિત રામચરિત માનસ પણ મહેશ જેમ સત્ય પ્રેમ અને કરુણા સ્વરૂપ છે તેમ કહી શકાય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**કથાના ક્રમનું થોડુંક સ્મરણ કરી લઈએ રામ લક્ષ્મણ જનકપુરમાં નિવાસ કર્યો, સાંજે નગર દર્શન કર્યું બીજે દિવસે પુષ્પ વાટિકામાં જાનકી અને રામનું મિલન થયું, સીતાજીએ ગૌરીના મંદિરમાં જઈ ગૌરીને સુંદર સાંવરા માટે વિનંતી કરી, ભગવાન શ્રીરામ ધનુષ તોડે છે, અને જાનકીજી શ્રીરામને જય માળા પહેરાવે છે, અયોધ્યા કાંડમાં રાજ્યભિષેક થતાં થતાં રામ વનવાસ થયો, રામ લક્ષ્મણ જાનકી વનવાસ માટે પ્રયાણ કરે છે**

માનસ મહેશની નવમા દિવસની કથામાં પ્રવેશ કરતા પૂજ્ય બાપુએ કહ્યું કે આજે કથાના વિરામનો દિવસ છે, કેટલોક ઉપસંહારક સંવાદ તમારી સાથે કરીને આજે હું કથાને વિરામ આપવા જઈ રહ્યો છું. આગળ વધુ એ પહેલાં માનસમાં મહેશ શબ્દ ૩૧ વાર આવ્યો છે, મહેસા ૨ વાર, મહેષુ ૯ વાર, મહેસુ ૪વાર અને શુદ્ધ મહેશ શબ્દ ૨ વાર આવ્યો છે. કુલ મળીને ૪૮ વખત વાર આ શબ્દ આવ્યો છે. બાપુ શું જેમણે ગુરુ નથી કર્યા એ ઈશ્વરને પામી શકતા નથી? એ પ્રશ્નોના જવાબ આપતાં કહ્યું કે સૌના મનમાંથી ભ્રાંતિ નીકળી જવી જોઈએ, કારણ કે ઈશ્વર સૌ કોઈને પ્રાપ્ય છે, એને પામવા માટે ગુરુની જરૂર નથી, ગુરુની જરૂર તો ઈશ્વરની ઓળખ માટે છે, બાકી ઈશ્વર તો સૌના હૃદયમાં નિવાસ કરે છે. હરી શરણ નું મૂલ્ય વધુ, કે શ્રાપ નું મૂલ્ય વધુ? રાવણનું તેજ રામમાં સમાઈ ગયું તો પછી એણે શું કામ બીજીવાર જન્મ લેવો પડ્યો? જેમણે ખૂબ જ તપ કર્યું હોય, શબ્દને સાધ્યો હોય, એનો માન અપમાન થાય, ત્યારે એ ખરાબ શબ્દ બોલે તો એને શ્રાપ કહેવામાં આવે છે! શ્રાપનું કોઈ મૂલ્ય નથી, ઊલટું જેણે શ્રાપ આપ્યો હોય, એમને બહુ મોટી ખોટ જાય છે, કેમકે એમણે તપને ગુમાવી દીધું, પોતાની શબ્દ સાધના આમ બેકાર ગુમાવી દીધી. હરિ શરણ શ્રેષ્ઠ છે, હરિના શરણમાં જીવના તમામ પ્રકારના ભય અને શ્રાપ મિથ્યા થઈ જાય છે. યોગેશ્વર ભગવાન કૃષ્ણએ અર્જુન પાસે આખી ગીતાનો બોધ આપ્યો છતાં અંતે એમણે અર્જુનને કહ્યું "મામેકમ શરણમ વ્રજ", શુદ્ધ સાધના માર્ગ પર આવો હરિનું શરણ કે બુદ્ધ પુરુષનું શરણ, કારણ કે બુદ્ધપુરુષ નરરૂપ હરિ છે, નરના રૂપમાં એ જ તો હરિ છે. શિવના ત્રણ રૂપ છે (૧)નિરાકાર એટલે કે શિવલિંગ,(૨) નરાકાર જેમાં એના પાર્વતી સાથે લગ્ન થાય છે અને સંસાર પણ થાય છે. (૩) વનરાકાર ત્રીજું રૂપ વાનર એટલે કે હનુમાનજીનું છે. ઈષ્ટદેવ તમારા ગમે તે હોય પણ પ્રાર્થના કરવી હોય તો મહેશને એટલે કે શિવને કરો, મનાવવા હોય તો શિવને મનાવો, અવધવાસી મહેશને મનાવી રહ્યાં છે, મહારાજ દશરથજી પણ મહેશને મનાવે છે, કે રામને રાજ તિલક થઈ જાય, ભરતજી પણ મહેશને મનાવે છે. માંગવું હોય પ્રાર્થના કરવી હોય વિનંતી કરવી હોય જે પણ કંઈ હોય એ મહેશ પાસે જ માંગવું, બીજા દેવતા તો સ્વાર્થી છે, આપણી પૂજાનો કે યજ્ઞનો પણ દશાંશ ભાગ માંગે છે, જ્યારે મહાદેવને ભજીએ તો માંગ મિટે એટલે કે માંગ મરી જાય. માનસ મહેશને સંવાદી ચર્ચામાં કહ્યું કે મહેશ એટલે કે શિવમાં ત્રણેય સૂત્ર છે, સત્ય પણ છે, પ્રેમ પણ છે, કરુણા પણ છે, અને શિવ રચિત માનસમાં પણ ત્રણેય છે. શિવ રચિત માનસનું સત્ય એટલે કે ચોપાઈ! જેમાં ચાર પદ છે એ ચોપાઈ એટલે કે ચતુષ્પાદ ધર્મ. વ્યાસપીઠની દ્રષ્ટિએ ધર્મનો અર્થ સત્ય છે, એટલા માટે ચોપાઈ છે સત્ય. ધરમુ ન દૂસર સત્ય સમાના. હવે બીજું સૂત્ર દોહા એ પ્રેમ છે, આ બધું જ ગુરુ મુખ છે, પુસ્તકોમાં મળી જાય તો પ્રણામ. ધર્મનું એક સૂત્ર પ્રેમ છે, શિવ રચિત માનસમાં દોહા એ પ્રેમ છે. "પરમ ધર્મમય પય દુહિ ભાઈ". તુલસી કહે છે સાત્વિક શ્રદ્ધા રૂપી ગાયનું જે દોહન કરી લે એ પરમ ધર્મ છે. છંદ બુદ્ધ જીવન એટલે કે ધાર્મિક જીવન ધર્મના નિયમ અનુસાર જે જીવે એ ધર્મની એક પદ્ધતિ છે. ઉપનિષદ કહે છે ધર્માચરણ કરો, પરંતુ બની શકે તો સૌથી અસંગ રહો એ ધર્મ છે. "છંદ સોરઠા સુંદર દોહા" તુલસીદાસજી છંદુને કમળનું ફૂલ કહે છે કમળ છે ધર્મનું પ્રતીક તો છંદ પણ ધર્મનું પ્રતીક છે, અને એ છે કરુણા. માનસ મહેશમાં ચોપાઈ સત્ય, દોહા પ્રેમ, અને છંદ કરુણા છે. કથાના ક્રમનું થોડુંક સ્મરણ કરી લઈએ રામ લક્ષ્મણ જનકપુરમાં નિવાસ કર્યો, સાંજે નગર દર્શન કર્યું બીજે દિવસે પુષ્પવાટિકામાં જાનકી અને રામનું મિલન થયું. સીતાજીએ ગૌરીના મંદિરમાં જઈ ગૌરીને સુંદર સાંવરા માટે વિનંતી કરી. ભગવાન શ્રીરામ ધનુષ તોડે છે, અને જાનકીજી શ્રીરામને જય માળા પહેરાવે છે. ચારે ભાઈઓ લગ્ન કરીને અવધમાં આવે છે, જાનકીજીના આવવાથી અયોધ્યાની સુખ સમૃદ્ધિ વધવા લાગે છે. વિશ્વામિત્રજી વિદાય માંગે છે આખો રાજ પરિવાર રડી પડે છે, અને દશરથજી કહે છે "

**નાથ સકલ સંપદા તુમ્હારી,**
**મૈં સેવકુ સમેત સુત નારી.**

અયોધ્યા કાંડમાં રાજ્યભિષેક થતાં થતાં રામ વનવાસ થયો, રામ લક્ષ્મણ જાનકી વનવાસ માટે પ્રયાણ કરે છે કેવટ પાસે નૌકા માગી પ્રભુ ગંગાપાર થયા, ગંગાના તટ પર રેતીનું શિવલિંગ બનાવી પાર્થિવ પૂજા કરી. ગુહરાજ સાથે પદયાત્રાનો પ્રારંભ થયો ભારદ્વાજ ઋષિના આશ્રમમાં પ્રભુએ આગળનો માર્ગ પૂછ્યો! યમુના તટપર યાત્રા પહોંચી, એક તપસ્વી આવે છે માણસનું એ રહસ્યમય પાત્ર છે, ત્યારબાદ વાલ્મિકીના આશ્રમમાં આવ્યા. પ્રભુ પૂછે છે કે અમારે તો ૧૪ વર્ષ વનમાં રહેવાનું છે એવી જગ્યા બતાવો કે જ્યાં અમને સત્સંગ મળે મુનિઓનો ઉદ્વેગ ન થાય! વાલ્મિકી જઈએ ૧૪ પ્રકારના હૃદય ભાવની વાત કરી ૧૪ સ્થાન બતાવ્યા ત્યારબાદ ચિત્રકૂટ પહોંચ્યા. આ બાજુ સુમંત ખાલી રથ લઈને અયોધ્યા પાછા ફરે છે, અને દશરથજી પ્રાણ ત્યાગ કરે છે. ચિત્રકૂટમાં રામ ભરત મિલાપ થાય છે, ભરત પાદુકા સાથે અયોધ્યાની બહાર નંદીગ્રામમાં એક ખાડો બનાવીને રહ્યા અને રાજ સંભાળ્યું અરણ્ય કાંડમાં ભગવાન ચિત્ર કૂટ છોડીને આગળ વધે છે, અત્રિ, શરભંગ, સુતિક્ષણ અને પ્રભુ કુંભજના આશ્રમમાં આવે છે. ગીત જટાયુ સાથે મૈત્રી થઈ પ્રભુ પંચવટીમાં નિવાસ કરે છે લક્ષ્મણ પાંચ પ્રશ્નોના જવાબમાં રામગીતા સંભળાવી. શૂર્પણખાનાં દંડનો બદલો લેવા રાવણે મારિચ સાથે યોજના બનાવીને સીતાજીનું અપહરણ કર્યું. ભગવાન નરલીલા કરતાં રડતા રડતા સીતાની શોધ કરે છે, ઘવાયેલ જટાયુએ બધી કથા સંભળાવી, ભગવાનને જટાયુને ગતિ પ્રદાન કરી, કબંધને નિર્વાણ આપ્યું. શબરીના આશ્રમમાં આવ્યા નવધા ભક્તિની ચર્ચા કરી. પંપાસરોવર પાસે નારદને સંતના લક્ષણો કહ્યાં. અંતમાં કહ્યું સાધુના લક્ષણો તો ભગવાન શેષ અને સરસ્વતી પણ નથી કહી શકતા. કિષ્કિંધા કાંડમાં હનુમાનજી, જાંબુવત, અંગત નલનીલ બધાં સાથે મૈત્રી કરી, સીતા શોધનું અભિયાન શરૂ કર્યું, સ્વયં પ્રભાની મદદથી જાનકી અશોકવાટિકામાં બેઠાં છે એ જાણ્યું. જાંબુવંતે હનુમાનની શક્તિને જાગૃત કરી અને સુંદરકાંડનો આરંભ થયો. હનુમાનજી મહારાજ લંકામાં પ્રવેશ્યા વિભૂષણની મદદથી જાનકી સુધી પહોંચ્યા, રામકથાનું ગાયન કરી સીતાજીનો ભરોસો પ્રાપ્ત કર્યો. લંકામાં હનુમાનજીને બાળવાની ચેષ્ટા કરવામાં આવી, પરંતુ હનુમાનજી આખી લંકાને બાળીને સમુદ્ર સ્નાન કરી અને જાનકી પાસે આવ્યાં, જાનકીએ ચુડામણી આપી એ લઈ હનુમાનજી પ્રભુ પાસે આવ્યાં, બધી કથા સંભળાવી. યુદ્ધ માટે ભગવાન સમુદ્ર તટે આવ્યાં નલ નીલની મદદથી સમુદ્ર પર સેતુ બનાવ્યો. લંકા કાંડમાં કાળનું વર્ણન સમુદ્ર તટ પર રામેશ્વરની સ્થાપના, અંગદનો સંધિ પ્રસ્તાવ ઠુકરાવતા યુદ્ધ અનિવાર્ય બન્યું.ભિષણ યુદ્ધમાં એક પછી એક વીર નિર્માણ પ્રાપ્ત કરવા લાગ્યાં અને અંતે ૩૧ બાણ લઈને પ્રભુએ રાવણના દસ મસ્તક ૨૦ ભૂજાનું છેદન કર્યું, ૩૧ મુ બાણ રાવણની નાભિમાં વાગ્યું, અને રાવણ પહેલીવાર રામ બોલ્યો. હનુમાનજીએ ભરતને રામ આગમનની ખબર આપી એનાં પ્રાણ બચાવ્યા. ભગવાન સૌને પુષ્પક વિમાનમાં બેસાડીને અયોધ્યા લઈ આવ્યા. ઉત્તરકાંડના પ્રારંભે પુસ્તક વિમાન સરજુના તટ પર ઉતર્યું, હજારો લોકો ઉમટી પડ્યાં. ભગવાને જન્મભૂમિને પ્રણામ કર્યા, રીછ વાનરને મનુષ્યનું રૂપ આપ્યું. પ્રથમ વશિષ્ઠજીના ચરણોમાં ત્યારબાદ ત્રણેય માતાને પ્રણામ કર્યા. ભગવાને અમિત રૂપ ધારણ કરી એશ્વર્યા લીલાથી સૌને રુચિ અને ભાવ અનુસાર મળ્યા.રામનો રાજ્યાભિષેક થયો. અયોધ્યાના દરબારમાં ભગવાન મહેશ પણ પોતાના મૂળ રૂપમાં આવીને ભગવાનની સ્તુતિ કરી. આમ ચારેય પીઠ પરથી રામકથાને વિરામ આપ્યો. કથાના સંપૂર્ણરૂપે થયેલ આયોજનથી પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી નવમા દિવસની કથાને વિરામ આપ્યો.

### બોલીવૂડના વરૂણ ધવન અને સાઉથના પ્રખ્યાત રામ ચરણની ફિલ્મો વચ્ચે થશે ટક્કર

# ૪૫૦ કરોડના બજેટમાં બનેલી 'ગેમ ચેન્જર'ની રિલીઝ ડેટ ચેન્જ થઈ

સાઉથના પ્રખ્યાત અભિનેતા રામ ચરણ 'RRR' ફિલ્મ પછી ચાહકો ફરી એકવાર તેને લાર્જર ધેન લાઈફના રોલમાં જોવા માંગે છે. 'RRR' પછી તે ૨૦૨૨માં 'આચાર્ય' નામની ફિલ્મમાં જોવા મળ્યો હતો, પરંતુ તે ફિલ્મ કંઈ ખાસ કરી શકી નહીં. હવે તો તેની આગામી ફિલ્મ 'ગેમ ચેન્જર'ની લાંબા સમયથી ચર્ચા થઈ રહી છે. જે આ વર્ષે રિલીઝ થવા જઈ રહી છે. જો કે હવે સમાચાર આવી રહ્યા છે કે, આ ફિલ્મને રિલીઝ ડેટ ચેન્જ થઈ શકે છે. એસ.શંકર દ્વારા નિર્દેશિત 'ગેમ ચેન્જર'માં રામ ચરણની સામે કિયારા અડવાણી જોવા મળશે. આ ફિલ્મ પહેલા ૨૦ ડિસેમ્બરે રિલીઝ થવાની હતી, પરંતુ હવે એવું કહેવાઈ રહ્યું છે કે તેની રિલીઝ ડેટને આગળ વધારવામાં આવી શકે છે. એક અહેવાલ અનુસાર ફિલ્મ હવે ૨૫ ડિસેમ્બરે રિલીઝ થઈ શકે છે. 'ગેમ ચેન્જર'માં રામ ચરણ અને કિયારા અડવાણી ઉપરાંત એસ.જે સૂર્યા અને દિલ રાજુ પણ જોવા મળશે એટલે કે ફિલ્મ રિલીઝ થવામાં ૫ દિવસનો વિલંબ થઈ શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે ફિલ્મ નિર્માતા તેની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરી શકે છે.




જો કે, અત્યાર સુધીમાં અંગે નિર્માતાઓ દ્વારા કંઈ કહેવામાં આવ્યું નથી. પરંતુ જો આ ફિલ્મની રિલીઝ ડેટ લંબાવવામાં આવશે તો તેની સીધી ટક્કર વરુણ ધવનની ફિલ્મ 'બેબી જોન' સાથે થશે. 'બેબી જોન' પણ ૨૫મી ડિસેમ્બરે રિલીઝ થવાની છે. ડાયરેક્ટર એટલી કુમાર આ ફિલ્મને પ્રોડ્યુસ કરી રહ્યા છે. 'ગેમ ચેન્જર'માં રામ ચરણ અને કિયારા અડવાણી ઉપરાંત એસ. જે સૂર્યા અને દિલ રાજુ પણ જોવા મળશે. નિર્માતાઓએ આ ફિલ્મને બનાવવામાં ઘણો ખર્ચ કરી રહ્યા છે. એક અહેવાલ અનુસાર આ ફિલ્મનું બજેટ લગભગ ૪૫૦ કરોડ રૂપિયા છે.

### એક્ટરનો મેનેજર બહુ એરોગન્ટ હતો

# વિવેક અગ્નિહોત્રી દ્વારા ફિલ્મમાંથી લીડ એક્ટરને હાંકી કાઢવામાં આવ્યો

### કાસ્ટિંગ ડિરેક્ટર મુકેશ છાબરાએ એક્સ પર એક પોસ્ટ કરી હતી, જેમાં તેણે ફિલ્મ ઇન્ડસ્ટ્રીની હાલની સ્થિતિ અંગે વાત કરી હતી


ફિલ્મમેકર વિવેક અગ્નિહોત્રિએ ખુલાસો કર્યો છે કે તેમણે પોતાની આગામી ફિલ્મમાંથી તેના મુખ્ય કલાકારને જ કાઢી નાંખ્યો છે, કારણ કે તેનો મેનેજર બહુ ઘમંડી હતો. કાસ્ટિંગ ડિરેક્ટર મુકેશ છાબરાએ એક્સ પર એક પોસ્ટ કરી હતી, જેમાં તેણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીની હાલની સ્થિતિ અંગે વાત કરી હતી. જેના જવાબમાં વિવેક અગ્નિહોત્રિએ આ ખુલાસો કર્યો હતો. મુકેશ છાબરાએ લખ્યું હતું, ''હાલની ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સ્થિતિઃ એક કલાકાર, ૨૦૦ કાસ્ટિંગ ડિરેક્ટર અને ૧૫૬૮૦ મેનેજર્સ.'' આ પોસ્ટના જવાબમાં વિવેકે ટ્વીટ કર્યું,''મારે ગયા અઠવાડિયે એક લીડ એક્ટરને કાઢી નાખવો પડયો કારણ કે એનો મનેજર અતિશય ઘમંડી હતો અને એવું વર્તન કરતો હતો કે તે એક મોટા સેલેબ્રિટીના સ્ટાર કિડની ટેલેન્ટ એજન્સીનો કર્મચારી હોવાથી તેને આવું અહંકારી વર્તન કરવાનો હક હતો. આવા વચેટિયાઓએ લોકોની કારકિર્દી બનાવવાને બદલે બરબાદ વધારે કરી છે. આ સ્ટાર કિડ્ઝ સાથે ટ્રેનિંગ અને વર્કશોપ કરો, મુકેશ છાબરા.''તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં વિવેક અગ્નિહોત્રીએ તે કઈ રીતે અર્થપૂર્ણ ફિલ્મો બનાવવા માગે છે અને તે માટે તેની શું કલ્પના હોય છે, તે અંગે વાત કરી હતી.''હું લોકો સાથે દલીલો કરવાને બદલે મારી ફિલ્મ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં માનું છું. તેથી હવે હું ટીવી પર જતો નથી. હું કોઈ જ જાહેર ચર્ચાઓનો ભાગ બનવા માગતો નથી. જો મારે કોઈ મુદ્દે વાત કરવી હશે તો હું કોઈ ફિલ્મ બનાવીશ કે લખીશ, મારા પુસ્તકો, મારી બાબતો. મારે ભારતને ખરાબ ચીતરવા સાથે જકડાઈ રહેવું નથી, હું એ વિચારધારાનો ભાગ બનવા માગતો નથી.'' હાલ વિવેક અગ્નિહોત્રી 'ધ દિલ્હી ફાઈલ્સ' ફિલ્મ પર કામ કરી રહ્યા છે. 'ધ કાશ્મીર ફાઈલ્સ' જેવો જ વિવાદ વિવેકની આગામની ફિલ્મોમાં થઈ શકે છે. આ અંગે તેમણે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, તે અખંડ ભારતમાંથી બંગાળના લોહિયાળ ઈતિહાસ પર આવનારી ફિલ્મમાં પ્રકાશ પાડવા માગે છે, જેમાં ૧૯૪૬ના નોઆખલીના રમખાણો, મુસ્લિમ લીગ, કોંગ્રેસ, મહાત્મા ગાંધી, મહોમ્મદ અલી ઝીણા વિશે પણ વાત કરવામાં આવશે. ''ઘણા લોકો એવા હશે જે કહેશે કે વિવેક અગિનહોત્રી ઉત્તરપૂર્વના રાજ્યોની સ્થિતિ પર ફિલ્મ કેમ નથી બનાવતો, ઘણા ફિલ્મમેકર્સ છે.



### ૨૦૧૫માં લખાયેલી સ્ક્રિપ્ટની બેઠી નકલ હોવાના દાવા સાથે લીગલ નોટિસ

# 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો' ફિલ્મ પર સ્ક્રિપ્ટ ઉઠાંતરીનો આરોપ


રાજકુમાર રાવ અને તૃપ્તિ ડીમરીને લીડ રોલમાં રજૂ કરતી 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો'ની રિલીઝના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે તેના પર ઉઠાંતરીનો આરોપ લાગ્યો છે. ૨૦૧૫માં લખાયેલી સ્ક્રિપ્ટની ઊઠાંતરી કરીને આ ફિલ્મ બનાવાઈ હોવાના દાવા સાથે લીગલ નોટિસ મોકલવામાં આવી છે. પ્રોડ્યુસર ગુલ બાનોએ જણાવ્યું હતું કે, 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો'નો સેન્ટ્રલ ઈઆઈડિયા તેમણે ૨૦૧૫ના વર્ષમાં સ્ક્રિપ્ટ રાઈટર્સ એસોસિએશન સમક્ષ રજિસ્ટર કરાવ્યો હતો. તેના પર ફિલ્મ બનાવવાની હતી અને પ્રોડ્યુસર તરીકે સંજય તિવારી હતા. કેટલાક કારણોસર આ પ્રોજેક્ટમાં વિલંબ થયો છે. તેથી 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો'ના પ્રોડ્યુસરને લીગલ નોટિસ મોકલવામાં આવી છે. આ નોટિસ ટી સિરીઝ, બાલાજી મોશન પિક્ચર્સ, વેક ફિલ્મ્સ એલએલપી, કઠવાચક ફિલ્મ્સ અને એએ પ્રાઈવેટ લિમિટેડને મોકલવામાં આવી છે. નોટિસમાં દાવો કરાયો છે કે, સંજય તિવારી અને ગુલ બાનોએ ૨૦૧૫ના વર્ષમાં ઓરિજિનલ સ્ટોરી લાઈન સાથે સ્ક્રિપ્ટ લખી હતી. તેનું ટેન્ટેટિવ ટાઈટલ 'સેક્સ હૈ તો લાઈફ હૈ' રખાયુ હતું. સ્ક્રિપ્ટમાં એવા કપલની વાત હતી, જેમણે પોતાની અંગત પળોની ડીવીડી બનાવી હતી. બાદમાં આ ડીવીડી ક્યાંક મૂકાઈ જાય છે અને જડતી નથી. બીજા લોકોના હાથમાં આ ડીવીડી પહોંચી જવાની શક્યતા હતી. ગુલ બાનોએ સ્ક્રિન રાઈટર્સ એસોસિએશનને આ બાબતે મેઈલ દ્વારા જાણ પણ કરેલી છે. 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો'માં પણ અંગત પળોની ડીવીડી ખોવાઈ ગયા બાદ સંકટમાં મૂકાયેલા કપલની સ્ટોરી છે. રાજકુમાર રાવ અને તૃપ્તિની આ ફિલ્મનું પ્રમોશન લાંબા સમયથી ચાલી રહ્યું છે અને ફિલ્મની સ્ટોરી લાઈન પણ જગજાહેર છે.



# ઉત્તર પ્રદેશ આધારિત ફિલ્મ 'સંતોષ'ની ઓસ્કારમાં એન્ટ્રી

### આ ફિલ્મનું ૭૭મા કેન્સ ફેસ્ટિવલમાં પ્રીમિયર પણ યોજાયું હતું, તેમાં કેટલાંક ડાયલોગ્ઝ પણ હિન્દીમાં છે

લંડનના ફિલ્મ મેકર સંધ્યા સૂરીએ ઉત્તર પ્રદેશ આધારિત પોલિસ થ્રિલર ફિલ્મ 'સંતોષ'ની બ્રિટન તરફથી ઓસ્કારમાં ઓફિશિયલ એન્ટ્રી તરીકે પસંદગી કરવામાં આવી છે. આ એન્ટ્રી ઈન્ટરનેશનલ ફીચર કેચેગરી માટે છે. આ ફિલ્મનું ૭૭મા કેન્સ ફેસ્ટિવલમાં પ્રીમિયર પણ યોજાયું હતું. તેમાં કેટલાંક ડાયલોગ્ઝ પણ હિન્દીમાં છે અને તાજેતરમાં જ વિધવા થયેલી એક મધ્યમવર્ગની ગૃહિણી, જેને પોતાના પતિની પોલીસની નોકરી લેવી હોય છે, તેની વાર્તા પર આધારિત છે. તેનું નામ એક યુવાન છોકરીની હત્યામાં કોઈ રીતે સંડોવાય છે અને પછી તેના જીવનમાં એક પછી એક પડકારો આવ્યા કરે છે. આ ફિલ્મનું ૭૭મા કેન્સ ફેસ્ટિવલમાં પ્રીમિયર પણ યોજાયું હતું, તેમાં કેટલાંક ડાયલોગ્ઝ પણ હિન્દીમાં છે, બ્રિટિશ એકેડેમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન આર્ટ્સ(બાફટા) દ્વારા આ અંગે ઓફિશિયલ એન્ટ્રી તરીકેની જાહેરાત કરવામાં આવી હતી. 'સંતોષ'માં આ ઉપરાંત એક મહિલા પોલિસ અધિકારીના પડકારો, જે અધિકારીનો રોલ શહાના ગોસ્વામી કરી રહી છે, તેની મૂલ્ય નિષ્ઠા સામે ઉઠતા પ્રશ્નો, જ્ઞાતિ અને જાતિ તેમજ સહિશ્ણુતા જેવા મુદ્દાઓ પણ આવરી લેવામાં આવ્યા છે. સંધ્યા સુરીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું,''હું એવી નથી માનતી કે મારે કોઈને કંઇ શીખવવા માટે ફિલ્મ બનાવવી જોઈએ. હું કોઈ ચોક્કસ ઝુંબેશ કે મુદ્દા ઉઠાવવા માટે ફિલ્મ બનાવતી નથી. મને સ્થિતિ અને તેનો પ્રકાર ફિલ્મ બનાવવા પ્રેરે છે.'' આગળ તેણે જણાવ્યું હતું,''આ એક એવા સ્થળની વાત છે, જ્યાં આ મુદ્દાઓ અને સ્થિતિ તેમના ડીએનએ સાથે જ વણાયેલી છે. તેમની હવામાં જ આ પ્રકારની માનસિકતા, જાતિવાદ અને ધાર્મિક અસિષ્ણુતા છે. હું કોઈ સંદેશ આપવાને બદલે માત્ર એક નિરીક્ષણ લોકો સમક્ષ મુકી રહી. સંતોષ જેવું કોઈ, જે એક ગૃહિણી છે, આ પ્રકારની જગ્યા પર, તે બધું કઈ રીતે પાર પાડે છે.'' સંધ્યા સુરીનો ઉછેર નોર્થ ઈસ્ટ ઈંગ્લેન્ડમાં આવેલા ડાર્લિંગટનમાં થયો છે. તેના પિતાના દેશ ભારત સાથે તેને હંમેશા આકર્ષણ રહ્યું છે. આ ફિલ્મ લંડન ફિલ્મ ફેસ્ટિવલ સાથે યૂકેના થિએટરમાં પણ રિલીઝ થઈ ચૂકી છે અને હવે તે ભારતમાં પણ રિલીઝ કરવા વિચારે છે.




### ફિલ્મ નિર્માતા સમિતિના સૂચન સાથે સહમત

# હાઇકોર્ટ : કંગના રનૌતની ઈમરજન્સીમાં થશે ફેરફારો

### કંગના રનૌતે આ ફિલ્મનું દિગ્દર્શન, સહ-નિર્માણ અને અભિનય કર્યો છે, જેમાં તે સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધીની મુખ્ય ભૂમિકામાં છે

કંગનાનીવિવાદાસ્પદફિલ્મઈમરજન્સીને લઈને બોમ્બે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. પ્રોડક્શન કંપની ઝી એન્ટરટેઈનમેન્ટના વકીલે કોર્ટને કહ્યું કે તેઓ રિવાઈઝિંગ કમિટીએ સૂચવેલા ફેરફારો સાથે સહમત છે. તેનો અર્થ એ કે ફિલ્મ નિર્માતાઓ ફેરફાર કરવા માટે સંમત થયા છે. વકીલે કહ્યું કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા સૂચવવામાં આવેલા ફેરફારોને લાગુ કરવા માટે એક ડ્રાફ્ટ રજૂ કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે, હવે CBFC આ ડ્રાફ્ટ પર પોતાનો જવાબ આપશે અને આગામી સુનાવણી ૩ ઓક્ટોબરે થશે. નોંધનીય છે કે કંગના રનૌતે આ ફિલ્મનું દિગ્દર્શન, સહ-નિર્માણ અને અભિનય કર્યો છે, જેમાં તેણે સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધીની મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેણે અગાઉ સેન્સર બોર્ડ પર ફિલ્મની રિલીઝમાં વિલંબ કરવા માટે પ્રમાણપત્ર આપવામાં વિલંબ કરવાનો આરોપ લગાવ્યો હતો. અગાઉ આ ફિલ્મ ૬ સપ્ટેમ્બરે રિલીઝ થવાની હતી. કેટલાક મીડિયા રિપોર્ટ્સ કહે છે કે સેન્સર બોર્ડની રિવિઝન કમિટીએ ફિલ્મમાં ૧૩ કટનો આદેશ આપ્યો છે અને તેને U/A પ્રમાણપત્ર જારી કર્યું છે. આમાં કથિત રીતે ડિસ્ક્લેમર ઉમેરવા, કેટલાક સંવાદો અને દ્રશ્યો દૂર કરવા અને ફિલ્મમાં ઐતિહાસિક સંદર્ભોને સમર્થન આપવા માટે તથ્યો પૂરા પાડવાનો સમાવેશ થાય છે. આના પર કંગનાએ કહ્યું હતું કે, 'અમને કાપ માટે વિનંતીઓ મળી છે, પ્રતિસાદ હંમેશા આવકાર્ય છે, પરંતુ કેટલાક સૂચનો તદ્દન અયોગ્ય લાગે છે. સારી વાત એ છે કે મોટાભાગના ઈતિહાસકારો અને સમીક્ષા સમિતિના સભ્યોએ તેને નેતાનું સૌથી વફાદાર ચિત્રણ તરીકે વખાણ્યું છે. તેમણે ખાસ કરીને સત્ય પ્રત્યેની અમારી અતૂટ પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી, જેમાં નાની વિગતોમાં પણ સમાધાન કરવામાં આવ્યું નથી. તેમનો ટેકો પ્રોત્સાહક રહ્યો છે, જે પુષ્ટિ કરે છે કે અમે વાર્તાને તે લાયક સન્માન આપ્યું છે. તેમ છતાં, અમે અમારી જમીન પર ઊભા રહેવા અને ફિલ્મની અખંડિતતાનું રક્ષણ કરવા તૈયાર છીએ. તે જ સમયે, અમે ખાતરી કરીએ છીએ કે તેનો સાર અકબંધ રહે છે.






# જાણીતી એક્ટ્રેસે ખુશખુશાલ લગ્નજીવન અંગે આપી સલાહ



એક્ટ્રેસ અને 'બિગ બોસ ઓટીટી ૩' ફેમ સના સુલ્તાન આખરે કોને ડેટ કરી રહી છે. આ સવાલ તેના તમામ ચાહકો જાણવા ઈચ્છે છે. આ દરમિયાન સનાએ હવે પોતાના રિલેશનશિપ અને લગ્ન પર ખુલીને વાત કરી છે. તાજેતરમાં જ સનાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'મેં નિર્ણય લીધો છે કે જ્યાં સુધી મારા નિકાહ ન થઈ જાય ત્યાં સુધી હું મારા રિલેશન જાહેર નહીં કરું. હું મારા સંબંધોને ખાનગી રાખીશ.' સનાએ ઈશારામાં જણાવ્યું કે તે કોની સાથે રિલેશનશિપ માં છે પરંતુ તેનો પાર્ટનર ઈન્ડસ્ટ્રીમાં નથી. સનાએ આજકાલના રિલેશનશિપ નિષ્ફળ કેમ જાય છે તે વિશે જણાવતાં કહ્યું, 'આજકાલ રિલેશનશિપ એટલા માટે તૂટી જાય છે કેમ કે જે વસ્તુ લગ્ન બાદ કરવી જોઈએ, તે લોકો લગ્ન પહેલા કરી લે છે. મને લાગે છે કે લગ્ન પહેલા ફિઝિકલ થવા વાળી વાત ભગવાનને પણ પસંદ આવતી નથી, કેમ કે પછી લગ્નનો રિવાજ જ શા માટે બનાવ્યો. એટલા માટે મને લાગે છે કે જો તમારો પ્રેમ સાચો છે તો તમારે ફિઝિકલ રિલેશન બનાવવાની જરૂર નથી. પહેલાના સમયના લગ્ન એટલા માટે ટકતાં હતાં કેમ કે પહેલાના લોકો નિકાહ પહેલા આ બધી બાબતોમાં પડતાં જ નહોતાં. જો તમે એ નક્કી કરો કે લગ્ન પહેલા ફિઝિકલ રિલેશન રાખશો નહીં તો તમારું લગ્નજીવન ખુશખુશાલ રહેશે.' સનાએ એ પણ કહ્યું કે 'ઘણાં લોકો મારી આ વાતથી સંમત થશે નહીં પરંતુ હું આવું જ વિચારું છું. જ્યારથી મેં આવો નિર્ણય કર્યો છે ત્યારથી હું જીવનમાં ખૂબ ખુશ છું. પોતાની ઉપર કંટ્રોલ રાખવો ખૂબ જરૂરી છે.

# ભારતમાં ફવાદ અને માહિરાની 'મૌલા જટ્ટ'ની રિલીઝ અટવાઈ

### ગાંધી જયંતીએ બ્લોકબસ્ટર પાકિસ્તાની ફિલ્મને રિલીઝ કરવાનું આયોજન હતું


પાકિસ્તાની સ્ટાર્સ ફવાદ ખાન અને માહિરા ખાનને હિન્દી ફિલ્મમાં રોલ આપવાની મથામણ લાંબા સમયથી ચાલી રહી છે. બોયકોટ ટ્રેન્ડ શરૂ થવાની આશંકાએ બોલિવૂડના ફિલ્મ મેકર્સ પાકિસ્તાની સ્ટાર્સ સાથે કામ કરવાની ઈચ્છા દબાવીને બેઠા છે. પાકિસ્તાની સ્ટાર્સ સાથે નવો પ્રોજેક્ટ શરૂ કરવામાં જોખમ વધારે છે, જ્યારે તેમની તૈયાર ફિલ્મને ભારતમાં રિલીઝ કરવામાં ખાસ જોખમ નથી. પાકિસ્તાની સ્ટાર્સનો ફુલ ફ્લેજ અખતરો શરૂ કરતાં પહેલાં ફવાદ અને માહિરા ખાનની ફિલ્મ મૌલા જટ્ટને ભારતમાં રિલીઝ કરવાનું આયોજન હતું. આ ફિલ્મ બીજી ઓક્ટોબરે ગાંધી જયંતીના રોજ રિલીઝ થવાની હતી. જો કે ભારે વિરોધના પગલે હાલ આ ફિલ્મની રિલીઝ અટકાવી દેવામાં આવી છે. ફવાદ અને માહિરાની ફિલ્મને આવકારવા માટે બોલિવૂડ થનગની રહ્યું હતું ત્યારે અચાનક જ કેટલાક લોકોને પાકિસ્તાનમાં ભારતીય ફિલ્મો પ્રત્યેનું વલણ યાદ આવ્યું હતું. પાકિસ્તાનમાં ૨૦૧૯ના વર્ષથી ભારતીય ફિલ્મો પર પ્રતિબંધ મૂકાયેલો છે. પાકિસ્તાને પ્રતિબંધ ન ઊઠાવ્યો હોય તો ભારતમાં પડોશી દેશની ફિલ્મ બતાવવાનું પગલું એક્ઝિબિટર્સને અયોગ્ય લાગ્યુ હતું. આઈકોનિક પાકિસ્તાની ફિલ્મ મૌલા જટની રીમેક તરીકે આ ફિલ્મ બની છે. તેમાં ક્રૂર અને લાલચુ ગેંગ લીડર નૂરી નટ્ટનો રોલ હમઝા અલી અબ્બાસીએ કર્યો છે. જ્યારે નૂરીને ટક્કર આપનારા લોકલ હીરો મૌલા જટ્ટના રોલાં ફવાદ ખાન છે. ૨૦૧૬માં ઉરી હુમલાની ઘટના બાદ ભારતમાં પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ મૂકાયો હતો. આ પ્રતિબંધ અયોગ્ય છે અને કલાને સરહદના સીમાડા નડતા નથી, તેવી દલીલ સાથે સુપ્રીમ કોર્ટમાં અરજી પણ થઈ હતી. પાકિસ્તાની કલાકારો પર મૂકાયેલા પ્રતિબંધો હટાવી લેવાની માગણી સાથે થયેલી અરજીને નવેમ્બર ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટે નકારી કાઢી હતી. મૌલા જટ્ટ ૨૦૨૨માં રિલીઝ થઈ હતી અને ગ્લોબલ બોક્સઓફિસ પર તેને રૂ.૪૦૦ કરોડનું કલેક્શન મળ્યું હતું. ડિસેમ્બર ૨૦૨૨માં તેને રિલીઝ કરવાનો પ્લાન હતો, પરંતુ વાત આગળ વધી ન હતી. ફરી એક વખત તેની રિલીઝ અટવાઈ છે. ફિલ્મની રિલીઝ માટે તૈયારીઓ ચાલતી હતી ત્યારે મહારાષ્ટ્રમાં નવ નિર્માણ સેનાએ ઉગ્ર વિરોધ કર્યો હતો અને થીયેટર માલિકોને માઠાં પરિણામ માટે તૈયાર રહેવા ચીમકી આપી હતી.



**રોનિત રોયે કહ્યુ હતું કે, ફિલ્મનું મહેનતાણુ વાસુ ભગનાની ચૂકવવાના હતા, અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સાથે તેમણે બનાવેલી 'બડે મિયાં છોટે મિયાં' ઊંધા માથે પછડાઈ છે**

# વાસુ ભગનાની સાથે કામ કરવાનું દુઃખદાયક સાબિત થયુંઃ રોનિત

પ્રતિષ્ઠિત પ્રોડ્યુસર તરીકે સ્થાન જમાવનારા વાસુ ભગનાની કેટલાક સમયથી આર્થિક સંકટમાં મૂકાયેલા છે. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સાથે તેમણે બનાવેલી 'બડે મિયાં છોટે મિયાં' ઊંધા માથે પછડાઈ છે. આ ફિલ્મ ફ્લોપ ગયા બાદ તેમના માથે મોટુ દેવું થઈ ગયું હોવાનું કહેવાય છે. આ ઉપરાંત ફિલ્મના ડાયરેક્ટર અલી અબ્બાસ ઝફર સાથેના સંબંધો પણ બગડેલા છે. આ ફિલ્મમાં મહત્ત્વનો રોલ કરનારા રોનિત રોયે વાસુ ભગનાની સાથે કામ કરવાના અનુભવને દુઃખદાયક ગણાવ્યો હતો. રોનિત રોયે કહ્યુ હતું કે, ફિલ્મનું મહેનતાણુ વાસુ ભગનાની ચૂકવવાના હતા. તેમણે ફી આપી પણ ખરી. જો કે, અલી અબ્બાસ ઝફરના સહયોગી હિમાંશુ મેહરાના હસ્તક્ષેપ બાદ માંડ નાણાં મળ્યા હતા. વધુમાં તેમણે કહ્યું હતું કે, મારી સિક્યુરિટી કંપની મુંબઈમાં સેટ્સની સલામતી જાળવે છે અને અન્ય સ્ટાફ પણ રાખેલો છે. આ તમામ સ્ટાફનું પેમેન્ટ ખૂબ વિલંબથી મળ્યું હતું. આ નાણાં મેળવવા માટે પણ હિમાંશુની મદદ લેવી પડી હતી. અલી અબ્બાસ ઝફર પોતાના સ્ટાફના બાકી નાણાં ઝડપથી ચૂકવવા પ્રયાસ કરી રહ્યા છે. ભગનાની સાથે ફરી કામ કરવાની ઈચ્છા ન થાય તેવો વ્યવહાર હતો. ભગનાનીના પૂજા એન્ટરટેઈનમેન્ટ દ્વારા પ્રોડ્યુસ થયેલી 'બડે મિયાં છોટે મિયાં'ને ડાયરેક્ટર અલી અબ્બાસ ઝફરે હાઈજેક કરી લીધી હોવાના આરોપ મૂકાયા છે. આ અંગે રોનિત રોયે જણાવ્યુ હતું કે, વાસુ રોજ સેટ પર આવતા હતા. તેઓ અનુભવી છે અને તેમને આખી ફિલ્મ હાઈજેક થઈ ગઈ તેની ખબર ના પડે? આ વાત શક્ય નથી. અલી અબ્બાસ ઝફરે પોતાના બાકી નાણાં મેળવવા માટે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયાસિને એમ્પ્લોઈઝમાં ફરિયાદ કરી છે.



# સરદાર સરોવર નર્મદા ડેમ પૂર્ણ સપાટીએ છલકાઈ જતાં નર્મદા મૈયાના પાવન જળ રાશિના વધામણાં કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।



ગુજરાતમાં જળક્રાંતિ અને કૃષિક્રાંતિ માટે જિવાદોરી સમાન નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમની જળ સપાટી તેની મહત્તમ ૧૩૮.૬૮ મીટર એટલે કે, ૪૫૫ ફુટ પહોંચી છે. ડેમની આ ૧૩૮.૬૮ મીટર સપાટીએ કુલ જળસંગ્રહ ક્ષમતા ૯૪૬૦ મીલીયન ઘનમીટર છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નર્મદા મૈયાના આ છલકાતાં નીરના વધામણા મંગળવારે બપોરે વિજય મુહૂર્તમાં સરદાર સરોવર ડેમ સાઈટ એક્તા નગર પહોંચીને જળ પૂજનથી કર્યા હતા.

આ વર્ષે વરસાદી મોસમમાં સારા વરસાદને પગલે સરદાર સરોવર ડેમ ૧૧ ઓગસ્ટથી ઓવરફ્લો થવાનો શરૂ થયો હતો. અત્યાર સુધીમાં ૫૧ દિવસ સુધી આ જળાશય ઓવરફ્લો થયું છે અને કુલ ૧૦,૦૧૨ મીલીયન ઘનમીટર એટલે કે, ૮,૧૭૭ સ્છહ્ વ પાણી ઓવરફ્લોને કારણે આવ્યું છે. એટલું જ નહિ, નર્મદા યોજનાના રીવર બેડ પાવર હાઉસ તથા કેનાલ હેડ પાવર હાઉસમાં આ વર્ષે ચોમાસાના સમયમાં કુલ ૧૩૪૩ મેગાવોટ વીજળી તથા અત્યાર સુધીમાં ૬૨૮૩ કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન થઈ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ૧૦,૦૧૪ ગામો, ૧૮૩ શહેરો અને ૭ મહાનગરપાલિકા વિસ્તારો એમ કુલ મળીને ૪ કરોડ જેટલા લોકોને પીવાનું પાણી પુરું પાડતા આ પ્રોજેક્ટના જળાશયમાં પૂર્ણ સપાટીએ છલકાતાં જળ રાશિનું ઉમંગ અને ઉલ્લાસમય વાતાવરણમાં મંત્રોચ્ચાર વચ્ચે પૂજન કર્યુ હતું. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી તરીકેનું સેવા દાયિત્વ સંભાળ્યાના માત્ર ૧૭ દિવસમાં જ નર્મદા ડેમનું બાકીનું કામ પૂર્ણ કરવા તથા ગેટ બેસાડવાની મંજુરી આપી હતી. રાજ્ય સરકારે પણ ત્વરાએ આ કામગીરી હાથ ધરીને ૩૦ દરવાજાઓની કામગીરી સહિતની બધીજ કામગીરી નિર્ધારીત સમય કરતાં ૯ મહિના વહેલી પૂર્ણ કરી દીધી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૭માં તેમના જન્મદિવસ, ૧૭મી સપ્ટેમ્બરે સરદાર સરોવર ડેમનું રાષ્ટ્રાર્પણ કર્યુ છે. ૨૦૧૭માં રાષ્ટ્રાર્પણ પછી અત્યાર સુધીમાં પાંચ વાર આ ડેમ તેની મહત્તમ સપાટીએ ભરાયો છે. સરદાર સરોવર ડેમના છલકાવાથી અગાઉ દરિયામા નિરર્થક વહી જતાં પાણી હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટીવંત નેતૃત્વ અને સુચારુ જળ વ્યવસ્થાપનથી સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ ભરવા તથા સુજલામ સુફલામ યોજના દ્વારા ઉત્તર ગુજરાતના ૯ મોટા-મધ્યમ જળાશયો અને ૯૦૯ તળાવોમાં પહોંચાડવામાં આવે છે.

આ વર્ષે પણ સરદાર સરોવર નર્મદા ડેમ ઓવરફ્લો થતાં રાજ્યની જુદી-જુદી ૧૦ નદીઓમાં નર્મદા જળરાશિ વહેવડાવીને આ નદીઓને જીવંત કરવામાં આવી છે. રાજ્યની અવિરત પ્રગતિના છડીદાર અને ગુજરાતના પાણીઆરા સમાન આ સરદાર સરોવર નર્મદા ડેમના પૂર્ણ સપાટીએ પહોંચેલા જળરાશિના પૂજન-અર્ચનથી જળ શક્તિની વદંના કરવાની પરંપરા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સતત બીજા વર્ષે પણ જળ પૂજન કરીને આગળ ધપાવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે નર્મદા જળપૂજનના આ અવસરે ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન દેશમુખ, છોટાઉદેપુરના સાંસદ શ્રી જશુભાઈ રાઠવા, સંગઠનના પદાધિકારીઓ, મુખ્યસચિવ શ્રી રાજકુમાર, નર્મદા નિગમનાં ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી મુકેશ પુરી, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્યસચિવશ્રીઓ સર્વશ્રી પંકજ જોષી અને એમ.કે. દાસ. સરદાર સરોવર નર્મદા નિગમના ડાયરેક્ટર શ્રી નાદપરા તથા જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા.

# અમદાવાદ ડિવિઝનથી ચાલતી/પસાર થતી 3 ટ્રેનો આંશિક ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

। અમદાવાદ, તા.૧ ।

ઉત્તર રેલવેના ફિરોઝપુર ડિવિઝનના જલંધર કેન્ટ સ્ટેશન પર વિકાસ કામ માટે ટ્રાફિક અને ઓએચઈ બ્લોકને કારણે ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા, જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા અને હાપા-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ ટ્રેનો આંશિક રીતે ડાયવર્ટ કરવામાં આવશે. માર્ગ આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ૫ ઓક્ટોબર ૨૦૨૪ની ટ્રેન નંબર ૧૨૪૭૩ ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા લુધિયાણા-ફિલ્લૌર-નકોદર-લોહીયાં ખાસ-કપૂરથલા-જાલંધર સિટીના રસ્તે ચાલશે.

૨. ૦૨ ઓક્ટોબર ૨૦૨૪ની ટ્રેન નંબર ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા લુધિયાણા-ફિલ્લૌર-નકોદર-લોહીયાં ખાસ-કપૂરથલા-જાલંધર સિટીના રસ્તે ચાલશે.

૩. ૦૧ અને ૦૮ ઓક્ટોબર ૨૦૨૪ની ટ્રેન નંબર ૧૨૪૭૫ હાપા-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સુપરફાસ્ટ એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા લુધિયાણા-ફિલ્લૌર-નકોદર-લોહીયાં ખાસ-કપૂરથલા-જાલંધર સિટીના રસ્તે ચાલશે.

વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# અંકલેશ્વર તાલુકા પંચાયત ખાતે જિલ્લા કક્ષાનો સ્વચ્છતા ટોક કાર્યક્રમ યોજાયો



। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ 'સ્વચ્છ ભારત મિશન'ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં ''સ્વચ્છતા હી સેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા''અભિયાનનું આહ્વાન કર્યુ છે. વડાપ્રધાનશ્રીના આહ્વાનને ઝીલી લઈ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પણ ગત તા. ૧૭ સપ્ટેમ્બરથી ''સ્વચ્છતા હી સેવા'' અભિયાનનો શુભારંભ થયો છે. સ્વચ્છતાની રેલી સ્વચ્છતાના શપથ સૂકા અને ભીના કચરા ઘન કચરા વ્યવસ્થાપનનો યોગ્ય રીતે વ્યવસ્થાપન થાય તે માટે પ્રેઝન્ટેશનના વિવિધ માધ્યમો દ્વારા લોકોને જાગૃત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેને અનુસંધાને સ્વચ્છતા હી સેવા નિમિત્તે અંકલેશ્વર તાલુકા પંચાયત ખાતે સ્વચ્છતા સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આઈ.ટી.સી ગાંધીનગરથી સિંગલ યુઝ પ્લાસ્ટિકના ફાયદા અને ગેરફાયદા વિશે પ્રેઝન્ટેશનથી લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. તદુપરાંત, આ અભિયાનમાં જનભાગીદારી વધારવા માટે સાંસ્કૃતિક ઉત્સવ, શ્રમ દાન દિવસ, સ્વચ્છતા રેલી, સ્વચ્છતાથી સ્વાસ્થ્ય તરફ, ડોર ટુ ડોર જાગૃતિ અભિયાન, શૈક્ષણિક સંસ્થાઓની ભાગીદારી, સ્વચ્છ સેલ્ફી સ્ટેશન, સફાઈ મિત્ર સુરક્ષા શિબિર, સ્વચ્છ સ્વાદ ગલીયા, કચરે સે કંચન વર્કશોપ, સિંગલ યુઝ પ્લાસ્ટિક અંગે જાગૃતિ અભિયાન, સ્વચ્છતા સંવાદ તેમજ સ્વચ્છ કલા પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવનાર છે. સફાઈ મિત્ર સુરક્ષા શિબિર દરમિયાન તમામ સફાઈ કર્મચારીઓ તેમજ વિસ્તારના અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત તમામ સફાઈ કર્મચારીઓ અને તેમના આશ્રિતોના કલ્યાણ માટે પ્રવૃત્તિઓ હાથ ધરાશે.

### ઝાલોદ મુસ્લિમ સમાજ દ્વારા

# તોરણી પ્રા.શાળાની વિદ્યાર્થિની સાથે થયેલ હીન કૃત્ય કરનાર આચાર્યને ફાંસી મળે તેવી માંગ કરી





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

ઝાલોદ મુસ્લિમ સમાજના યુવાઓ દ્વારા આજરોજ તારીખ ૦૧-૧૦-૨૦૨૪ મંગળવારના રોજ મસ્જિદ બજાર માંથી એક રેલી કાઢી હતી આ રેલીમાં સિંગવડ તાલુકાના તોરણી પ્રાથમિક શાળામાં ધોરણ ૦૧ મા ભણતી ૬ વર્ષીય બાળા સાથે તેની જ શાળાના આચાર્ય ગોવિંદ નટ દ્વારા એક શિક્ષકને લજાવે તેવું હીન કૃત્ય કર્યુ હતું. આરોપી ગોવિંદ નટ ફક્ત શિક્ષણ સમાજ કે શિક્ષક સમાજ નહીં પરંતુ દરેક સમાજને લજાવે તેવું કૃત્ય કરેલ છે. ગોવિંદ નટે ૬ વર્ષીય બાળા પર નજર બગાડી હતી તેને તેનામાં સફળતા ન મળતાં ગોવિંદ નટે બાળકીનો શ્વાંશ રુંધાઈ જાય તે રીતે પકડી બાળકીના હત્યા કરી નાખી હતી. મુસ્લિમ સમાજના યુવાનો દ્વારા ગોવિંદ નટને ફાંસી આપો તેવી માંગણી સાથે એક રેલી મામલતદાર કચેરી સુધી કાઢી હતી અને ગોવિંદ નટને ફાંસી મળે તેવી માંગ આવેદનપત્ર આપી કરવામાં આવી હતી.

# ગુજરાતના સુપ્રસિદ્ધ અંબાજી તેમજ બહુચરાજી શક્તિપીઠ ખાતે નવરાત્રી પર્વ નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન

। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।



ગુજરાતના ભક્તિ અને આસ્થાના કેન્દ્ર સમાન માતાજીના દેવસ્થાન તથા શક્તિપીઠ ભારતીય હિન્દુ આધ્યાત્મિક પરંપરાના આધાર સ્તંભ છે. નવરાત્રીના પર્વમાં માતાજીના દેવસ્થાન તેમજ શક્તિપીઠ એક અનેરી ઊર્જાની પ્રતીતિ કરાવે છે. માતાજીની આરાધનાના આ પર્વને વધુ ભવ્ય બનાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા અંબાજી અને બહુચરાજી શક્તિપીઠ સહિત કુલ ૯ દેવસ્થાનો ખાતે નવરાત્રી-સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવનાર છે તેમ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવ્યું છે.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી મુળુભાઈ બેરાના નેતૃત્વમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલા સુપ્રસિદ્ધ અંબાજી શક્તિપીઠ ખાતે આગામી તા. ૩જી થી ૧૧મી ઓક્ટોબર અને મહેસાણા જિલ્લાના બહુચરાજી શક્તિપીઠ ખાતે તા. ૩જી થી ૧૨મી ઓક્ટોબર દરમિયાન નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યમાં માતાજીના અન્ય ૭ દેવસ્થાન ખાતે પણ એક દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત દેવભૂમિ દ્વારકાનાં શ્રી હરસિદ્ધ માતા મંદિર ખાતે તા. ૪ ઓક્ટોબર, મહેસાણા જિલ્લાના શ્રી ઉમિયા માતા મંદિર-ઊંઝા તથા કચ્છના શ્રી આશાપુરા માતાજીના મઢ ખાતે તા. ૫ ઓક્ટોબર, પંચમહાલના શ્રી મહાકાળી મંદિર-પાવાગઢ ખાતે તા.૭ ઓક્ટોબર, અમદાવાદના શ્રી ભદ્રકાલી મંદિર ખાતે તા. ૮ ઓક્ટોબર, સુરેન્દ્રનગરના શ્રી ચામુંડા માતા મંદિર-ચોટીલા તથા મહેસાણાના શ્રી મોઢેશ્વરી માતા મંદિર-મોઢેરા ખાતે તા. ૯ ઓક્ટોબરના રોજ નવરાત્રી પર્વ નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

ગુજરાતનાં તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં શરૂ કરવામાં આવેલ 'વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ' આજે એક વિશેષ ઓળખ બની ચૂક્યો છે. દેશ-દુનિયામાં જાણીતા અને ગુજરાતનાગૌરવસમાનગરબાઆજેવૈશ્વિકઓળખ બન્યા છે, ત્યારે યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબાને 'સાંસ્કૃતિક વિરાસત' પણ જાહેર કરવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા નવરાત્રીના

# ગુજરાત સાયન્સ સિટી ખાતે CSIRના સહયોગથી 'વન વીક વન થીમ' અભિયાન હેઠળ CLP થીમ પર સમાપન સમારોહનું આયોજન



। અમદાવાદ, તા.૧ ।

ગુજરાત સાયન્સ સિટી ખાતે કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR) ના સહયોગથી 'વન વીક વન થીમ' અભિયાન અંતર્ગત કેમિકલ્સ (લેધર સહિત) અને પેટ્રોકેમિકલ્સ (CLP) થીમ પર ૨૮ સપ્ટેમ્બરે સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રસાયણ, લેધર અને પેટ્રોલકેમિકલ્સ ક્ષેત્રોમાં થયેલા મહત્વપૂર્ણ વિકાસ, નવીન સંશોધનો અને સહયોગ અંગે ચર્ચા કરવામાં આવી. ઉદ્યોગપતિઓ, ઉદ્યોગ સાહસિકો, CSIR પ્રયોગશાળાના સંચાલકો, શિક્ષણવિદો અને વિદ્યાર્થીઓ સહિત ૧૬૦થી વધુ લોકો આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં હૈદરાબાદ સ્થિત CSIR – IICT (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ ટેક્નોલોજી)ના ડાયરેક્ટર ડૉ. શ્રીનિવાસ રેડ્ડીએ સહભાગીઓને આવકારીને 'વન વીક વન થીમ' અભિયાનની સંક્ષિપ્ત ઝાંખી રજૂ કરી હતી. પોતાના સંબોધનમાં તેમણે જુદી જુદી CSIR પ્રયોગશાળાઓ અને ગુજરાતના રાસાયણિક ઉદ્યોગો વચ્ચે સહયોગના મહત્વ પર ભાર આપ્યો તથા ભારતના રાસાયણિક કેન્દ્ર તરીકે ગુજરાતને મહત્વનું રાજ્ય ગણાવ્યું.

CSIR-CLRIના ડાયરેક્ટર અને 'વન વીક વન થીમ' અભિયાનના કેમિકલ્સ (લેધર સહિત) અને પેટ્રોકેમિકલ્સ (CLP) થીમના ડાયરેક્ટર ડૉ. કે.જે. શ્રીરામે CLP થીમ અંતર્ગત CSIR પ્રયોગશાળાઓ દ્વારા કરવામાં આવેલી મહત્વની પહેલ અંગે વાત કરી. તેમણે CSIR-CLRI - ચેન્નઈ, CSIR-CSMCRI-ભાવનગર, CSIR-IICT – હૈદરાબાદ, CSIR-IIP-દેહરાદૂન, CSIR-NCL – પૂણે અને CSIR-NEIST – જોરહાટના મહત્વપૂર્ણ યોગદાન વિશે જણાવ્યું. જેમાં સસ્ટેનેબલ રાસાયણિક પ્રક્રિયાઓ, પેટ્રો-કેમિકલ્સ ટેકનોલોજી, લેધર પ્રોસેસિંગ, મીઠાનું ઉત્પાદન અને મરીન કેમિકલ્સ તથા વૈકલ્પિક ઈંધણમાં નવીન સંશોધનો પર તથા અમદાવાદમાં અને ગુજરાતમાં જુદા જુદા ઉદ્યોગો સાથે CSIR પ્રયોગશાળાઓની સહભાગિતા પર ભાર મૂક્યો.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ચાસવડ દ્વારા વાલિયા તાલુકાના ઝોકલા ગામે ડાંગરના પાક પર ક્ષેત્ર દિવસની ઉજવાય કરાઈ

। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।



નવી દિલ્હી હેઠળ ચાલતા કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા (કેવીકે) ના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી થઈ રહી છે ત્યારે ભરૂચ જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ચાસવડ દ્વારા પણ વિવિધ કૃષિ લક્ષી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત વાલિયા તાલુકાના ઝોકલા ગામે ડાંગરના પાક પર ક્ષેત્ર દિવસ ઉજવાયો હતો.સંસ્થાના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા મહેન્દ્રભાઈ પટેલ દ્વારા કૃષક સુવર્ણ સમૃદ્ધિ સપ્તાહ ઉજવણીના ઉદેશ અને કેવીકે દ્વારા ચાલતી વિવિધ કૃષિલક્ષી પ્રવૃતિઓ વિષે લોકોને માહિતગાર કર્યા સાથે હાલના સમયમાં વધુ પડતાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ઉપયોગ ટાળી ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી કરી જમીન, પાણી, હવા અને સ્વાસ્થ્યને બચાવવા વધારે પ્રયત્નો કરવા પડશે અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા હાકલ કરી હતી. વૈજ્ઞાનિક હર્ષદભાઈ વસાવાએ જણાવ્યું સ્વચ્છતા હી સેવા અભિયાન-૨૦૨૪ અન્વયે ગામ,શહેર, ઓફિસ, શાળા, આંગળવાડી વગેરે સ્થળોએ સ્વચ્છતા રાખવા ગ્રામજનોને તેમણે અનુરોધ કર્યો હતો. વૈજ્ઞાનિક લલીતભાઈ પાટીલે જણાવ્યું કે કેવીકે દ્વારા નિદર્શનમાં આપેલ નવસારી કૃષિ યુનિવર્સિટી સાંસોધિત ડાંગરની જી. એન. આર -૬, જાતનું નિદર્શન ખેડૂતોને આપવામાં આવ્યું હતું તેની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી વિષે સંપૂર્ણ જાણકારી આપી અને કૃષિ યુનિવર્સિટી દ્વારા સંશોધિત કઠોળ, ડાંગર, દિવેલા, કપાસ, જુવાર જેવી જાતોનું વાવતેર કરવા જણાવ્યું. બાગાયત વૈજ્ઞાનિક દેવેન્દ્રભાઈ મોદી દ્વારા જણાવ્યું કે વિવિધ શાકભાજી અને ફળ પાકોની ખેતી કરી સારી આવક મેળવી શકાય, જેમાં ખાસ કરીને પાપડીમાં કેવીકે દ્વારા આપેલ નિદર્શનો ગુજરાત નવસારી પાપડી – ૨૧ અને ૨૨, જાત નેત્રંગ અને વાલિયા તાલુકાના ડુંગરાળ વિસ્તારમાં વાવેતર કરી ખેડૂતો સારી આવક મેળવી રહ્યા છે જેનું ઉદાહરણ આપી સમજાવ્યું હતું. પશુપાલન વિષયના વૈજ્ઞાનિક ડૉ. ધનંજય શિંકર દ્વારા આદર્શ પશુપાલનનું મહત્વ, પશુઓના પોષક આહાર માટે જરૂરી મિનરલ મીક્ચર, કૃમિ નિયત્રંણ અને સારી ઓલાદનું કુત્રિમ બીજદાન કરાવી સારું દૂધ ઉત્પાદન મેળવી શકાય. આ કાર્યક્રમમાં વાલિયા તાલુકા પંચાયતના ઉપ-પ્રમુખશ્રી દિનેશભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. આજે તમે તમારા સ્વપ્નની સુંદરીને મળતા જ તમારી આંખો ખુશીથી ચમકી ઊઠશે તથા તમારા હૃદયની ગતિ તેજ થઈ જશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. તમે એક જગ્યાએ ઊભા હશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. પ્રેમમાં ઉતાવળિયું પગલું લેવાનું ટાળવું. આજે તમને કામના સ્થળે એ જાણવા મળી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે આજે તમે જે કેટલાક ભૌતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? ઘરના પ્રવર્વતમાન પરિસ્થિતિને કારણે તમે હતાશ થઈ શકો છો. તમારે તમારી શ્રૃંગારિક કલ્પનાઓ વિશે વધુ સપનાં જોવાની હવે જરૂર નથી.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ આજે થકવનારી તથા તાણયુક્ત હશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે. બસ પ્રેમ કરતા રહો. આજે તમે જે લૅક્ચર અને સેમિનારમાં ભાગ લેશો તે તમને વિકાસના નવા વિચારો આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલેરીયુક્ત આહાર ટાળો. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે? આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે. પ્રેમ જીવન આશા લાવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો. તેમને ફરિયાદ કરવાની કોઈ તક ન આપો. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. પરિવારના સભ્યો તમારા મત સાથે સહમત થશે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. પરિવારમાં નવા સભ્યના આગમનના સમાચાર તમને મુગ્ધ કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે. કામના સ્થળે તમારી માટે નવી સમસ્યાઓ ઊભી થશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો-મદદ લેવા માટે જેમના પર તમે વિશ્વાસ મુકી શકતા હો એવા લોકો સાથે વાત કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

### તહેવારોની સીઝન અગાઉ મોંઘવારીનો ઝટકો

# સતત ત્રીજા મહિને વધ્યા એલપીજી સિલિન્ડરના ભાવ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

આજે ઓક્ટોબર મહિનાનો પહેલો દિવસ છે અને આ પહેલા જ દિવસે મોંઘવારીનો મોટો ઝટકો લાગ્યો છે. મંગળવારે વહેલી સવારે LPG ગેસ સિલિન્ડરની કિંમતોમાં વધારો કરવામાં આવ્યો છે. એટલે કે ૧ ઓક્ટોબર ૨૦૨૪થી ઓઈલ કંપનીઓએ એલપીજી સિલિન્ડરની કિંમતોમાં વધારો કર્યો છે. જો કે, આ વખતે પણ LPG સિલિન્ડરની કિંમતમાં વધારો માત્ર 19 KG કોમર્શિયલ ગેસ સિલિન્ડર માટે કરવામાં આવ્યો છે, તેલ કંપનીઓએ 14 KGના ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કર્યો નથી. ભાવ વધારા બાદ હવે નવા ભાવ પણ સામે આવ્યા છે. તેમના મતે રાજધાની દિલ્હીમાં સિલિન્ડરની કિંમત ૧૬૯૧.૫૦ રૂપિયાથી વધીને ૧૭૪૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર થઈ ગઈ છે. જો આપણે IOCLની વેબસાઈટ પર નજર કરીએ તો ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની નવી કિંમતો ૧ ઓક્ટોબરથી લાગુ થઈ ગઈ છે. જો આપણે રાજધાની દિલ્હી સિવાયના મહાનગરોની વાત કરીએ તો મુંબઈમાં ૧૯ કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમત સપ્ટેમ્બર મહિનામાં ૧૬૦૫ રૂપિયાથી વધારીને ૧૬૪૪ રૂપિયા કરવામાં આવી હતી, ત્યારબાદ તેને ફરી એકવાર વધારીને ૧૬૯૨.૫૦ આપવામાં આવી છે. આ ઉપરાંત અત્યાર સુધી કોમર્શિયલ સિલિન્ડર કોલકાતામાં ૧૮૦૨.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હતો પરંતુ હવે તે ૧૮૫૦.૫૦ રૂપિયા થઈ ગઈ છે. આ સિવાય ચેન્નઈમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૧૯૦૩ રૂપિયા થઈ ગઈ છે જે અત્યાર સુધી ૧૮૫૫ રૂપિયા હતી. સિલિન્ડરની કિંમત દર મહિનાની પહેલી તારીખે બદલાય છે. ક્યારેક ભાવ વધે છે, ક્યારેક ઘટે છે તો ક્યારેક સ્થિર રહે છે. આજે ૧ ઓક્ટોબરના રોજ એલપીજી સિલિન્ડરના નવા દરો જાહેર કરવામાં આવ્યા છે. આ વખતે પણ ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. અત્યારે પણ ૧૪ કિલોના સિલિન્ડરની કિંમત માત્ર ૮૦૩ રૂપિયા છે. જોકે, કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં સતત ત્રીજા મહિને વધારો થયો છે. આ વખતે કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ઈન્ડિયન ઓઈલ દ્વારા જાહેર કરાયેલા લેટેસ્ટ રેટ મુજબ, ૧ ઓક્ટોબર, ૨૦૨૪થી દિલ્હીમાં ૧૯ કિલોનો કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૧૭૪૦ રૂપિયામાં ઉપલબ્ધ છે, જે પહેલા ૧૬૯૧.૫૦ રૂપિયા હતો. મુંબઈમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમત હવે ૧૬૯૨.૫૦ રૂપિયા, કોલકાતામાં ૧૮૫૦.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૧૯૦૩ રૂપિયા થઈ ગઈ છે.







નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૬૪મા એનડીસી કોર્સના ફેકલ્ટી અને કોર્સ સભ્યોને મળ્યા અને સંબોધન કર્યું.

### ૮૮ ટકા ચેપગ્રસ્તનું થાય છે મૃત્યુ

# કોરોના અને મંકીપોક્સ બાદ હવે નવા વાયરસનો 'આતંક'

### કોરોના અને મંકીપોક્સના સતત જોખમો વચ્ચે હવે એક નવો ચેપી રોગ આરોગ્ય નિષ્ણાતો માટે ચિંતા વધારી રહ્યો છે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

વર્ષ ૨૦૨૦થી, સમગ્ર વિશ્વ કોવિડ -૧૯ રોગચાળાનો સામનો કરી રહ્યું છે. અત્યાર સુધી આ વાયરસે ૭૦ કરોડથી વધુ લોકોને પોતાનો શિકાર બનાવ્યા છે. કોરોનાવાયરસ પછી, મંકીપોક્સના દર્દીઓની સંખ્યામાં પણ વૈશ્વિક સ્તરે વધારો જોવા મળ્યો છે. મંકીપોક્સ આ દિવસોમાં સ્વાસ્થ્ય માટે એક મોટું જોખમ છે. તાજેતરની માહિતી અનુસાર, ભારતમાં અત્યાર સુધીમાં ત્રણ દર્દીઓ નોંધાયા છે. કોરોના અને મંકીપોક્સના સતત જોખમો વચ્ચે હવે એક નવો ચેપી રોગ આરોગ્ય નિષ્ણાતો માટે ચિંતા વધારી રહ્યો છે. આ દિવસોમાં, પૂર્વ આળિકન દેશ રવાંડામાં Marburg વાયરસનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. અહીં અત્યાર સુધીમાં ૨૬ કેસની પુષ્ટિ થઈ છે અને તેના કારણે છ લોકોના મોત પણ થયા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના રિપોર્ટ અનુસાર, દેશના ૩૦ માંથી સાત જિલ્લામાં વાયરસના કેસ નોંધાયા છે. ૨૬માંથી ૨૦ કેસ ગંભીર છે અને તેઓ આઈસોલેશનમાં છે. સંક્રમિત લોકોના સંપર્કમાં આવેલા લગભગ ૧૬૦ લોકો પર નજર રાખવામાં આવી રહી છે. Marburg વાયરસ ઘણા કિસ્સાઓમાં પડકારરૂપ હોવાનું કહેવાય છે, તેનો મૃત્યુદર ૮૮% સુધી છે જે નિષ્ણાતો માટે સૌથી મોટી ચિંતાનો વિષય છે. આ વાયરસ ઈબોલા પરિવારનો હોવાનું માનવામાં આવે છે, જેના કેસ અગાઉ પણ નોંધાયા છે. કોરોના વાયરસની જેમ, તે ચામાચીડિયાથી માણસોમાં પણ ફેલાય છે. ચેપગ્રસ્ત વ્યક્તિઓના શરીરના પ્રવાહીના સંપર્કમાં આવવાને કારણે તે એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ફેલાવાનું જોખમ રહેલું છે. WHOએ દરેકને અપીલ કરી છે કે તેઓ વાયરસને રોકવા અને સંક્રમિતોમાં તેની ગૂંચવણો ઘટાડવાના પ્રયાસોને લઈને સાવચેત રહે. નિષ્ણાતોએ કહ્યું કે, ક્લિનિકલ કેર અને ચેપ નિવારણ અને નિયંત્રણ પર ગંભીર ધ્યાન આપવું જોઈએ. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના જણાવ્યા અનુસાર, આ વાયરસ માટે ન તો કોઈ ચોક્કસ સારવાર છે અને ન તો તેને રોકવા માટે કોઈ રસી છે. દવાઓ અને ઈમ્યુનોથેરાપીની શ્રેણી વિકસાવવામાં આવી રહી છે. રવાંડાના આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે અમે ચેપના ફેલાવાનેરોકવા માટેના પગલાં સાથે સંપર્ક ટ્રેસિંગ અને પરીક્ષણ વધારી રહ્યા છીએ. ચેપને રોકવા માટે, લોકોને સામાજિક અંતરનું પાલન કરવાનું ચાલુ રાખવાની સલાહ આપવામાં આવી છે.

### ગુજરાતમાં ગન કલ્ચર ડેવલપ

# ક્રાઈમ બ્રાંચે છેલ્લા પાંચ દિવસમાં ૧૭ હથિયાર ઝડપ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નવરાત્રિમાં સબ સલામતના દાવા થઈ રહ્યા છે ત્યારે જ અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પાંચ દિવસમાં ૧૭ હથિયાર જપ્ત કર્યા છે. જે બાબત ગુજરાતમાં ગન કલ્ચર ડેવલપ થઈ રહ્યું હોવાની સાબિતી આપી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પોલીસે હથિયાર સાથે ઝડપેલા આરોપીઓ ગુનાઈત ઈતિહાસ ધરાવે છે. આગામી દિવસોમાં પણ આ ઓપરેશન ચાલુ જ રહેશે. ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે શોટગન, બાર બોરનું હથિયાર, પિસ્તોલ, કટ્ટા સહિતના અલગ અલગ હથિયાર કબજે કર્યાં છે. અગાઉ પણ ક્રાઈમ બ્રાન્ચે ૮ પિસ્તોલ કબજે કરી હતી. નવરાત્રિ અગાઉ જ પાંચ દિવસમાં ૧૭ હથિયાર, મોટી માત્રામાં કારતૂસ મળી આવતા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આરોપી શા માટે



હથિયાર લાવ્યા હતા અને કોઈ ગુનાઈત પ્રવૃત્તિને અંજામ આપવાના હતા કે કેમ તે મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. ગત અઠવાડિયે પણ ક્રાઈમ બ્રાન્ચે એક જ દિવસમાં ૪ આરોપીને ૮ હથિયાર સાથે ઝડપી લીધા હતા. આરોપીઓએ મધ્ય પ્રદેશના વ્યક્તિ પાસેથી હથિયાર અને કારતૂસ ખરીદ્યા હતા. તમામ આરોપીઓએ ચોરી અને લૂંટ જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા હતા. ક્રાઈમ બ્રાન્ચે અગાઉના કેસમાં પણ હથિયાર મોકલનાર આરોપીની શોધખોળ હાથ ધરી છે. ક્રાઈમ બ્રાન્ચના એસીપી ભરત પટેલે જણાવ્યું હતું કે, અગાઉ હથિયાર સાથે જે આરોપીઓને પકડ્યા હતા તેમની તપાસ દરમિયાન પોલીસની બે ટીમોએ વધુ પાંચ આરોપીને હથિયાર સાથે ઝડપ્યા છે. આરોપીઓએ ઈડરમાં એક વ્યક્તિ પાસેથી હથિયાર ખરીદ્યા હતા. મોહસીન અલી, મોહમ્મદ ફઝીલ, મતિઝ તુર્કી, અનીશ તુર્કી અને મોહમ્મદ ફૈઝાન નામના પાંચ આરોપીઓની ધરપકડ કરીને બે ગુના નોંધવામાં આવ્યા છે. આરોપીઓ ઉત્તર પ્રદેશથી સસ્તામાં હથિયાર લાવીને અમદાવાદમાં વેચી દેતા હતા. આરોપીઓનો જેલમાં એકબીજા સાથે સંપર્ક થયો હતો. જેથી નફો કમાવવા માટે વાત કરીને બહાર આવીને હથિયાર વેચવાનું શરૂ કર્યું હતું.

# બોલિવુડના ફેમસ એક્ટર ગોવિંદાને પોતાના હાથથી જ પગમાં વાગી ગોળી

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

બોલિવુડના ફેમસ એક્ટર ગોવિંદાના પગમાં વાગી ગોળી છે. મળતી માહિતી મુજબ આ ઘટના સવારે સાડા પાંચ વાગ્યાના અરસામાં બની હતી. સવારે ક્યાંક જવા નીકળ્યા હતા. તે જ ક્ષણે ભૂલથી મિસફાયર થયું હતુ. અભિનેતા ગોવિંદાને તેની જ બંદૂકથી પગમાં ગોળી વાગી છે. આ ઘટના સવારે સાડા પાંચ વાગ્યાના અરસામાં બની હતી. સવારે ક્યાંક જવા નીકળ્યા હતા. તે જ ક્ષણે ભૂલથી મિસફાયર થયો હતો. હવે અભિનેતા ક્રિટી કેર હોસ્પિટલમાં દાખલ છે. ગોવિંદા સવારે ક્યાંક જવા માટે નીકળી રહ્યો હતો, ત્યારે આ અકસ્માત થયો. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે પોતાની રિવોલ્વર સાફ કરી રહ્યો હતો ત્યારે તે મિસફાયર થઈ ગઈ. હવે અભિનેતાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ગોળી વાગ્યા પછી હંગામો થઈ ગયો હતો. ઘાયલ ગોવિંદાને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. દરમિયાન પોલીસે ઘટનાસ્થળે પહોંચીને



મામલાની તપાસ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ગોળીબાર બાદ તે ઘટનાસ્થળે પહોંચી અને ગોવિંદાની બંદૂક પોતાના કબજામાં લઈ લીધી. આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. અભિનેતાની રિવોલ્વર ખોટી રીતે નીકળી ગઈ અને ગોળી તેના ઘૂંટણમાં વાગી. ગોવિંદા પાસે લાયસન્સવાળી રિવોલ્વર છે. જો કે તેના પરિવાર અને ટીમે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કર્યું નથી. હાલમાં ગોવિંદાના પગમાંથી ઘણું લોહી વહી ગયું છે, જેના કારણે તેની હાલત ખરાબ થઈ ગઈ છે.

# અમેરિકામાં હેલેન વાવાઝોડાથી ૨૬૦૦ કરોડથી વધુનું નુકસાન

। (એજન્સી) યુએસ, તા.૧ ।

અમેરિકામાં શુક્રવારે આવેલા વાવાઝોડાં હેલેને ફ્લોરિડા અને દક્ષિણ પૂર્વ અમેરિકામાં ભારે વિનાશ વેર્યો છે. વાવાઝોડાંના કારણે અત્યાર સુધીમાં કુલ મૃત્યુઆંક વધીને ૬૦ પર પહોંચી ગયો છે. સૌથી વધુ દક્ષિણ કેરોલિનામાં ૨૪ લોકોના મોત થયા છે. તીવ્ર ગતિએ ફૂંકાતા પવનમાં અનેક મકાનો તૂટી પડ્યા છે. બીજી બાજુ બચાવ કર્મચારીઓએ પૂરના પાણીમાં ફસાયેલા લોકોને બચાવવાની કામગીરી હાથ ધરી હતી. દક્ષિણ અમેરિકામાં ભારે પવન અને ધોધમાર વરસાદ પડ્યા બાદ ભારે વિનાશ થયો છે અને હવે તંત્ર દ્વારા સફાઈ અભિયાન શરૂ કરી દેવાયું છે. વાવાઝોડા હેલેસના કારણે ઉદભવેલી તોફાની લહેરોના કારણે અનેક જગ્યાએ વીજળી પણ જતી રહી છે. વાવાઝોડું એટલું તિવ્ર હતું કે, તેમાં અનેક સડકો અને બ્રિજો તૂટી ગયા છે. દક્ષિણ કેરોલિના, ફ્લોરિડા, જ્યોર્જિયા સહિત અનેક વિસ્તારમાં મોટાપાયે નુકસાન થયું છે.

### યુદ્ધ વધુ ઘાતક બન્યું

# લેબનાનમાં ઘૂસી ઇઝરાયલની સેના, IDFએ શરૂ કર્યું ગ્રાઉન્ડ ઓપરેશન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે થોડા કલાકો પહેલા IDFએ દક્ષિણ લેબનાનમાં હિઝબુલ્લાહ આતંકવાદી લક્ષ્યો સામે સચોટ ગુપ્ત માહિતીના આધારે મર્યાદિત અને લક્ષિત ગ્રાઉન્ડ ઓપરેશન્સ શરૂ કર્યા હતા. આ લક્ષ્યો સરહદની નજીકના ગામોમાં સ્થિત છે અને ઉત્તર ઈઝરાયલમાં ઈઝરાયલી સમુદાયો માટે ખતરો પેદા કરી રહ્યા છે. IDF એ જણાવ્યું હતું કે ઈઝરાયલની એરફોર્સ અને IDF આર્ટિલરી આ વિસ્તારમાં સૈન્ય લક્ષ્યો પર ચોક્કસ હુમલાઓ સાથે ગ્રાઉન્ડ ફોર્સને સપોર્ટ કરી રહી છે. આ ઓપરેશનને પોલિટિકલ ફીલ્ડના નિર્ણય અનુસાર મંજૂરી આપવામાં આવી છે અને તેને અંજામ આપવામાં આવ્યો છે. IDFએ કહ્યું કે અમે યુદ્ધના લક્ષ્યોને હાંસલ કરવા માટે અમારું કામ ચાલુ રાખીશું. ઈઝરાયલ તેના નાગરિકોની સુરક્ષા અને ઉત્તર ઈઝરાયલના નાગરિકોને તેમના ઘરે પરત કરવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યું છે. આ ઓપરેશન પહેલા ઈઝરાયલે અમેરિકાને કહ્યું હતું કે તે ઈઝરાયલની સરહદની નજીક લેબનોનમાં હિઝબુલ્લાહના સ્થાનોને નિશાન બનાવીને મર્યાદિત વિસ્તારમાં ગ્રાઉન્ડ ઓપરેશન કરશે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે પત્રકારોને જણાવ્યું હતુ કે તેઓએ (ઈઝરાયલ) અમને કહ્યું છે કે તેઓ હાલમાં સરહદ નજીક હિઝબુલ્લાહના સ્થાનોને નિશાન બનાવીને મર્યાદિત વિસ્તારમાં ગ્રાઉન્ડ ઓપરેશન ચલાવી રહ્યા છે. મિલરે કહ્યું કે અમેરિકા ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધવિરામને સમર્થન આપવાનું ચાલુ રાખે છે.

## વિશેષ

### પોસ્ટ વિભાગ ૧૭૦ વર્ષનું થયું, પોસ્ટ વિભાગ ઘણી ઐતિહાસિક અને સામાજિક-આર્થિક ઘટનાઓનું રહ્યું છે સાક્ષી

# દેશના સામાજિક - આર્થિક વિકાસમાં પોસ્ટ વિભાગનું મહત્વપૂર્ણ યોગદાન - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ








। (માહિતી) અમદાવાદ ।

પોસ્ટ વિભાગ એ દેશના સૌથી જૂના વિભાગોમાંનું એક છે જે દેશના સામાજિક-આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ૧ ઓક્ટોબર, ૧૮૫૪ના રોજ સ્થપાયેલ ભારતીય પોસ્ટ વિભાગ તેની ૧૭૦ વર્ષની સફરમાં અનેક ઐતિહાસિક અને સામાજિક-આર્થિક ઘટનાઓનું સાક્ષી રહ્યું છે. ઉપરોક્ત નિવેદન ભારતીય પોસ્ટ વિભાગ ના સ્થાપના દિને અમદાવાદ જી.પી.ઓ ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવએ વ્યક્ત કર્યું હતું. આ અવસરે આયોજિત ડાક ચૌપાલમાં, લોકોને પોસ્ટ વિભાગની વિવિધ સેવાઓ વિશે લોકોને જાગૃત કરવામાં આવ્યા. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવ, ધારાસભ્ય દરિયાપુર શ્રી કૌશિકભાઈ જૈન, ડાક નિદેશક સુશ્રી મીતા કે. શાહ, મુખ્ય પોસ્ટમાસ્ટર શ્રી ગોવિંદ શર્મા, અને એજીએમ આઈપીપીબી ડૉ. રાજીવ અવસ્થીએ સાથે મળીને બચત બેંક, સુકન્યા સમૃદ્ધિ યોજના, મહિલા સમ્માન બચત પત્ર, ડાક જીવન વીમા, અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકની પાસબુક, બોન્ડ અને કાર્ડનું વિતરણ કર્યું. જી.પી.ઓમાં રક્તદાન કેમ્પના મારફતે રક્ત દાનને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું. કેક કાપીને 'હેપ્પી બર્થડે ટુ ઈન્ડિયા પોસ્ટ' ગીત પણ ગવાયું. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે પોસ્ટ વિભાગ હવે માત્ર પત્રો, પાર્સલ અને મની ઓર્ડર પૂરતો મર્યાદિત નથી, પરંતુ નાણાકીય સમાવેશ, ડિજિટલ ઈન્ડિયા અને અંત્યોદયની સાથે તમામ સેવાઓ એક છત નીચે ઉપલબ્ધ કરાવવામાં મહત્વ પૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. પોસ્ટ ઓફિસમાં બચત બેંક, ડાક જીવન વીમો, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્ર, આધાર નોંધણી અને અપડેટ, કોમન સર્વિસ સેન્ટર, ડાકઘર નિર્યાત કેન્દ્ર જેવા ઘણા જનસેવાના કાર્યો કરવામાં આવે છે. 'ડાકિયા ડાક લાયા' થી 'ડાકિયા બેંક લાયા' સુધીની સફરમાં ડાક સેવાઓએ ઘણા નવા આયામો સર્જ્યા છે. ડાકઘર નિર્યાત કેન્દ્રોદ્વારાઓડીઓપી,જી.આઈ.,અનેએમએસએમઈના ઉત્પાદનો વિદેશોમાં પહોંચી રહ્યા છે, જે 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ની સંકલ્પનાને મજબૂત કરે છે. દરિયાપુરના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ જૈને જણાવ્યું હતું કે પોસ્ટ ઓફિસ આપણા સૌની યાદો સાથે જોડાયેલી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ડાક સેવાઓમાં ઘણા ફેરફારો થયા છે. આજે દૂરના વિસ્તારોમાં પણ પોસ્ટ ઓફિસો બેંકની ભૂમિકા ભજવી રહી છે. નિદેશક ડાક સેવા સુશ્રી મીતા કે. શાહે સ્થાનિકથી લઈને વૈશ્વિક બજારો સુધી પહોંચવામાં પોસ્ટલ નેટવર્કની સુગમતા અને કાર્યક્ષમતા વિશે માહિતી આપી. તેઓએ જણાવ્યું કે, ઈ-કોમર્સ ઉત્પાદનો માટે કેશ ઑન ડિલિવરીની સુવિધા ઉપલબ્ધ છે. આ અવસરે મેનેજર એમ.એમ.એસ શ્રી ધરમ વીર સિંહ, એજીએમ આઈપીપીબી ડૉ. રાજીવ અવસ્થી, મુખ્ય પ્રબંધક શ્રી કપિલ મંત્રી, ડેપ્યુટી ચીફ પોસ્ટ માસ્ટર શ્રી અલ્પેશ શાહ, સહાયક નિર્દેશક સુશ્રી એમ એ પટેલ, શ્રી રિતુલ ગાંધી, વરિષ્ઠ પ્રબંધક શ્રી સ્નેહલ મેશરામ અને અન્ય ઘણા અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

## ન્યૂઝ બ્રિફ

### સાબરકાંઠામાં અકસ્માત બાદ દોઢ કરોડની લૂંટ

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧ ।

સાબરકાંઠામાં અકસ્માત બાદ લૂંટની ઘટનાથી સનસનાટી મચી ગઈ છે. કારે પલ્ટી ખાધા બાદ કારમાં દોઢ કરોડ ભરેલા બે થેલા લૂંટારુઓ લૂંટી ગયા હતા. કારચાલકે લૂંટ થયાની પોલીસને જાણ કરી હતી. પોલીસે કારચાલકની ફરિયાદના પગલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસ ટીમોમાં સ્થાનિક પોલીસ અને એલસીબીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સાબરકાંઠાના પ્રાંતિજમાં લૂંટના બનાવના પગલે પોલીસે સમગ્ર જિલ્લાની નાકાબંધી કરી છે. દરેક નાકા પર વાહનોનું ચેકિંગ થવા માંડ્યું છે. આ ઉપરાંત પોલીસે તેના બાતમીદારોની ફોજ પણ સક્રિય કરી દીધી છે. પોલીસને ટૂંક સમયમાં જ આરોપીઓના સગડ મળે તેવી આશા છે. પોલીસને શંકા છે કે આ અકસ્માત પણ કદાચ લૂંટના કાવતરાના આયોજનનો હિસ્સો હોઈ શકે. આમ પોલીસ આ પાસા પર પણ તપાસ કરી રહી છે.

### અમદાવાદમાં આરટીઇ બાળકો સાથે ભેદભાવ જારી

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદમાં આરટીઈ (RTE) ના બાળકો સાથે ભેદભાવ જારી છે. પૂના ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા બાળકો સાથે ભેદભાવ કરવામાં આવી રહ્યો છે. બાળકો પાસે ૧૦ હજાર રૂપિયાની ફી માંગતા વિરોધ થયો હતો. અગાઉ પણ આરટીઈના બાળકો પાસે ફી માંગતા વિરોધ થયો હતો.આજે ફરીથી આરટીઈના બાળકો પાસે ફી માંગતા વિરોધ થયો છે. આજે સ્કૂલ ફરીથી આરટીઈના બાળકોને હેરાન કરતી હોવાનું સામે આવ્યું છે. બાળકોને વોશરૂમ ના જવા દેવાનો વાલીનો આરોપ છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લાના ઝૂંડાલની પુના ઈન્ટરનેશલ સ્કૂલ આ પહેલા પણ આરટીઈ બાળકો સાથે ભેદભાવને લઈને વિવાદમાં આવી ચૂકી છે. સ્કૂલના સંચાલકો દ્વારા આરટીઈ હેઠળ પ્રવેશ મેળવેલ બાળકો સાથે ભેદભાવ કરવામાં આવતાં વિવાદ સર્જાયો છે.સ્કુલ મેનેજમેન્ટ દ્વારા ઈ્ઈના બાળકોને અલગ રૂમમાં બેસાડવામાં આવતા હોવાનું સામે આવ્યું છે.

# અમદાવાદ શહેરની શાળાઓમાં RTO અને ટ્રાફિક પોલીસની ઓચિંતી મુલાકાત

## વિદ્યાર્થીઓને બિનઅધિકૃત વાહનો લાવવા મુદ્દે એક લાખથી વધુ દંડ ફટકારાયો



। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ શહેર DEO અને ગ્રામ્ય DEO દ્વારા આટીઓ અને ટ્રાફિક પોલીસ વિભાગની ટીમને સાથે રાખી જુદી-જુદી શાળાઓમાં સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં એક શાળામાં ૨૦ વિદ્યાર્થીઓને બિનઅધિકૃત વાહનો લાવવા મુદ્દે ૩૮ હજાર જેટલો અને અન્ય શાળાઓમાં સ્કૂલ બસ, સ્કૂલ રીક્ષા તેમજ સ્કૂલ વાન સહિતના વાહનોને વીમો, પીયુસી અને લાઈસન્સ સહિતના નિયમોના ભંગ બદલ ૬૫ હજાર જેટલો દંડ ફટકારવામાં આવ્યો હતો.

૩૦ સપ્ટેમ્બરના સવારે અમદાવાદ શહેર DEO અને ગ્રામ્ય DEO દ્વારા RTO અને ટ્રાફિક પોલીસની ટીમે સાથે મળીને સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરી હતી. પહેલીવાર આ પ્રકારે બંને ડીઈઓ દ્વારા શાળામાં સુરક્ષાને લઈને ઓચિંતી તપાસ શરૂ કરાઈ હતી. જેમાં અમદાવાદ શહેરના ડીઈઓની ટીમ શાહીબાગમાં આવેલી રાજસ્થાન હિન્દી હાઈસ્કૂલમાં પહોંચી હતી. જ્યાં સ્કૂલ બસ તેમજ સ્કૂલ રીક્ષા અને સ્કૂલ વાન પાસે વીમો અને પીયુસી હતાં જ નહીં, તેમજ ડ્રાઈવરો પાસે લાઈસન્સ પણ ન હતું. જેથી, આરટીઓ દ્વારા વાહન ચાલકોને ૪૬,૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ સિવાય ટ્રાફિક પોલીસ દ્વારા ૧૮,૫૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ પહેલાં રાજ્ય સરકારના આદેશથી તમામ ડીઈઓ દ્વારા શાળાઓમાં વિદ્યાર્થીઓની સુરક્ષા તેમજ સુરક્ષાને લઈને સ્કૂલ બસ, સ્કૂલ રીક્ષા અને સ્કૂલ વાનના તમામ પ્રકારના દસ્તાવેજ ક્લિયર રાખવા ખાસ તાકીદ અને આદેશ કરવામાં આવ્યો હતો. તેમ છતાં રાજસ્થાન હિન્દી હાઈસ્કૂલમાં આ પ્રકારે જરૂરી દસ્તાવેજ વિના જ વાહન ચાલકો દ્વારા વિદ્યાર્થીઓને લાવવા અને લઈ જવા સ્કૂલ બસ, સ્કૂલ રીક્ષા અને સ્કૂલ વાનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ પ્રકારે વિદ્યાર્થીઓની સુરક્ષાને અવગણીને જોખમી મુસાફરી કરવામાં આવી રહી છે.બીજી તરફ અમદાવાદ ગ્રામ્ય ડીઈઓ દ્વારા આજે સવારે સેટેલાઈટની નારાયણ ગુરૂ સ્કૂલમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરાયું હતું. જ્યાં પણ આરટીઓ અને ટ્રાફિક પોલીસવિભાગનાઅધિકારીઓની ટીમને સાથે રાખી બિનઅધિકૃ ત રીતે સગીર વયના વિદ્યાર્થીઓ લાઈસન્સ વિના શાળાએ વાહન લઈને આવે છે કે નહીં તેની તપાસ કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૯ થી ધોરણ ૧૨ સુધીના ૨૦ જેટલાં વિદ્યાર્થીઓ બિન અધિકૃત રીતે વાહનો લઈને શાળાએ આવ્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેમાં સૌથી વધુ ધોરણ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ તમામ વિદ્યાર્થછીઓને ટ્રાફિક પોલીસ અને આરટીઓ દ્વારા ૩૮ હજાર જેટલો દંડ કરાયો હતો. જેમાં આરટીઓ વિભાગ દ્વારા ૨૦ હજાર અને ટ્રાફિક પોલીસ દ્વારા ૧૮ હજાર રૂપિયા જેટલો દંડ કરાયો હતો. આમ, બંને ડીઈઓ કચેરી દ્વારા કરવામાં આવેલી સરપ્રાઈઝ ચેકિંગમાં વિદ્યાર્થીઓથી માંડી સ્કૂલ વર્ધીના વાહન ચાલકોને એક લાખથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો હતો. અમદાવાદમાં પહેલીવાર શાળાઓમાં જઈને આ પ્રકારનું ચેકિંગ અને દંડની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા તમામ સ્કૂલોની સરપ્રાઈઝ ચેકિંગ બાદ પરિપત્ર પણ જાહેર કરવામાં આવ્યો હતો કે, જો આ પ્રકારે સ્કૂલ વર્ધીના વાહનો પાસે જરૂરી દસ્તાવેજ નહીં હોય તો શાળાને પણ દંડ ફટકારવામાં આવશે.

### અત્યાર સુધીમાં ૫૧ દિવસ સુધી આ જળાશય ઓવરફ્લો થયો

## સરદાર સરોવર નર્મદા ડેમ ખાતે નર્મદા મૈયાના જળ છલકાતાં મુખ્યમંત્રીએ નીરના વધામણા કર્યા

। (એજન્સી) નર્મદા, તા.૧ ।

સરદાર સરોવર નર્મદા ડેમ ખાતે નર્મદા મૈયાના છલકાતાં નીરના વધામણા આજે મંગળવાર ૧ ઓક્ટોબરના રોજ બપોરે વિજય મુહૂર્તમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જળ પૂજનથી કર્યા હતા.

આ વર્ષે ચોમાસાની ઋતુમાં વરસેલા સારા વરસાદને પગલે, સરદાર સરોવર ડેમ ૧૧ ઓગસ્ટથી ઓવરફ્લો થવાનો શરૂ થયો હતો. અત્યાર સુધીમાં ૫૧ દિવસ સુધી આ જળાશય ઓવરફ્લો થયો છે અને કુલ ૧૦,૦૧૨ મીલીયન ઘનમીટર એટલે કે, ૮,૧૭૭ સ્છ્હ્ર પાણી ઓવરફ્લોને કારણે આવ્યું છે.

નર્મદા યોજનાના રીવર બેડ પાવર હાઉસ તથા કેનાલ હેડ પાવર હાઉસમાં આ વર્ષે ચોમાસાના સમયમાં કુલ ૧૩૪૩ મેગાવોટ વીજળી તથા અત્યાર સુધીમાં ૬૨૮૩ કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન થઈ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ૧૦,૦૧૪ ગામો, ૧૮૩ શહેરો અને ૭ મહાનગરપાલિકા વિસ્તારો એમ કુલ મળીને ૪ કરોડ જેટલા લોકોને પીવાનું પાણી પુરું પાડતા આ પ્રોજેક્ટના જળાશયમાં પૂર્ણ સપાટીએ છલકાતાં જળ રાશિનું ઉમંગ અને ઉલ્લાસમય વાતાવરણમાં મંત્રોચ્ચાર વચ્ચે પૂજન કર્યુ હતું. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી તરીકેનું સેવા દાયિત્વ સંભાળ્યાના માત્ર ૧૭ દિવસમાં જ નર્મદા ડેમનું બાકીનું કામ પૂર્ણ કરવા તથા ગેટ બેસાડવાની મંજૂરી આપી હતી. રાજ્ય સરકારે પણ ત્વરાએ આ કામગીરી હાથ ધરીને ૩૦ દરવાજાઓની કામગીરી સહિતની બધીજ કામગીરી નિર્ધારીત સમય કરતાં ૯ મહિના વહેલી પૂર્ણ કરી દીધી હતી.

# AMCએ નવરાત્રિ માટે : હરાજી વિના પ્લોટ ફાળવણી કરતાં મામલો હાઇકોર્ટમાં પહોંચ્યો

### મણિનગરના મણિયારા અને સ્કાય ઇવેન્ટને હરાજી વિના ગ્રાઉન્ડ ફાળવી દેવાનો આક્ષેપ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પરિપત્રનું ઉલ્લંઘન કરી નવરાત્રિના આયોજન માટે પ્લોટ કે ગ્રાઉન્ડની હરાજી કર્યા સિવાય જ પ્લોટની ફાળવણી કરી દેવાનો વિવાદ હાઈકોર્ટ સમક્ષ પહોંચ્યો છે. આ કેસની સુનાવણી આજે હાઈકોર્ટ સમક્ષ નીકળે એવી શક્યતા છે. આ સમગ્ર મામલે મેસર્સ સરકાર ઈવેન્ટ્સ એન્ડ હોસ્પિટાલિટી સર્વિસિસના પાર્ટનર આકાશ પી. સરકાર દ્વારા હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન કરાઈ છે. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરાયા છે કે ૨૮-૧૦-૨૦૨૨ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા એક પરિપ ત્ર કરવામાં આવ્યો છે અને એ મુજબ નવરાત્રિના આયોજન માટે ગ્રાઉન્ડ કે પ્લોટ હરાજીના મારફતે ફાળવવાનું ઠરાવવામાં આવ્યું હતું. અરજદાર દ્વારા મણિનગર વિસ્તારમાં આવેલા ક્રાંતિવીર રાજગુરુ વ્યાયામ ગ્રાઉન્ડ(એસજી ગ્રાઉન્ડ) ખાતે નવરાત્રિનું આયોજન કરવાની મંજૂરી મેળવવા અરજી કરવામાં આવી હતી. તે ઉપરાંત જૂનમાં પણ આવા જ આયોજન માટે કાંકરિયા ફુટબોલ ગ્રાઉન્ડ ફાળવવા અરજી કરવામાં આવી હતી. આ અરજી નવરાત્રિ શરૂ થાય એના મહિનાઓ પહેલા કરવામાં આવી હોવા છતાંય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીએ મણિનગર મણિયારો અને સ્કાય ઈવેન્ટ્સને નવરાત્રિના આયોજન માટે પ્લોટ્સની ફાળવણી કોઇ પણ પ્રકારની હરાજી કર્યા વિના કરી હતી. જે અંગે ૧૧-૦૭-૨૦૨૪ અને ૨૭-૦૬-૨૦૨૪ના રોજ ઠરાવ કરાયા હતા. આ અંગે અરજદાર કંપની દ્વારા કોપ ોરેશનને પણ ધ્યાન દોરાયું હતું. તેમ છતાંય કોર્પોરેશન દ્વારા કોઇ પણ પ્રકારની હરાજી કે એવી કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવાનું પસંદ કર્યું નહોતું. જો કોર્પોરેશન દ્વારા હરાજી મારફતે પ્લોટની ફાળવણી કરવામાં આવી હોત તો કોર્પોરેશનને વધુ આવક થઈ શકી હોત. તેમ છતાંય કોર્પોરેશને પોતાના જ પરિપત્રનો ભંગ કરી હરાજી કરવાનું ટાળ્યું હતું. તેથી કોર્પોરેશનનું આ વર્તન અરજદાર સાથે પૂર્વાગ્રહ ભરેલું તો છે જ પરંતુ જાહેર નાણાંને નુકસાન પહોંચાડનારું પણ છે. તેથી અરજદાર જોડે હાઈકોર્ટ સમક્ષ રિટ કરવા સિવાયનો કોઇ વિકલ્પ નહીં બચતાં રિટ પિટિશન ફાઈલ કરવામાં આવી છે. અરજદારે રિટમાં એવી દાદ માગી છે કે બંને પ્રતિવાદીઓને કોઇ પણ પ્રકારની કાયદેસરની પ્રક્રિયાનો અમલ કર્યા સિવાય કરવામાં આવેલી પ્લોટની ફાળવણી રદ કરવામાં આવે. કોર્પોરેશનને આદેશ કરવામાં આવે કે તેઓ પોતાના પરિપત્રને અન્વયે હરાજી કરીને પ્લોટની ફાળવણી નવરાત્રી માટે કરે. બંને કંપનીઓને પ્લોટ કે ગ્રાઉન્ડ આપવા માટેના ઠરાવ પર વચગાળાનો સ્ટે પણ આપવામાં આવે.

### સુરતમાં પાલિકાના બનાવટી કર્મચારીઓની ગેંગ ઝડપાઈ

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરત શહેરમાં અત્યાર સુધીમાં નકલી ઘી, નકલી પાન મસાલા, નકલી ડોક્ટર, નકલી પોલીસ અધિકારી ઝડપાયા હોવાના કિસ્સા સામે આવ્યા છે. ત્યારે હવે નકલી સુરત મહાનગર પાલિકાના કર્મચારી ઝડપાયા હોવાનો કિસ્સો સામે આવ્યો છે. સુરતના સરથાણા વિસ્તારમાં સુરત મહાનગર પાલિકાના યુનિફોર્મ જેવા જ કપડાં પહેરીને લોકો પાસેથી ફૂડ સેફટી લાઈસન્સના બદલામાં પૈસા પડાવનારા ત્રણ નકલી કર્મચારીની સુરતની સરથાણા પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. એડવોકેટ રોહન ગોસ્વામી અને તેની સાથે રહેલી બે મહિલા સુરત મહાનગરપાલિકાના નકલી ફુડ સેફટી ઓફિસર બનીને દુકાનદારોને ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ના લાયસન્સ કાઢવાનું જણાવતા હતા.

# ચાંદખેડામાં આવેલા કાપડના ગોડાઉનના ભોંયરામાં લાગી ભીષણ આગ લાગી

### આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી પહેલા માળ સુધી આગ પહોંચી ગઈ હતી



। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

રાજ્યમાં આગના બનાવો દિવસે અને દિવસે વધી રહ્યા છે. અમદાવાદ ફાયર બ્રિગેડ કંટ્રોલને આગના રોજે રોજ પાંચ કોલ મળે છે. ત્યારે આજે વધુ એક આગનો બનાવ સામે આવ્યો છે. અમદાવાદનાં ચાંદખેડા વિસ્તારમાં વિસત ગાંધીનગર હાઈવે પર ડી માર્ટ પાસે આવેલા કાપડના ગોડાઉનના ભોંયરામાં વહેલી સવારે ભીષણ આગ લાગવાની ઘટના બની છે. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ૯ જેટલી ગાડીઓ હાલ ઘટનાસ્થળે પહોંચી છે. ફાયરના જવાનો દ્વારા આગને કાબૂમાં લેવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. ભોંયરામાં આગ લાગી હતી. જેના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી પહેલા માળ સુધી આગ પહોંચી ગઈ હતી.

સવારે ૭:૦૦ વાગ્યાની આસપાસ ચાંદખેડા વિસ્તારમાં ડી માર્ટની પાછળ અવની બંગ્લોઝના ભાગે UNITED ૧૮ના ગોડાઉનમાં આગ લાગવાની ઘટના બની હતી. આસપાસના સ્થાનિક રહીશોએ આગ લાગેલી જોતા તાત્કાલિક ફાયર બ્રિગેડની ટીમને જાણ કરી હતી. ચાંદખેડા ફાયર સ્ટેશનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. આજુબાજુમાં રહેણાંક વિસ્તાર હોવાના કારણે એમ્બ્યુલન્સ સહિત ફાયરબ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. આજુબાજુમાં રહેણાંક વિસ્તાર આવેલો છે તેમાં મોટા પ્રમાણમાં કાપડના જથ્થા સાથેનું ગોડાઉન કેવી રીતે બનાવવામાં આવ્યું અને તેને મંજૂરી હતી કે કેમ તેને લઈને સવાલ ઊભા થયા છે.ફાયરબ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયાસો શરૂ હતા. આગ કાબૂમાં આવી ગઈ છે પરંતુ કાપડનું ગોડાઉન હોવાથી ભોયરામાં ખૂબ ધૂમાડો હોવાથી કામગીરી કરવામાં આવી રહી છે. બ્લોરની મદદથી ધુમાડો બહાર કાઢવામાં આવી રહ્યો છે. બે થી ત્રણ કલાક સુધી હજી કુલિંગ અને ધુમાડો બહાર કાઢવાની કામગીરી ફાયરબ્રિગેડ દ્વારા કરવામાં આવશે.

# આરોગ્ય સંસ્થાઓમાં સેવા આપતા વીઝીટીંગ સુપર સ્પે. તબીબોના વેતનમાં વધારો

### દૂર કરાયેલા દબાણો વારંવાર પુનઃ ગોઠવાઈ જતા પાલિકાના અધિકારીઓ સામે સવાલો ઉઠ્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પ્રેસ-મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં રાજ્યના સી.એમ. સેતુ યોજના અંતર્ગત ફરજ બજાવતા વીઝીટીંગ તજજ્ઞો / સુપર સ્પેશીયાલીસ્ટ ડોક્ટરોના માનદ વેતનમાં વધારો કરવાનો મહત્વ પૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યના સામુહિક આરોગ્ય કેન્દ્રો, પેટા જિલ્લા હોસ્પિટલો અને જિલ્લા હોસ્પિટલો ખાતે ફરજ બજાવતા આ તબીબોને અગાઉ પ્રતિ કલાક અંતરના આધારે અપાતા વેતનમાં હવે વધારો કરાયો છે.મંત્રી ઋષિકેશ પટેલે માહિતી આપતા કહ્યું હતું કે, પીડિયાટ્રીશીયન અને જનરલ ફિઝિશીયનને પ્રતિ દિન રૂ. ૩,૦૦૦ તેમજ આ સિવાયના તમામ સુપર સ્પેશીયાલીસ્ટ ડોકટરોને પ્રતિ દિન રૂ. ૨,૦૦૦ માનદ વેતન ચૂકવવામાં આવશે, જેની સામે આ તબીબોએ રોજની લઘુત્તમ ૩ કલાકની ફરજીયાત સેવાઓ આપવાની રહેશે. આ મહેનતાણા ઉપરાંત સર્જરીના પ્રકારને આધારે ડોકટરોને રૂ. ૩૦૦ થી ૨,૦૦૦ સુધીનું ઈન્સેન્ટીવ પણ મળવા પાત્ર રહેશે. સર્જરી દરમિયાન એનેસ્થેટીસ્ટની સેવાઓ લેવામાં આવે તો આવી આવી સર્જરીની અત્યારે જે પ્રોત્સાહક રકમ છે, તે રકમની ૫૦ ટકા રકમ અલગથી એનેસ્થેટીસ્ટને આપવામાં આવશે. પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું કે, આ તજજ્ઞ ડોકટરો કોઈપણ મર્યાદા વગર મહિનામાં જેટલા દિવસ સેવા આપવી હોય તેટલા દિવસ સેવા આપી શકશે.

### ૧૫ દિવસના બાળકને ઉપાડી ગયાની રજૂઆત કરવામાં આવી હતી

## સાબરકાંઠામાં સગી જનેતાએ બાળકની હત્યા કરતા ચકચાર

। (એજન્સી) સાબરકાંઠા, તા.૧ ।

સાબરકાંઠામાં સગી જનેતાએ બાળકની હત્યા કરી છે. ગુમ થયેલા બાળક અંગે પોલીસે તપાસ કરતાં માતા જ હત્યારી નીકળી હતી. ખેતમજૂરી કરતાં પરિવારનું બાળક ગુમ થયું હતું. ૧૫ દિવસના બાળકને ઉપાડી ગયાની રજૂઆત કરવામાં આવી હતી. ૧૫ દિવસના બાળકને ઉપાડી ગયાની રજૂઆત હતી. બાળકને અજાણ્યા લોકો ઉપાડી ગયાની રજૂઆત હતી. પોલીસે કુટુંબીજનોની પૂછપરછ કરી હતી. છેવટે પોલીસની ઉલટ તપાસમાં સગી જનેતા જ હત્યારી નીકળી હતી. જનેતાએ જ કૂવામાં બાળકને ફેંકી દઈને ગુમ હોવાનું નાટક કર્યુ હતું. પોલીસની હાજરીમાં બાળકને કૂવામાંથી બહાર કાઢવામાં આવશે. ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા છે. પોલીસે શા માટે બાળકની માતાએ હત્યા કરી તેની તપાસ આદરી છે. ઘરકંકાસ છે કે પ્રેમસંબંધ છે તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. આ બનાવના પગલે લોકો કળિયુગી માતા પર ફિટકાર વરસાવી રહ્યા છે. તેની સાથે કહી રહ્યા છે કે માતા જ કુમાતા નીકળી અને બાળકને ખતમ કરી નાખ્યો. આટલા નાના બાળકનો ગુનો શું હતો.

# ભાષાની ગેરસમજના કારણે ઝઘડો થયા બાદ વિદેશી વિદ્યાર્થિને માર માર્યો

### પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી

। (એજન્સી) વડોદરા, તા.૧ ।

વાઘોડિયા તાલુકાના આકડીયાપુરા ગામ પાસેથી પસાર થતા એક વિદેશી વિદ્યાર્થીને રોકીને ગામના કેટલાક શખ્સોએ પૂછપરછ કરી હતી. આ દરમિયાન બંને વચ્ચે ભાષાની ગેરસમજના કારણે ઝઘડો થયા બાદ ગામના લોકોએ વિદેશી વિદ્યાર્થીને લાકડી તેમજ લોખંડની પાઈપોથી બેરહેમી પૂર્વક મારી ઈજા પહોંચાડી હતી. વાઘોડિયા તાલુકાના ગુગલીયા પુરા ગામે શુભ પ્લાઝા ખાતે રહેતો તેમજ મૂળ ન્યૂગીનીના વિદ્યાર્થી પાયો એરીકે આકડીયાપુરા ગામમાં રહેતા મહેશ મથુર પરમાર, જગદીશ અંબાલાલ પરમાર, સુનિલ મણીલાલ વસાવા, રાહુલ મણીલાલ વસાવા તેમજ અન્ય ૧૦ માણસો સામે વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું લીમડા ગામે આવેલી પારુલ યુનિવર્સિટીમાં બીએસસી ન્યુરોલોજીના બીજા વર્ષમાં અભ્યાસ કરું છું. રવિવારની રજા હોવાથી હું મારા મિત્રની સાઈકલ લઈને સવારે વાઘોડિયા ગામમાં ફરવા માટે નીકળ્યો હતો. ફરતા-ફરતા વાઘોડિયાથી આગળ નીકળી જઈ કેનાલવાળા રોડ પર જતો હતો ત્યારે આકડીયાપુરા ગામના કેટલાક લોકોએ મને ઉભો રાખી પૂછપરછ કરતા હતા, પરંતુ તેઓની ભાષા મને ખબર પડી ન હતી અને હું અંગ્રેજીમાં વાત કરતો હતો. તેઓ મારી ભાષા સમજી શકતા ન હતા. આ ગેરસમજના કારણે તેઓ મોટેથી બોલી મને અપશબ્દો કહેતા હતા. દરમિયાન ગામના લોકો મને મારશે તેવી બીકે હું સાઈકલ લઈને ભાગવા જતો હતો ત્યારે મારો પીછો કરી ગામના લોકોએ પકડી લીધા બાદ લાકડી અને લોખંડની પાઈપથી તેમજ ઢોર માર માર્યો હતો.

## માંડા ડુંગર વિસ્તારમાં દેશી દારુ બનાવતી ભઠ્ઠી પર દરોડા

। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

રાજ્યમાં નશાકારક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા અવારનવાર નશાકાર વસ્તુઓ ઝડપાતી રહે છે. ત્યારે રાજકોટમાં દેશી દારુ બનાવતી ભઠ્ઠી ઝડપાઈ હોવાની ઘટના સામે આવી છે. માંડા ડુંગર વિસ્તારમાં દેશી દારુની ભઠ્ઠી ધમધમતી હોવાનું સામે આવ્યુ હતુ. મળતી માહિતી અનુસાર પીઠડ આઈ સોસાયટીની અંદર જ દારુ તૈયાર કરવામાં આવતો હતો. ત્યાર બાદ અલગ અલગ ફ્લેવરમાં દેશી દારુના પાઉચ બનાવવામાં આવતા હતા. ઓરેન્જ અને વરીયાળી ફ્લેવર્સનો પણ દેશી દારૂ બનાવવામાં આવતો હતો. પીસીબીએ બાતમીના આધારે દરોડો પાડીને મહેશ કરમશી ડાભી નામના શખ્સની ધરપકડ કરી છે.

# ઓસ્ટ્રેલિયાના યુવકને ટોર્ચર કરતો વીડિયો કોલ કરી પિતા પાસેથી રૂ. ૫ લાખ પડાવ્યા

### મૂળ મહેસાણાના અને થલતેજમાં રહેતા મહેન્દ્રભાઇ પટેલ ગામમાં ખેતીકામ કરે છે, તેમનો પુત્ર સ્મિત ઓસ્ટ્રેલિયામાં રહે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

થલતેજમાં રહેતા પરિવારનો પુત્ર સ્મિત ઓસ્ટ્રેલિયામાં રહે છે. થોડા સમય પહેલાં અમદાવાદના માથાભારે તત્ત્વો ઋષિ પટેલ અને વિશાલ રબારી તે પરિવારના ઘરે પહોંચી ગયા હતા. તેમણે ઓસ્ટ્રેલિયામાં રહેતા સ્મિત પટેલ પાસેથી ૫૦ હજાર ઓસ્ટ્રેલિયન ડોલર લેવાના હોઈ મહેન્દ્રભાઈ પટેલ પાસે ઉઘરાણી કરી હતી. મહેન્દ્રભાઈએ કોલ કરતાં સ્મિતે કોઈ જ રૂપિયા આપવાના નથી તેમ કહ્યું હતું. આખરે ધમકી આપીને ગયેલા ઋષિ અને વિશાલે ઓસ્ટ્રેલિયામાં સ્મિત પર હુમલો કરાવ્યો હતો. તેનો વીડિયો કોલ કરાવી મહેન્દ્રભાઈ પાસેથી પૈસા પડાવ્યા હતા. મૂળ મહેસાણાના અને થલતેજમાં રહેતા મહેન્દ્રભાઈ પટેલ (૫૯) ગામમાં ખેતીકામ કરે છે. તેમનો પુત્ર સ્મિત ઓસ્ટ્રેલિયામાં રહે છે. દોઢ મહિના અગાઉ અજાણ્યા નંબર પરથી તેમને ફોન આવ્યો હતો કે તારા પુત્ર પાસેથી મારે ૫૦ હજાર ઓસ્ટ્રેલિયન ડોલર લેવાના છે. મહેન્દ્રભાઈએ 'હું કંઈ જાણતો નથી...' કહેતા ફોન કરનારે ગાળો બોલી ફોન કાપી નાખ્યો હતો. થોડીવારમાં બે યુવાનો મહેન્દ્રભાઈના ઘરે આવ્યા હતા અને પોતાની ઓળખ ઋષિ પટેલ અને વિશાલ દેસાઈ હોવા સાથે તેમને જ ફોન કર્યો હોવાનું જણાવ્યું હતું. ઉઘરાણી બાબતે મહેન્દ્રભાઈએ પુત્રને ફોન કરીને પૂછતા સ્મિતે કોઈ રૂપિયા લીધા ન હોવાનું કહ્યું હતું. તેને નહીં પરંતુ તેના મિત્ર અજય સાથે ઋષિએ વ્યવહાર કર્યો હોવાનું સામે આવ્યું હતું. જો તમે રૂપિયા નહીં આપો તો ઓસ્ટ્રેલિયામાં તમારા પુત્રના હાથપગ તોડાવી નાખીશ તેવી ધમકી આપીને ઋષિ જતો રહ્યો હતો. ગત ૨૪ સપ્ટેમ્બરે પુત્ર સ્મિતનો વીડિયો કોલ આવ્યો હતો. તેમાં કેટલાક શખ્સો પાઈપ અને હોકીથી તેને માર મારી રહ્યા હતા.

## સુરતમાં યોગી મોડલ અમલમાં લાવવાની માગ

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરતમાં પણ ઉત્તર પ્રદેશમાં લાગુ કરવામાં આવેલા નિયમ જેવી માગ કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશની જેમ સુરતમાં પણ હોટલ પર માલિકનું નામ લખવાની માગ કરવામાં આવી છે. ભાજપના કોર્પોરેટર વિજય ચોમાલે હોટલ પર માલિકનું નામ લખવાની માગ કરી છે.નવરાત્રીમાં મોટાભાગના લોકો ગરબા રમીને ઘરે પરત ફરતી વખતે બહાર નાસ્તો કરતા હોય છે. તેમજ ઠંડા પીણાની મજા માણવાનું પસંદ કરતા હોય છે. પરંતુ કેટલીક વાર ખાણી – પીણીની લારી કે હોટલ, કેફેના નામ અલગ હોય છે અને તેના માલિકનું નામ અલગ હોવાની ઘટના બનતી હોય છે. જેના પગલે સુરતમાં પણ ઉત્તર પ્રદેશમાં લાગુ કરવામાં આવેલા નિયમ જેવી માગ કરવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨